ગુજરાતી ઇન્કમટૅક્ષ ઍકાઉન્ટસ.

(બીજી આવૃત્તિ)

ગુજરાતી ઈન્કમટૅક્ષ ઍકાઉન્ટસ.

રચનાર
ફરામરોઝ રૂ. મરચંટ, એફ. એસ. એ. એ. (લંડન).
ઈનકોરપોરેટેડ એકાઉન્ટન્ટ.

તે

મુંબઈના સેકન્ડ ઈન્કમટેક્ષ ઓફીસર તથા ધી સીડનહેમ કોલેજ ઓફ
કોમર્સ એન્ડ ઇકોનોમીકસના એકાઉન્ટન્સી
તથા ઓડીટીંગના લેકચરર.

છપાવી પ્રસિધ્ધ કરનારઃ
ખ. જ. ચાંદાના, ૭૨, ખેતવાડી બેક રોડ.

છાપનાર
મંચેરશા જાલભાઈ દાવર.
એલન પ્રીંટીગ પ્રેસ, ના૦ ૩૮, નાનાભાઈ લેન, કોટ, મુંબઈ.

૧૯૨૩.

સાંકળયું.

પ્રકરણ ૧ લું.

ઈન્કમટેક્ષનું ધોરણ તથા તેના નિયમો.

પ્રકરણ ૨ જું.

વેપાર, વણજ, રોજગાર, વગેરેની આવક તથા નફો.

પ્રકરણ ૩ જું.

શેર, ડીબેન્ચર, સીકયુરીટી વગેરેનું વ્યાજ.

પ્રકરણ ૪ થું.

ઘરોની, મીલકતોની આવક.

પ્રકરણ ૫ મું.

વકીલ, એકાઉન્ટન્ટ, ડાકટર વગેરે ધંધાદારીની આવક.

પ્રકરણ ૬ ઠું.

પરચુરણ બાબદો.

પ્રકરણ ૭ મું.

ઈન્કમટેક્ષ એકટ, ૧૯૨૨.

પ્રકરણ ૧ લું.

ઇન્કમટેક્ષનું ધોરણ તથા તેના નિયમો.

§ ૧. ઈન્કટેક્ષ ખાતાંના અમલદારો.

ઇન્કમટેક્ષનું ધોરણ અને નિયમો સમજવા માટે, ઈન્કમટેક્ષના અમલદારો પોતાના ખાતાંમાં શું શું ભાગ ભજવે છે તથા તેઓની શી ફરજો છે તે જાણવું લાભકારક છે.

(૧) આ આકટનાં કારણો સારૂ, આવક ઉપરના કર માટે હેઠળના વર્ગના અધિકારીઓ રહેશે, એટલે કે :—

(અ) બોર્ડ ઓફ ઈન્લેંડ રેવેન્યું,

(બ) ઈન્કમટેકસ કમિશનરો,

(ક) ઈન્કમટેકસ આસિસ્ટન્ટ કમિશનરો,

(ડ) ઈન્કમટેકસ ઓફિસરો,

(૨) બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુ, ગવર્નર જનરલ ઈન કાઉન્સિલે નિમેલા એક અથવા વધારે શખસની બનશે એમ સમજવું.

(૩) દરેક પ્રાન્ત માટે એક ઈન્કમટેકસ કમિશનર રહેશે, અને તેને નિમણુંક, તે અર્થે સ્થાનિક સરકાર જે કાંઈપણ ભલામણ કરે તેનો વિચાર કર્યા પછી, ગવર્નર ઇન કાઇન્સિલ તરફથી કરવામાં આવશે.

(૪) ઈન્કમટેકસ આસિસ્ટન્ટ કમિશનર્સ તથા ઈન્કમટેકસ ઓફિસરોની નિમણુંક, ગવર્નર જનરલ ઈન કાઉન્સિલના નિબંધને પાત્ર, ઇન્કમટેકસ કમિશનરે લેખીત હુકમથી કરવી. તેમણે ઈન્કમટેકસ કમિશનર ફરમાવે તેવા વર્ગના શખસોની તથા તેવા વર્ગની આવકની તથા તેવા પ્રદેશની બાબતમાં, પોતાની ફરજો અદા કરવી. કમિશનર, સામાન્ય

અથવા વિશેષ લેખી હુકમ કાઢીને, એવું ફરમાવવાને મુખત્યાર છે કે કોઈ નિર્દિષ્ટ કરેલી બાબતમાં અથવા નિર્દિષ્ટ કરેલી બાબતોના વર્ગમાં, આ આકટના અથવા તેની રૂએ, ઈન્કમટેક્સ ઑફિસર તથા આસિસ્ટન્ટ કમિશનરને મળેલા અધિકાર, અનુક્રમે, આસિસ્ટન્ટ કમિશનરે તથા કમીશનરે ચલાવવા અને એવો હુકમ લાગુ પડતો હોય તેવી કોઈ બાબતના કારણુ સારૂ, આ આકટ અથવા તેની રૂએ કરેલી કોઈ કાનુનો મુજબના ઈન્કમટેક્સ ઑફિસર અથવા આસિસ્ટન્ટ કમિશનરને લગતા ઉલ્લેખ, અનુક્રમે, આસિસ્ટન્ટ કમિશનરને તથા કમિશનરને લગતા ઉલ્લેખ સમજવા.

(૫) બોર્ડ ઑફ ઈન્લેંડ રેવેન્યુ, ઇંડિયા ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વર્ગના લોકોના સંબંધમાં અથવા તેવા વર્ગની આવકના સંબંધમાં તથા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા પ્રદેશ માટે, એવી ફરજો બજાવવા ઇન્કમટેક્સ કમિશ્નરો, ઈન્કમટેક્સ આસિસ્ટન્ટ કમિશ્નરો તથા ઇન્કમટેક્સ ઑફિસરો નિમવાને મુખત્યાર છે, અને તે ઉપરથી પેટા-કલમો (૩) તથા (૪) ની રૂએ નિમાયલા અધિકારીઓએ નિર્દિષ્ટ કરેલા પ્રદેશમાં, નિર્દિષ્ટ કરેલાં વર્ગના લોકોના સંબંધમાં અથવા નિર્દિષ્ટ કરેલા વર્ગની આવકના સંબંધમાં એવી નિર્દિષ્ટ કરેલી ફરજો બજાવવાનું બંધ થશે.

(૬) પેટા-કલમ (૪) ની રૂએ નિમાયલા ઇન્કમટેક્સ આસિસ્ટન્ટ કમિશનરો તથા ઈન્કમટેક્સ ઑફિસરો, આ આકટનાં કારણો સારૂ, જે પ્રાન્તમાં તેઓ પોતાની ફરજ બજાવતા હોય તે પ્રાંત માટે, પેટા-કલમ (૩) ની રૂએ નિમાયલા ઈન્કમટેક્સ કમિશનરના તાબામાં રહેશે.

ઉપલા અધીકારીઓ ઉપરાંત બીજા પણ નાના અમલદારો ઑફીસરોને મદદ કરવા માટે રહે છે. જેમાં પણ બે ભાગ છે. એકતો "એકઝામીનર ઑફ એકાઉન્ટસ" એટલે હીસાબ તથા ચોપડાઓ તપાસનાર અને બીજા "ઈન્સપેકટરો." હીસાબ તપાસનાર ચોપડાઓ, પત્રકો વગેરે તપાસીને કરને પાત્ર આવક કેટલી હોવી જોઇએ તે નક્કી કરે છે. જ્યારે ઈન્સપેકટરોનું કામ ઘણા ખરા બહાર ફરતા રહેવાનુ હોય છે. તેઓ નાના નાના વેપારીઓથી તેઓની આવકના સાધનોની વીગતો લઇને તેઓની કરને પાત્રની આવક નક્કી કરે છે. તેઓ બધે

બધ કરીને ઓફીસરને નવા નવા વેપારીઓ તથા ધંધાદારીઓની સર્વ વીગતો પુરી પાડે છે.

§ ૨. ઈન્કમટેક્ષની શરૂઆત.

એ કર હિન્દુસ્તાનમાં પહેલ વહેલો ઈ. સને ૧૮૮૬ માં નાખવામા આવ્યો હતો. જો કે વેલાતમાં તો એવો કર ઘણા વરસ અગાઉથી ચાલુ હતો. ૧૮૮૬ પછી ઈન્કમટેક્ષના કાયદાઓમાં ઘણો સુધારો વધારો થયા કીધો હતો. જેમ કરતાં કરતાં ૧૯૨૨ ના ઈન્કમટેક્ષ એકટમાં એ સર્વે સુધારા વધારા સમાવી દેવામાં આવ્યા છે. ૧૯૨૨ નો કાયદો ૧ લી એપ્રીલ ૧૯૨૨ થી અમલમા મુકવામાં આવ્યો હતો.

§ ૩. ઈન્કમટેક્ષ શું છે અને શાને લાગુ પડે છે?

"ઇન્કમટેક્ષ" સરકાર તરફથી નફા તથા આવક ઉપર નાખવામાં આવતો એક જાતનો કર છે, કારણ કે સરકાર વેપાર, વણજ, માલ મીલકત વિગેરેનું (કે જે નફા તથા આવકનાં સાધનો છે) રક્ષન કરે છે. એ કર બ્રિટિશ હિંદુસ્તાન તથા સોંથલ પરગણાને લાગુ પડે છે, તેમજ દેશી રાજ્યોમાં રહેતી બ્રિટિશ પ્રજા જો સરકારની નોકરીમાં હોય તો તેઓને પણ એ કર ભરવો પડે છે.

§ ૪. ઈન્કમટેક્ષ કેમ અને કોણે ભરવો?

એ કર હમેસાં છેલ્લાં પુરાં થયલાં આખાં વરસની આવક તથા નફા ઉપર ચઢ ઉતરના દરે (ચોપડીની આખેરીએ બતાવેલા કોઠા મુજબ) ગણવામાં આવે છે.

પણ લીમીટેડ કુંપનીઓ તથા રેજીસ્ટર્ડ ભાગીદારીઓને તો ગમે એટલી આવક પર એ કોઠામાં બતાવેલા વધતામાં વધતાં દર મુજબ નો કર (એટલે દર એક રૂપીએ ૧૮ પાઈ) આપવો પડે છે.

§ ૫. કઈ કઈ આવક તથા નફા ઉપર ઈન્કમટેક્ષ આપવો?

નીચે જણાવેલાં સાધનો સીવાય બીજા કોઈ પણ સાધનથી ઉપજતી આવક તથા નફા ઉપર ટેક્ષ લાગુ પડે છે, જે નફો તથા આવક બ્રિટિશ હિન્દુસ્તાનમાં ઉપજ્યો અથવા મલ્યો હોવો જોઇએ. નીચલી આવક કરને પાત્ર નથી:—

(ક) ટ્રસ્ટમાં રહેલી મીલકતની આવક, જે ધાર્મિક અથવા પરોપકારી કામમાં વપડાતી હોય.

(ખ) ધાર્મિક તથા પરોપકારી ખાતાંઓની આવક જે તેવાંજ કામોમાં વાપડવામાં આવે.

(ગ) સ્થાનીક અધીકારીઓ (લોકલ ઓથોરીટીઝ) ની આવક.

(ઘ) ઈન્ડસ્ટ્રીયલ અને પ્રોવીડન્ટ વીમા કંમ્પનીઓનાં પ્રોવીડંટ ફંડની સીકયુરીટીઓનું વ્યાજ.

(ઙ)મરણ. ઈજા અથવા નુકસાનીનો બદલો, દાખલા તરીકે જીન્દગીના વીમાની પોલીસીની રકમ.

(ચ) વારસાઓ.

(છ) અસાધારણ (ધંધા વેપારને લગતું ન હોય તે) તથા કોઈજ વેળા ઉપજતી આવક અથવા નફો, દાખલા તરીકે મીલ્કત વેચવામાં થએલો નફો.

§ ૬. કરને પાત્ર આવકના વિભાગો તથા સાધનો.

(ક) પગાર, રોજ, વર્ષાન, પેનશન, બક્ષીસ, ફી, કમીશન, હકસાઈ, ભથ્થું વગેરે.

(ખ) શેર વગેરેનાં ડિવિડન્ડો તથા સીકયુરીટીઓનું વ્યાજ.

(ગ) ઘરોની મીલકતોની આવક.

(ઘ) વેપાર વણજ વગેરેની આવક.

(ઙ) ધંધાથી ઉપજતી આવક.

(ચ) ઉપર દર્શાવી નહી હોય તેવી સઘળી આવક, જેમ કે :—

(૧) મોર્ગેજ, લોન, ડીબેન્ચર, ડીપોઝિટ વગેરે પર ધીરેલાં નાણાંની આવક અથવા વ્યાજ.

(૨) ડાયરેકટર ફી, સરવે ફી, વગેરે.

(૩) જમીનનું ભાડું.

(૪) બીજી કોઈ પણ લેવડ દેવડથી થતો નફો અથવા ઉપર જણાવેલી ન હોય એવી કોઈ પણ આવક તથા નફો.

§ ૭. કર ભરનારાઓની ફરજ તથા તેમને મલતા હક.

કર ભરનારાઓની ફરજ છે કે તેઓ સરકારને પોતાની સઘળી આવક ઉપર લાગુ પડતો વાજબી કર આપે, કારણ કે સરકાર તેઓની માલ મીલકત, વેપાર વણજ વગેરેનું રક્ષણ કરે છે અને તેટલા માટે તેઓએ સારી રીતે પોતાનાં નામાં તથા ચોપડા રાખવા જોઇએ, જેમ કીધાથી તેઓ પાસથી વધુ કર ન લેવામાં આવે. કર ભરનારે બનતાં સુધી પોતાના ચોપડા ૩૧ મી મારચે બંધ કરવા અને તે કોઈ હુશીયાર એકાઉન્ટન્ટ (હિસાબ તપાસનાર) પાસે તપાસાવવા.

ઉપર મુજબ હિસાબ તથા ચોપડાઓ તપાસાવવાથી કર ભરનારની ખાતરી થાય છે, કે તેને કાયદા પ્રમાણે મળતા સઘળા હકોનો લાભ મળે છે અને તેની પાસથી વધુ કર લેવામાં આવતો નથી. તે હકો નીચે મુજબ હોય છે :

(૧) જો કુલ્લે આવક તથા નફો મલીને વરસ દહાડે રૂ. ૨૦૦૦) થી ઓછી હોય તો બીલકુલ કર ભરવો નહી.

(૨) જો કર ભરવાની આંકણી અથવા માંગણી ખોટી અથવા અઘટિટ હોય તો તે સામે અપીલ કરવી.

(૩) જો કર ભરનારને એક અથવા વધુ ધંધામાં ખોટ આવી હોય તો તે ખોટ તેણુ બીજા ધંધાના નફામાંથી બાદ કરીને પછી કર ભરવો.

(૪) કરને પાત્ર આવકમાંથી ઘર ખરચની કોઇ પણ રકમ બાદ કરવા દેવામાં આવતી નથી, પણ જો જીંદગીનો વીમો ઉત્રાવ્યો હોય તો તેનું પ્રીમીયમ (કુલે આવકના છઠ્ઠા ભાગ સુધી) બાદ આપવામાં આવશે.

(૫) શેર, સીક્યુરીટી વગેરેનું વ્યાજ પહેલેથીજ ઈન્કમટેક્ષ દર રૂપીએ દોઢ આનાને હિસાબે બાદ કરીને આપવામાં આવે છે. પણ જો કર ભરનારની કુલ આવક વરસ દહાડે રૂ. ૪૦,૦૦૦) ની અંદર હોય તો તે મજકુર ઈન્કમટેક્ષનો થોડો ભાગ (ચોપડીની આખેરીએ જણાવેલ કોઠા મુજબ) પાછો મજરે લઈ શકાય.

પ્રકરણ ૨ જું.

વેપાર, વણજ, રોજગાર, વગેરેની આવક તથા નફો.

§ ૧. નફામાંથી કઈ કઈ રકમ ખરચ, નુકસાન તથા ખોટ પેટે બાદ થઈ શકે?

(ક) ખરચની રકમો:—

(૧) મકાનના સમારકામપર કીધેલો ખર્ચ, કે જે ઘરવાલો ભાડાંમાંથી વસુલ ન કરવા દે.

(૨) વેપાર કરવા માટે રાખેલાં મકાન અથવા જગ્યાનું ભાડું, જો થોડું મકાન ઘરના વપડાસ માટે પણ લેવાતું હોય તો સગળાં ભાડાંનો થોડો ભાગ ઓફીસરની સમજ શક્તિ પ્રમાણે બાદ આપવામાં આવશે.

(૩) વેપાર માટે ઉછીકા લીધેલાં નાણાં પર આપેલું વ્યાજ.

(૪) સાંચા કામ વીગેરે પર થતાં સમારકામનો ખરચ.

(૫) વેપારને માટે વપડાતાં સાંચા કામ અને મકાનનાં ઉતરાવેલા વીમાનું પ્રીમ્યમ.

(૬) મકાન તથા જમીન ઉપર અપાતો મ્યુનીસીપાલીટીનો કર તથા મહેસુલ ખરચ વીગેરે, કે જે ઘરવાલો ભાડામાંથી વસુલ ન કરવા દે.

(૭) વેપારની આવક તથા નફો મેળવવા માટે તથા વેપાર ચલાવવા માટે હંમેશનાં ક્રમમાં ખરચાયલી રકમ.

(ખ) નુકસાન તથા ખોટની રકમો:—

(૧) લેહણું વસુલ ન મલવાથી અથવા લાસડયું થવાથી ખમવી પડેલી ખોટ. એવું લેહેણું અથવા કરજ નફા નુકસાન ખાતે હવાલો નાખી લખી ન વાળ્યું હોય તો તે બાદ આપી શકાય નહી.

(૨) વેપાર ધંધાને માટે વપડાતાં મકાન તથા સાંચા કામની ઘસાઇને લીધે સરકાર નક્કી કરે એવા સેંકડે ચોક્કસ ટકા પ્રમાણે થતી ખોટ. ઓફીસર ઘણું ખરૂં સાંચા કામની અસલ ખરીદ કીમત ઉપર સેંકડે ૫ ટકા, મકાન પર સેંકડે ૨॥ ટકા તથા ફરનીચર સામાન ઉપર સેંકડે ૫ ટકા નીચલી સરતે બાદ કરવા દે છે;--

(ક) ઘસાઈની રકમ નફા તુકસાન ખાતે હવાલો નાખી લખી વાળી હોવી જોઇએ.

(ખ) ઉપર મુજબ બાદ કરી શકાય (એટલે ૫ તથા ૨॥ ટકા) તેવી ઘસાઈની રકમ જો ઈન્કમટેક્ષ માટે એકજ વર્ષમાં બધી બાદ ન થઈ શકે તો બાકીની રકમ ત્યાર પછીના વર્ષોના નફામાંથી બાદ કરી શકાય.

ઉદાહરણ:—એક સાંચો ૧ લી જાનેવારી ૧૯૧૨ ના દીવસે રૂ. ૮૦૦૦ માં ખરીદવામાં આવ્યો હતો. તેની ઘસાઈની રકમો બાદ કરવા પહેલાં નફાની રકમો ૧૯૧૨ માં રૂ. ૫૦૦, ૧૯૧૩ માં રૂ. ૩૦૦, ૧૯૧૪ માં રૂ. ૨૦૦, ૧૯૧૫ માં રૂ. ૯૦૦, ૧૯૧૬ માં ૧૦૦ તથા ૧૯૧૭ માં ૮૦૦ હતી. ઓફીસરે સાંચાની ખરીદ કીમતપર ૫ ટકાને હીસાબે થતી ઘસાઈની રકમ બાદ કરવા ઠરાવ્યું હતું. ઉપલી શરત મુજબ ઈન્કમટેક્ષ ૧૯૧૮-૧૯ ની આંકણી માટે ૧૯૧૭ નાં નફામાંથી બાદ કરી શકાય એવી ઉપલા સાંચાની ઘસાઈ પેટેની રકમ કેટલી હોવી જોઇએ?

ખુલાસો.

તારીખ.	નફો.	બાદ થઈ શકે એવી ઘસાઈની રકમ.	ભવીષ્યનાં નફામાંથી બાદ કરવાની ઘસાઈની રકમ.	ટેક્ષ નાખવા માટેનો નફો.
૩૧-૧૨-૧૯૧૨	રૂ. ૫૦૦	રૂ. ૪૦૦	રૂ. —	રૂ. ૧૦૦
૩૧-૧૨-૧૯૧૩	,, ૩૦૦	,, ૩૦૦	,, ૧૦૦	,, —
૩૧-૧૨-૧૯૧૪	,, ૨૦૦	,, ૨૦૦	,, ૩૦૦	,, —
૩૧-૧૨-૧૯૧૫	,, ૯૦૦	,, ૭૦૦	,, —	,, ૨૦૦
૩૧-૧૨-૧૯૧૬	,, ૧૦૦	,, ૧૦૦	,, ૩૦૦	,, —
૩૧-૧૨-૧૯૧૭	,, ૮૦૦	,, ૭૦૦	,, —	,, ૧૦૦

૧૯૧૭ ના નફા રૂ. ૮૦૦ માંથી બાદ કરી શકાય એવી ઘસાઈની રકમ ઉપર મુજબ રૂ. ૭૦૦ આવે છે.

(ગ) કોઈ પણ મકાન અથવા સાંચાકામપર નફામાંથી બાદ આપવામાં આવેલી ઘસાઈની સઘળી રકમોનો કુલ જુમલો તે સાંચાકામ અથવા મકાનની અસલ ખરીદ કીંમત કરતાં વધુ ન થવો જોઇએ.

ઉદાહરણ:—એક ગેસ ઇન્જીન, જે ૧ લી જાનેવારી ૧૮૯૮ ને દીવસે રૂ. ૨૫,૦૦૦ માં ખરીદયું હતું, તે આસરે ૨૪ વર્ષ ચાલશે એમ આશા રાખવામા આવતી હતી. ઓરીસરે તેની ઉપર સેંકડે ૫ ટકા ઘસાઈ નફામાંથી બાદ કરવાની રજા આપી હતી. ૩૧ મી ડીસેમબર ૧૮૯૮ ના દીવસે અને ત્યાર પછી હર સાલની આખેરીએ રૂ. ૧૨૫૦ દર વર્ષે નફામાંથી ઘસાઈ પેટે બાદ કરવામાં આવ્યા હતા. એમ કરતા જ્યારે ૩૧ મી ડીસેમબર ૧૯૧૭ ના દીવસે રૂ. ૧૨૫૦ નફામાં બાદ કીધા, ત્યારે ૧૮૯૮ થી ૧૯૧૭ સુધીમાં બાદ કીધેલી ઘસાઈની એવી સઘળી રકમોને કુલ જુમલો રૂ. ૨૫,૦૦૦ થયો હતો. હવે જો કે તે ઇંજીન ૧૯૧૮ માં અને ત્યાર પછી બે ત્રણ વર્ષ વધુ વપડાસે, છતાં ૩૧ મી ડીસેમબર ૧૯૧૮ નાં દીવસે, અથવા ત્યાર પછી પણ, એજ ઈંજીન ઉપર ઘસાઈની કાંઇ પણ વધુ રકમ ઇન્કમટેક્ષ માટેના નફામાંથી બાદ કરવામાં આવશે નહી.

(૩) સાંચા કામ રૂઢી ભ્રષ્ટ અથવા નીરૂપ્યોગી થવાથી ખમવી પડતી ખોટ.

ઉદાહરણ:—૧૯૧૦ માં રૂ. ૧૦,૦૦૦ ની કીંમતનો ખરીદેલો એક સોડા વોટર બનાવવાનો સાંચો ૧૯૧૭ માં રૂઢી ભ્રષ્ટ થઈ ગયો, કારણ કે તેજ વખતે એક બીજો એવાજ ઉપ્યોગનો સાંચો જે પહેલાં કરતાં દોઢું કામ તેટલાજ વખતમાં કરી શકે, તે રૂ. ૧૨,૦૦૦ માં ખરીદી શકાતો હતો. ૧૯૧૮ ની શરૂઆતમાં નવો સાંચો ખરીદવાથી જુનો રૂ. ૨૦૦૦ માં વેચી નાખવામાં આવ્યો, અને તે વેચતાં રૂ ૨૫ નું કમીશન આપવુ પડયું. ૧૯૧૦ થી ૧૯૧૭ સુધીમાં બાદ કીધેલી ઘસાઇની સઘળી રકમોનો કુલ જુમલો રૂ. ૪,૦૦૦ થતો હતો. જુનો સાંચો રૂઢી ભ્રષ્ટ થવાથી અને તે કારણ સર વેચી નાખવાથી શું ખોટ ખમવી પડી?

જુના સાંચા ખાતું.

જમે પાસું	ઉધાર પાસું
૧૯૧૭ નોધ પાને ૨૮ ઘસાઇને હવાલો (કુલે) ...રૂ. ૪,૦૦૦	૧૯૧૦ રોકડ પાને ૪ ખરીદ કીંમત. રૂ.૧૦,૦૦૦
૧૯૧૮ રોકડ પાને ૨૫ વેચાણુથી ઉપ-જેલી રકમ...રૂ. ૨,૦૦૦	૧૯૧૮ રોકડ પાને ૨૫ કમીશનના...રૂ. ૨૫
,, નોધ પાને ૩૭ ખોટનો હવાલો નફા નુકસાન ખાતે ...રૂ. ૪,૦૨૫	
રૂ. ૧૦,૦૨૫	રૂ. ૧૦,૦૨૫

ઉપલો જુનો સાંચો રૂઢી ભ્રષ્ટ થવાથી અને તે કારણુ સર સસ્તામાં વેચી નાખવાથી રૂ. ૪,૦૨૫ ની ખોટ ખમવી પડી હતી, જે નફામાંથી બાદ આપી શકાશે.

(૪) જો કર ભરનાર એકથી વધુ વેપાર ધંધો કરતો હોય અને જો કોઈ એક અથવા વધુ ધંધામાં ખોટ આવે, તો તે બીજા યા વધુ ધંધાના નફામાંથી બાદ થઈ શકે.

નોટ:—ઉપલા ખરચો તથા નુકસાની હિસાબ તૈયાર કરવાની મુદતને લગતા હશે તેજ બાદ આપવામાં આવશે કારણુ અગાઉથી ભરેલા ખરચો બાદ આપવામાં આવતા નથી.

§ ૨. અચોક્કસ અથવા ધંધાને લગતાં હંમેશના ક્રમમાં મેળવેલી ન હોય એવી આવક, નફો, ખોટ અથવા નુકસાન.

કરને પાત્ર આવકમાં ઉપલા નફા અથવા આવકનો સમાવેશ થતો નથી. જેમ કે કોઈ પણુ જાતની મિલકત અથવા માલમતાના વેચાણુથી

થતો નફો વીગેરે. પણ જો ઓફીસરને એવો નફો અથવા આવક ઘડી ઘડી ઉપજતી જણાય તો તે ઉપર કર લેવામાં આવશે, કારણ કે તે તો એક જાતનો પછી ધંધોજ કેહવાય.

તેજ પ્રમાણે જો ઉપર મુજબની કાંઈ ખોટ અથવા નુકસાન ખમવું પડે તો તે કરને પાત્ર આવકમાંથી બાદ નહી થઈ શકે. જેમ કે કોઈ પણ માલમતા વેચતાં થતું નુકસાન વીગેરે. પણ જો અચોકકસ આવક પર કર લેવામાં આવે, તો રીતસર અચોકકસ નુકસાન આવકમાંથી બાદ આપવું જોઇએ.

જો એક હમેશનો સટોળીયો શેર સટામાં કાંઈ નફો કરે અથવા નુકસાન ખમે, તો એવું નુકસાન અથવા ખોટ એવા નફામાંથી બાદ આપીને બાકીનાજ નફા ઉપર કર લેવાય. પણ તે ધણી એવું નુકસાન અથવા ખોટ, કોઇ બીજી જાતના ધંધા અથવા વેપારને લગતા નફામાંથી, ઓફીસરની રજા વીના, બાદ ન કરી શકે.

પણ જો એક વેપારી અથવા ધંધાદારી પોતાના ધંધાને લગતા કોઈ શેર વીગેરે વેચવાથી નુકસાન ખમે તો તે નુકસાન નફામાંથી બાદ નહી થાએ. તેમજ જો કાંઈ એજ પ્રમાણે નફો કરે તો તે નફાપર પણ ટેક્ષ ન લેવાય, એટલે તે નફો કરને પાત્ર આવકમાં નહીં નાખી શકાય. પણ જો ઓફીસરને એમ માલમ પડે કે તે ધંધાદારી અથવા વેપારી ચાલુ શેર વીગેરે વેચે અથવા ખરીદે છે, તો તેના એવા નફા પર કર લેવામાં આવશે. પણ એવું નુકસાન ઓફીસરની રજા વીના નફામાંથી બાદ ન થાય.

§ ૩. ખરચ, ખોટ તથા નુકસાનની કઈ કઈ રકમ નફામાંથી બાદ ન થઈ શકે?

ધંધાને લગતા હમેશના ક્રમમાં થયેલાં ન હોય એવા ખરચ, ખોટ તથા નુકસાનની નીચલી રકમો નફામાંથી બાદ ન કરી શકાય:—

(૧) માલમતાની કીમતમાં વધારો કરે એવી જાતનું તે ઉપરનું સમારકામ તથા ખરચ.

(૨) ધર્માદા તથા બક્ષીસ વીગેરેને માટે ખર્ચેલી રકમ.

૧૧૪૭૨

(૩) માલેક અથવા ભાગીદારોને પગાર પેટે અપાતી, અથવા નફામાંથી ઉપાડવામાં આવતી, રકમ.

(૪) અંગત તથા ઘરખરચ માટે ખર્ચેલી તથા ઉપાડેલી રકમ.

(૫) અનિયમસરનાં કમિશન તરીકે આપેલી રકમ, જેમ કે લાંચ.

(૬) ગુડવિલ (પાઘડી) મેળવવાના અથવા મુંડી ખરચના જેવા બીજા કોઈ પણ ખરચની રકમ.

(૭) ઈન્કમટેક્ષ અથવા સુપર ટેક્ષ તરીકે આપેલી રકમ. કારણ આવક મેલવવા સારૂ એ રકમ બીજા ખરચો પેઠે ખરચવી પડતી નથી, પણ નફો થવા પછીજ સરકારને હીસ્સા દાખલ આપવી પડે છે.

(૮) માલેક અથવા ભાગીઆઓની મુડી ઉપરનું વ્યાજ.

(૯) હવાલો નાખી લખી વાળ્યું નહી હોય એવું ન વસુલ થઈ શકે તેવું કરજ.

(૧૦) નફામાંથી બોનસ (બક્ષીસ) તરીકે અપાયલી, તેમજ રીઝર્વ ફંડ વીગેરેમાં હવાલો નાખેલી, કોઈ પણ રકમ.

(૧૧) આવક મેળવવા સારૂ ધંધાને લગતા હંમેશના ક્રમમાં ખરચાયલી ન હોય એવી રકમ તથા થએલી ન હોય એવી ખોટ.

(૧૨) પુરતો વીમો ન ઉતારવાથી ખમવી પડતી ખોટ.

(૧૩) માલમતા વેચવાથી ખમવી પડતી ખોટ.

(૧૪) સટો અથવા જુગાર રમવાથી થતું નુકસાન.

§ ૪. કર આકારવા માટે જોઇતા આવકના વાર્ષિક પત્રક.

(ક) લીમીટેડ કમ્પનીઓ:—

દરેક કમ્પનીનાં વડા અમલદારે દર વર્ષે ૧૫ મી જુનને દીવસે અથવા તે પહેલાં ઓફીસરને પોતાની કંપનીની સઘળી આવકનું વીગતવાર પત્રક ભરીને મોકળી આપવું જોઇએ. ઓફીસરના ધ્યાનમાં આવે તો ચોકકસ કારણ માટે ઉપલી મુદત લંબાવી શકાય.

(ખ) ભાગીદારી અથવા એકલા માલેક:—

કર ભરનારની કુલ આવક ઓફીસરનાં મત મુજબ રૂ. ૨,૦૦૦ ની અથવા વધુ હોય તો તે શખસ પર પોતાની સઘળી આવકનું વિગતવાર

પત્રક ભરી મોકળવાની નોટીસ આપવામાં આવશે. એ પત્રકો નોટીસની તારીખથી ૩૦ દીવસમાં ભરી મોકળવા જોઇશે.

જો ઉપર જણાવ્યા પ્રમાણે પત્રકો વખતસર મોકલવામાં ન આવે તો ઓફીસર પોતાને ઠીક ધ્યાનમાં આવે એટલો કર નાખશે. જયાર પછી અપીલ કરી શકાશે નહી.

(ગ) ઉદાહરણ:—

૧૦૩, ખંબાલા હીલ પર રહેતા ડો. એમ. નારાયણજીની આવકની નીચલી વીગતો પરથી એમનું કર આકરવા માટેનું પત્રક બનાવો. એમનું વર્ષ તા. ૩૧ માર્ચે પુરૂં થાય છે.

તેવણ એક્ષ. વાઈ. ડ્રગ મેન્યુફેક્ચરીંગ કું૦ માં સેક્રેટરીનો (રોજ થોડાક કલાક માટે) ઓધ્ધો ભોગવે છે, જેના તેમને માસિક રૂ. ૩૫૦ (રૂપીએ પાંચ પાઈ કર બાદ જતાં) નો પગાર મળે છે. તેમની પાસે દર રૂ. ૫૦૦ ના મુંબઈ બેંકના ૧૫ શેર છે, જેનું બ્યાજ વરસ દહાડે ૧૫ ટકા (ઈન્કમટેક્ષથી મોકળું) મળે છે, અને મરચંટ મેન્યુફેકચરીંગ કું૦ ના દર રૂ. ૧૦૦૦ નાં ૧૦ શેર છે, જેનું બ્યાજ ઈન્કમટેક્ષ કપાઇને ૬ ટકાને હીસાબે મળે છે. તેવણે રૂ. ૨૦,૦૦૦ ની ૫ ટકાની (ઈન્કમટેક્ષથી મોકળી) વોર લોન તથા રૂ. ૧૦,૦૦૦ ની ૩ાા ટકાની સરકારી લોન પણ ખરીદી છે.

પોતાની ફુરસદના વખતે તેવણ નં. ૩૫, ગ્રાંટરોડપરના પોતાના દવાખાનામાં પણ બેસે છે, જેની ખરચ બાદ જતાં વર્ષ દહાડે ચોખ્ખી આવક રૂ. ૮૧૭ ઉપજે છે. તેવણે પોતાના દોસ્ત બી. સોરાબજીને મિલકતના મારગેજપર ૭ાા ટકાને હિસાબે રૂ. ૫૦૦૦, તથા મોસલેમ મીલમાં ડીબેન્ચર્સપર ૬ ટકાને હિસાબે રૂ. ૪૦૦૦, ધીર્યા છે. ગોવાળ્યા ટેંક રોડપર એમનું એક ઘર પણ છે, જેની કમાઈ બાદ જતાં નકકી આવક રૂ. ૩,૨૧૮ ની થાય છે. એમની પાસે પેરીસમાંની એક હીરાની ખાણના (નામે પેરીસ્યન ડાયમંદ માઈનીંગ કું.) દર ૧૦ પાઉંડના ૫ શેર છે, જેનું વાર્ષિક બ્યાજ એમને ૮૦ શીલીંગસ મળે છે (જે એમની બેંકના ખાતાંમાં રૂ. ૫૬ ને હિસાબે જમે થયું છે.) નાં. ૩૮૧, હોર્નબી રોડવાલી મનુભાઈ અને બીલીમોરીઆની નોંધાયલી પેઢીમાં

એમનો બે તૃત્યાંસ ભાગ પણ છે. તે પેઢીનો ચોખ્ખો નફો રૂ. ૭૨૦૦ નો થયો છે અને જેની ઉપર પેઢી રૂપીએ ૧૮ પાઇને દરે ઇન્કમટેક્ષ આપે છે.

એમને બી. કંટ્રાકટર સાથે નાગપુરમાં એક ભેગો સાહસ ઉપાડી લીધો હતો, જેનો ચોખ્ખો નફો રૂ. ૯૦૦ થયો હતો. મહેતા કેમીકલ કંપનીમાં એવણ એક ડાઇરેકટર તરીકે ઘણુંકના જોડાયા છે અને દર મહીને ત્યાંની મીટીંગમાં હાજરી આપે છે, જેના મીટીંગ દીઠ રૂ. ૨૦ મળે છે. એમને ગયે વર્ષે એવી નવ મીટીંગોમાં હાજરી આપી હતી સીવરીપર એમની થોડી જમીન છે, જેનું ભાડું વર્ષ દહાડે રૂ. ૪૧ ઉપજે છે. એમની જીંદગીનો વીમો રીલાએબલ ઇનશ્યુરન્સ કુંપનીમાં ઉતરાવવામાં આવ્યો છે, જેનું વાર્ષિક પ્રીમ્યમ રૂ. ૭૯૫ આપવું પડે છે. એવન જે કંપનીમાં સેક્રેટરી છે ત્યાંના પ્રોવીડંટ ફંડમાં રૂ. ૪૫૦ નું વાર્ષિક લવાજમ પણ આપે છે.

ડા૦ એમ. નારાયણજીનું વાર્ષિક પત્રક કુલ આવક.

આવકના સાધનો.	આવકની રકમ.			જ્યાંથી આવક મલતી હોય ત્યાં કાપી લેવામાં આવેલી કરની રકમ.		
૩૧ મી માર્ચ ૧૯૨૩ ની તારીખે પુરાં થતાં વર્ષમાં હેઠળના સદરો નીચે થયેલી આવક —						
૧. પગાર, રોજ, વર્ષાસન, પેન્શન વીગેરે.						
ડ્રગ મેન્યુફેકચરીંગ કંપનીના સેક્રેટરી હોવા માટે પગાર ...	૪.૨૦૦	૦	૦	૧૦૯	૬	૦
૨. હિંદુસ્તાનમાં નોંધાયલી જોઇંટ સ્ટોક કંપનીનાં ડિવિડન્ડો.						
(ક) ઇન્કમટેક્ષથી મોકળાં.						
મુંબઈ બેંકનાં શેર	૧,૧૨૫	૦	૦	—		

આવકના સાધનો.	આવકની રકમ.			જ્યાંથી આવક મળતી હોય ત્યાં કાપી લેવામાં આવેલી કરની રકમ		
(ખ) ઈન્કમટેક્ષ કાપીને.						
મરચંટ મેન્યુફેક્ચરીંગ કું૦ શેર ...	૬૦૦	૦	૦	૫૬	૪	૦
૩. સિક્યુરિટીઓનું વ્યાજ.						
૧. ૫ ટકાની વોર લોન (ઈન્કમટેક્ષથી મોકળી). ૧૦૦૦-૦-૦						
૨. ૩॥ ટકાની સરકારી લોન (ઈન્કમટેક્ષ કાપીને) ... ૩૫૦-૦-૦						
	૧,૩૫૦	૦	૦	૩૨	૧૩	૦
૪. ધંધો.						
ડોકટરનાં ધંધાથી ઉપજતી આવક.	૮૧૭	૦	૦	--		
૫. ગીરો, કરજના નાણાં, બેંકના બાંધી મુદ્દતના તથા ચાલુ ખાતાં, ડીબેન્ચરો વીગેરેનું વ્યાજ.						
૭॥ ટકે ગીરોપર ધીરેલાં નાણા ૩૭૫-૦-૦						
૬ ટકાના ડીબેંચર ..૨૪૦-૦-૦						
	૬૧૫	૦	૦	૨૨	૮	૦
૬. ઘરોની મિળકતથી ઉપજતી આવક.						
વાર્ષિક ભાડામાંથી કપાઈ બાદ જતાં નક્કી આવક (નમુનામાં બતાવેલી વીગત પ્રમાણે)	૩,૨૧૮	૦	૦	—		
૭. બ્રિટિશ હિંદુસ્તાનની બહાર થતી આવક જે હિંદુસ્તાનમાં મળતી હોય તે.						
પેરીસ્યન ડાયમંડ માઈનીંગ કંપનીના શેર...	૫૬	૦	૦	—		

આવકના સાધનો.	આવકની રકમ.	જ્યાંથી આવક મળતી હોય ત્યાં કાપી લેવામાં આવેલી કરની રકમ.
૮. વેપાર, રોજગાર વીગેરે તથા મિળકતનું, શેરોનું, અથવા સિક્યુરીટીઓનું વેચાણ અથવા લેવડ દેવડ.		
મનુભાઇ અને બીલીમોરીઆની પેઢીમાંની આવક	૪,૮૦૦ ૦ ૦	૪૫૦ ૦ ૦
૯. આ પત્રકમાં બીજી કોઈ જગ્યાએ બતાવ્યો નહીં હોય એવો કોઈ પણ રીતની લેવડ દેવડથી થતો નફો.		
નાગપુરનો ભેગો સાહસ	૯૦૦ ૦ ૦	—
૧૦. ઉપર દર્શાવી નહીં હોય એવી સઘળી આવક.		
ડાયરેકટરની ફી	૧૮૦ ૦ ૦	—
૧૧. જમીનનું ભાડું.		
સીવરીની જમીનનું ભાડું ...	૪૧ ૦ ૦	—
એકંદર કુલ રૂ. ...	૧૭,૯૦૨ ૦ ૦	૬૭૦ ૧૫ ૦
૧૨. સદરહુ વર્ષ દરમ્યાન જીંદગીના વીમાના ભરેલાં કુલ પ્રીમ્યમો	૭૯૫ ૦ ૦	—
પ્રોવીડંટ ફંડના લવાજમ ...	૪૫૦ ૦ ૦	૧,૨૪૫ ૦ ૦

રહેવાની મુખ્ય જગ્યા	૧૦૩, ખંબાલા હીલ.
ધંધા રોજગારનું મુખ્ય મથક	૩૮૧, હોર્નબી રોડ.
રહેવાની અથવા ધંધા રોજગારની બીજી જગ્યા અથવા જગ્યાઓ.	૩૫, ગ્રાંટરોડ.
જે નામે અથવા નામોએ તમારો ધંધો રોજગાર ચાલતો હોય તે નામ અથવા નામો	૧. મનુભાઈ અને બીલીમોરીઆ. ૨. ડા. એમ, નારાયણજી.
ભાગીદાર અથવા ભાગીદારોનાં નામ તથા સરનામાં	જમશેદજી પેસ્તનજી બીલીમોરીઆ ૩૫૧, ગોવળીયા ટેંક રોડ.
કોઈના મુખત્યાર, ત્રસ્ટી અથવા એકઝીક્યુટર હોય તો તેમનું નામ તથા સરનામું.	કાંઇ નહીં.

[illegible]

નોકરીએ રાખનારનું નામ.	એક્ષ. વાઇ. ડગ મેન્યુફેકચરીંગ કું.
નોકરીએ રાખનારનું સરનામું.	૬૫૭, પરેલ રોડ,
માસીક પગાર.	રૂ. ૩૫૦.

હું, મનુભાઇ નારાયણજી, એકરાર કરૂં છું કે આ પત્રકમાં આપેલી માહીતી ખરી છે, તેમાં જણાવેલી દરેક સાધનોથી થયેલી આવક ખરેખરી રીતે ગણેલી છે, તેમાં જણાવેલી મુદતની તે ખરેખરી આવક છે, અને મને એ ઉપરાંત આવકનું બીજું કાંઈપણ સાધન નથી. આમાં લખેલી આવક તારીખ ૩૧ મી માર્ચ ૧૯૨૩ ને દીને પુરાં થતાં વરસમાં થયેલી છે.

(સહી) **મનુભાઈ નારાયણજી.**

તા૦ ૧ લી જુન ૧૯૨૩.

§ ૫. નાખવામાં આવતો કર.

ઉપલા પત્રકો ખરાં હોવાની ખાતરી કીધા બાદ ઓફીસર તે મુજબ કર ભરનારાઓપર, તેઓની આવકના પ્રમાણમાં ચઢઉતરના દરે (જે ચોપડીની આખેરીએ દર્શાવેલા છે) તેઓપર લાગુ પડતો કર નક્કી કરે છે.

§ ૬. ચોપડા, હિસાબ, પત્રક, ઓચરીયાં, સાક્ષી વગેરેની તપાસ.

ઉપલાં પત્રકો ખોટાં અથવા અધુરાં છે, એમ માનવાને ઓફીસરને કારણ હોય, તો તેવણ કોઈપણ શખસને (જેને પત્રક બનાવ્યાં હોય) પોતાની ઓફીસમાં આવીને ચોપડા, હિસાબ, ઓચરીયાં વગેરે બતાવવાની

અથવા મોકલવાની અથવા સાક્ષી આપવાની નોટીસ મોકલશે. નોટીસમાં ઠરાવેલા દીવસે હિસાબ, ચોપડા, ઓચરીઆં વગેરે તપાસવા, તથા સાક્ષીઓને સાંભળવા પછી ઓફીસર કર ભરનારનો ગયા વરસનો કરને પાત્ર નફો નક્કી કરશે, અને તેના પ્રમાણમાં કેટલો કર ભરવો તે પણ મુકરર કરશે.

કર ભરનાર ઠરાવેલા દીવસે હાજર ન થશે અથવા હિસાબ, ચોપડા વગેરે નહી મોકલશે, તો ઓફીસર પોતાની સમજ શકિત પ્રમાણે તે શખશ પરનો કર મુકરર કરી દેશે અને ત્યાર પછી અપીલ થઈ શકશે નહી.

§ ૭. ઈન્કમટેક્ષના દાવાની નોટીસ.

ઉપર મુજબ કર મુકરર કરવા પછી ઓફીસર કર ભરનાર પર ઉપર બતાવેલા ઇનિકમટેક્ષના દાવાની નોટીસ મોકલશે, અને તેમાં ટેક્ષ કેટલો, કયારે અને કયાં ભરવો તે પણ જણાવશે.

ઓફીસરથી ઉપર મુજબ કર મુકરર કરવામાં કોઈ ભુલ અથવા ગફલત થઇ હોય, અને તે ભણી કર ભરનારથી ઓફીસરનું ધ્યાન ખેંચવામાં આવ્યું હોય, તો ઉપલા દાવાની નોટીસથી ૧૨ મહીના સુધીમાં ઓફીસર તે ભુલ સુધારી શકે, અને કરમાં તે મુજબનો ફેરફાર કરી કર ભરનારને તેમાનો થોડો ભાગ પાછો આપી શકે.

§ ૮. ટેક્ષની આંકણી સામે વાંધો.

જો કોઇ શખ્સ કર ભરવા ના પાડે, અથવા તેને કરની રકમ અથવા દર સામે કાંઈ વાંધો હોય, તો તે એસીસ્ટંટ કમીશનરને ટેક્ષ ઓછો કરવા અથવા કાઢી નાખવાંની, દાવાની નોટીસથી ૩૦ દીવસમાં, અરજી કરી શકશે. તેમ ન કરતાં પાછલથી કરની રકમ દંડ સાથ વસુલ કરવામાં આવે છે.

અરજી સાંભળવાને ચોક્કસ દહાડો તથા જગ્યા નકકી કરવા પછી એસીસ્ટંટ કમીશનર ઠરાવેલી જગ્યાપર તથા ઠરાવેલા વખતે અરજદારની

હકીકત સાંભળશે, અને ત્યાર પછી તેવણુ પોતે ચુકાદો આપશે. જો એસીસ્ટંટ કમીશનરના હુકમથી પણ અરજદાર સંતોષ ન પામે તો તે કમીશનરને ૩૦ દીવસમાં બીજી અરજી કરી શકે. કમીશનર અરજી સાંભળીને જે હુકમ કરે તે સેવટનો સમજવો.

§ ૯. ઈન્કમટેક્ષની આંકણી, દર તથા રકમ માટે બનાવવા જોઈતા હિસાબો, પત્રકો વગેરે.

કોઈ કોઈ કર ભરનારથી ઈન્કમટેક્ષના કાયદાઓ સહેલાઇથી સમજી શકાતા નથી. તે માટે ઉપલા હિસાબો, પત્રકો વગેરે બનાવતી વખતે કોઈ હુષ્યાર ધંધાદારી એકાઉંનટન્ટની સલાહ લેવી ઠીક થઈ પડશે.

ઇન્કમટેક્ષનું (સરકારી) વરસ ૧ લી એપ્રીલે દર વરસે શરૂ થઈ ૩૧ મી માર્ચે પુરૂં થાય છે, માટે કર ભરનારે પોતાના ચોપડા દર વરસે ૩૧ મી માર્ચે બંધ કરવા એ સલાહકારક છે. જેમ કીધાથી ૩૧ મી માર્ચે પુરા થતા છેલ્લા બાર મહીનાના નફા ઉપર કર નાખી શકાય. એટલે ૧૯૨૩-૧૯૨૪ ના સરકારી વરશનો ટેક્ષ તા૦ ૩૧ મી માર્ચ ૧૯૨૩ ના દીવસે આખર થતાં વરસના નફા ઉપર નાખી શકાય.

જો કર ભરનાર પોતાના ચોપડા ૩૧ મી માર્ચ સીવાય કોઈપણુ બીજી તારીખે બંધ કરે, તો તેને ૩૧ મી માર્ચની પહેલાં પુરાં થયલાં એક વરસના નફા ઉપર ટેક્ષ આપવો પડે. દાખલા તરીકે તે પોતાના ચોપડા તા૦ ૩૦ મી જુન, ૩૦ મી સપટેમ્બર અથવા ૩૧ મી ડીસેમ્બરે બંધ કરે, તો તેને તા૦ ૩૦ મી જુન, ૩૦ મી સપટેમ્બર અથવા ૩૧ મી ડીસેમ્બરે પુરા થતા બાર મહીનાના નફાપર ટેક્ષ લાગુ પડે. તેમજ જો ચોપડા દીવાળીપર બંધ થતા હોય તો, ૧૯૨૩-૧૯૨૪ ની આંકણી માટે, સંવત ૧૯૭૮ ના આસો વદ અમાસે, અથવા શકે ૧૮૪૪ ના ફાગણુ વદ અમાસે, અથવા મારવાડી વરસની આખેરીએ, અથવા ૩૧ મી માર્ચ ૧૯૨૩ ને દીવસે પુરા થતા વરસની અંદર પુરી થતી હોય એવી બીજી કોઇ પણુ ૧૨ મહીનાની મુંદત પ્રમાણે, પુરા થતા વરસના નફા પર ટેક્ષ આપવો પડે.

§ ૧૦. એકલા માલેક તથા ભાગીદારીના હિસાબ.

ઈન્કમટેક્ષને પાત્ર આવક શોધવા માટે નફા નુકસાન ખાતું (વટાવ ખાતું) એ રીતે બનાવી શકાય છે;—

(૧) ધંધાને માટે નફા નુકસાન (વટાવ) ખાતું બનાવ્યું ન હોય ત્યારે, ફક્ત ખાતાંની બાકીઓ પરથી, નીચે મુજબ ઈન્કમટેક્ષને માટે નફા નુકસાન ખાતું બનાવી શકાય છે:—

(ક) જમા પાસું:—

(૧) ચોખ્ખું વેચાણ તથા વકરો.

(૨) વરસની આખેરીએ રહેલી માલ (સ્ટોક) બાલંસ.

(૩) ધંધાને લગતા હંમેશના ક્રમમાં મેળવેળી આવક અથવા નફો, જેમ કે માગણારાઓનું દેવું જલ્દી પટાવવાથી મલતી છુટ તથા વટાવ, બેંકનું વ્યાજ, ધંધાના મકાનમાં થોડી જગ્યા ભાડે આપવાથી મળતું પેટા ભાડું વગેરે.

નોટ:—કોઈ પણ જાતની અણધારી આવક; અથવા મુંડીના નફો; અથવા ઈન્કમટેક્ષ બાદ થઈને મલતી હોય તેવી આવક, જેમ કે શેરોનું તથા સિક્યુરીટીઓનું વ્યાજ વગેરે અતરે લેવાં નહી.

(ખ) ઉધાર પાસું.

(૧) વરસની શરૂઆતમાં રહેલી માલ (સ્ટોક) બાલાંસ.

(૨) માલની ખરીદી તથા તે ઉપરની જગાત, નુર, ગાડી ભાડું વગેરે.

(૩) ધંધાને જરૂરની, અથવા ધંધાને લગતા હંમેશના ક્રમમાં જોઈતી, ખરચની રકમ, જેમ કે નોકરોનો તથા મજુરોનો

પગાર, ભાડું, વ્યાજ, જાહેર ખબર, છપામણી, પોસ્ટનો ખરચ, તાર ખરચ, સમાર કામ, આગનો વીમો તથા બીજો એવો પરચુટણ ખરચ.

(૪) ધંધાને લગતા હંમેશના ક્રમમાં ઉપજેલી ખોટ અથવા નુકસાન, જેમકે ઘરાકોને આપવી પડતી છુટ તથા વટાવ, સાંચા કામ, મકાન વગેરેની ઘસાઈ, કરજ વસુલ ન થવાથી અથવા લાસડયું થવાથી ઉપજતી ખોટ, સાંચા કામ વગેરે રૂઢી ભ્રષ્ટ થતું નુકસાન વગેરે.

નોટ :—કોઇપણ જાતનો અણધારી ખરચ, ખોટ અથવા નુકસાન; અથવા મુડી ખરચ તથા ખોટ; અથવા વીમો ઓછો ઉતરાવવાથી થતી ખોટ; અથવા શેર સટ્ટામાં ગુમાવેલી રકમ; અથવા માલેકોની મુંડી ઉપરનું વ્યાજ; અથવા અંગત ખરચ માટે ઉપાડેલી રકમ; અથવા હવાલો નાખી લખી વાળ્યું નહી હોય એવું ન વસુલ થઈ શકે તેવું કરજ; અથવા ઇન્કમટેક્ષ તથા સુપરટેક્ષ તરીકે આપલી રકમ; અથવા ધર્માદા તથા બક્ષીસ તરીકે ખરચેલી રકમ; અથવા અનિયમસરના કમીશન તરીકે આપેલી રકમ; અથવા ગુડવીલ (પાઘડી) મેળવવા માટે ખરચેલી રકમ; અથવા આવક મેળવવા સારૂં ધંધાને લગતા હંમેશના ક્રમમાં ખરચાયલી ન હોય એવી રકમ; વગેરે અતરે ઉધારવાં નહીં.

ઉદાહરણ :—

બાપુજી અને ફીરોજશાહના ખાતાંની નીચલી બાકીઓપરથી (૩૧ મી માર્ચ ૧૯૨૩ ના દીવસની) ઇન્કમટેક્ષની આંકણીઓ માટેનું નફા નુકસાન ખાતું ઉપજાવી કાઢો. સાંચા કામની સઘળી ઘસાઈ લખી વાળવાની ઓફીસરે પરવાનગી આપી છે, અને મકાનના સમારકામનો ખરચ ભાડામાંથી વસુલ ન કરી શકાય એમ છે તે જાણવું :—

જમે પાસું. ખાતાંની બાકીઓ. ઉધાર પાસું.

વેચવા રાખેલો માલ			વેચવા રાખેલો માલ	
(૩૧-૩-૨૩)		૧૩,૨૩૪	(૧-૪-૧૯૨૨)	૧૦,૩૫૭
વેચાણ		૮૧,૯૯૨	ખરીદી	૪૯,૮૫૯
ભાગીદારોની મુંડી;—			નુર, જકાત વગેરે	૯,૦૭૧
બાપુજી	૨૧,૬૩૦		મજુરોનો પગાર	૧૯,૭૩૨
પીરોજશાહ	૧૪,૪૨૦		સર સામાન	૭૧૫
		૩૬,૦૫૦	લેણું વસુલ થવાનું	૧,૨૪૫
ઘરાકોનું દેવું:—			બેંકમાં રોકડ	૨,૧૨૫
માલને માટે	૧૮,૫૪૫		શેર વગેરે	૨૦૦
હુંડીને માટે	૫,૦૦૦		સાંચા કામ	૫૩,૭૩૨
ખરચને માટે	૬૩૮		હુંડીઓ વસુલ થવાની	૨,૦૦૦
		૨૪,૧૮૩	પુરાંત બાકી	૫૩૭
બેંકનું વ્યાજ		૩૨	ભાગીદારોને પગારના	૧,૦૦૦
મળેલી છુટ તથા વટાવ		૧૭૧	ભાડું	૧,૨૦૦
શેર વેચવાથી થયલો નફો		૩૮૯	બક્ષીસ આપી	૨૦
પેટા ભાડું		૨૦૫	નોકરોને પગાર	૯૦૦
શેરનું ડીવીડન્ડ		૪૫૭	ધર્માદા	૧૦૦
			છપામણી વગેરે	૮૧
			પોસ્ટ તથા તાર ખરચ	૫૭
			લાઇસિન્સ, કર વેરો વગેરે	૮૨
			મુંડીપરનું વ્યાજ	૭૨૧
			મકાનનું સમારકામ	૫૭૦
			વીમો ઓછો ઉતરાવવાથી થએલી ખોટ	૫૦૦
			સાંચા કામમાં નવા ભાગ નાખ્યા	૬૦૦
			પરચુટણ ખરચના	૨૨૮
			ઇનકટેક્ષ ભર્યો	૧૦૦
			આગના વીમાનું પ્રીમ્યમ	૭૫
			લખી વાળેલું ન વસુલ થાય એવું કરજ	૨૧૯
			છુટ, વટાવ વગેરે આપ્યાં	૨૦૭
			શેર વેચતાં થએલી ખોટ	૮૪
			કોન્સર્ટ (નાટક) ની ટીકીટો	૧૫
			સાંચા કામની ઘસાઈ	૩૮૧
		રૂ. ૧,૫૬,૭૧૩		રૂ ૧,૫૬,૭૧૩

ઈન્કમટેક્ષની આંકણી માટે નફા નુકસાનનો હિસાબ.

જમે.		ઉધાર.	
માલનું વેચાણ	૮૧,૯૯૨	વેચવા રાખેલો માલ (૧-૪-૧૯૨૨)	૧૦,૩૫૭
વેચવા રાખેલો માલ (૩૧-૩-૧૯૨૩)	૧૩,૨૩૪	ખરીદી	૪૯,૮૫૯
બેંકનું વ્યાજ	૩૨	નુર, જકાત સગેરે	૯,૦૭૧
મળેલી છુટ તથા વટાવ	૧૭૧	મજુરોનો પગાર	૧૯,૭૩૨
પેટા ભાડું	૨૦૫	ભાડું	૧,૨૦૦
		નોકરોનો પગાર	૯૦૦
		છપામણી વગેરે	૮૧
		પોસ્ટ અને તાર ખરચ	૫૭
		લાઈસન્સ, કર, વેરો વગેરે	૮૨
		મકાનનું સમારકામ	૫૭૦
		પરચુટણ ખરચના	૨૨૮
		આગના વીમાનું પ્રીમ્યમ	૭૫
		લખી વાળેલું વસુલ ન થાય એવું કરજ	૨૧૯
		છુટ તથા વટાવ	૨૦૭
		સાંચા કામની ઘસાઈ	૩૮૧
		નફો (જે ઉપર ઈન્કમટેક્ષ ભરવાનો; અથવા ઈન્કમ-ટેક્ષને પાત્ર નફો)	૨,૬૧૫
	રૂ. ૯૫,૬૩૪		રૂ. ૯૫,૬૩૪

(૨) ધંધાને માટે નફા નુકસાન (વટાવ) ખાતું બનાવ્યું હોય, તો તે ઉપરથી નીચે મુજબ ઇન્કમટેક્ષની આંકણી માટેનો હિસાબ બનાવી શકાય:—

(ક) જમા :—

(૧) ઉપલાં નફા નુકસાન ખાતાં પ્રમાણેનો નફો.

(૨) ઉપલાં નફા નુકસાન ખાતાંમાં ચોક્કસ ખરચ, ખોટ, નુકસાની વગેરે ઉધાર્યાં હોય પણ જે ઇન્કમટેક્ષને માટે ઉધારવાં ન જોઇતાં હતાં, તે અતરે પાછાં જમે કરવાં જોઇએ. (જુઓ આગલે પાનેની નોટ).

(ખ) ઉધાર પાસું :—

ઉપલા નફા નુકસાન ખાતાંમાં ચોક્કસ આવક તથા નફો જમાં કીધાં હોય પણ જે ઇનિકમટેક્ષને માટે જમે કરવાં ન જોઇતાં હતાં, તે અતરે પાછાં ઉધારવાં જોઇએ. (જુવો આગલે પાનેની નોટ.)

ઉદાહરણ :—

આગલે પાને બતાવેલી બાપુજી અને પીરોજશાહની પેઢીના ખાતાની બાકીઓ પરથી તેઓના મહેતાજીએ નીચલો નફા નુકસાનનો હિસાબ બતાવ્યો હતો, તે ઉપરથી ઇનિકમટેક્ષની આંકણી માટેનો નફા નુકસાનનો હિસાબ ઉપજાવી કાઢો.

નફા નુકસાન ખાતું (ધંધાને માટે બનાવેલું).

જમે.		ઉધાર.	
વેચવા રાખેલો માલ (૩૧-૩-૧૯૨૩)	૧૩,૨૩૪	વેચવા રાખેલો માલ (૧-૪-૧૯૨૨)	૧૦,૩૫૭
વેચાણ	૮૧,૯૯૨	ખરીદી	૪૯,૮૫૯
બેંકનું વ્યાજ	૩૨	નુર, જકાત વગેરે	૯,૦૭૧
મલેલી છુટ તથા વટાવ	૧૭૧	મજુરોનો પગાર વગેરે	૧૯,૭૩૨
શેર વેચવાથી થએલો નફો	૩૮૯	ભાગીદારોનો પગાર	૧,૦૦૦
પેટા ભાડું	૨૦૫	ભાડું	૧,૨૦૦
શેરનું ડીવીડંડ	૪૫૭	બક્ષીસ આપી	૨૦
		નોકરોને પગાર	૯૦૦
		ધર્માદા ખરચ	૧૦૦
		છપામણી વગેરે	૮૧
		પોસ્ટ તથા તારખરચ	૫૭
		લાઇસિન્સ, કર, વેરો વગેરે	૮૨
		મુંડીપરનું વ્યાજ	૭૨૧
		મકાનનું સમારકામ	૫૭૦
		વીમો ઓછો ઉતરાવાથી થએલી ખોટ	૫૦૦
		સાંચા કામમાં નવા ભાગ નાખ્યા	૬૦૦
		પરચુટણ ખરચ	૨૨૮
		ઇન્કમટેક્ષ ભર્યો	૧૦૦
		આગના વીમાનું પ્રીમ્યમ	૭૫
		લખી વાલેલું ન વસુલ થાય એવું કરજ	૨૧૯
		છુટ. વટાવ વગેરે આપ્યાં	૨૦૭
		શેર વેચતાં થએલી ખોટ	૮૪
		કોન્સર્ટ (નાટક) ની ટીકીટો	૧૫
		સાંચા કામની ઘસાઈ	૩૮૧
		નફો મુંડી ખાતે જમે કીધો	૩૨૧
	રૂ. ૯૬,૪૮૦		રૂ. ૯૬,૪૮૦

ઇન્કમટેક્ષની આંકણી માટેનો નફા નુકસાનનો હિસાબ.

જમે.		ઉધાર.	
ધંધાને માટે બનાવેલા નફા નુકસાન ખાતાં પ્રમાણેનો નફો	૩૨૧	શેરનું ડીવીડન્ડ	૪૫૭
ભાગીદારોનો પગાર	૧,૦૦૦	શેર વેચવાથી થએલો નફો	૩૮૯
બક્ષીસ	૨૦	નફો (જે ઉપર ઇન્કમટેક્ષ ભરવાનો; અથવા ઇન્કમ-ટેક્ષને પાત્ર નફો)	૨,૬૧૫
ધર્માદા ખરચ	૧૦૦		
મુંડીપરનું વ્યાજ	૭૨૧		
ઓછો વીમો ઉતરાવવાથી થએલી ખોટ	૫૦૦		
સાંચા કામમાં નાખેલા નવા ભાગ	૬૦૦		
ઇન્કમટેક્ષ ભર્યો	૧૦૦		
શેર વેચવાથી થએલુ નુકસાન	૮૪		
કોન્સર્ટ (નાટક)ની ટીકીટો	૧૫		
	રૂ. ૩,૪૬૧		રૂ. ૩,૪૬૧

§ ૧૧. લિમિટેડ કમ્પનીઓના હિસાબ.

ઇનિકમટેક્ષને પાત્ર આવક શોધવા માટેના નફા નુકસાનનું ખાતું, એકલા માલેક તથા ભાગીદારીનો હિસાબની પેઠે અતરે પણ એ રીતે બનાવી શકાય છે.

ઉદાહરણ :—

પટેલ મેન્યુફેક્ચરીંગ કંપની લિમિટેડના એકાઉન્ટન્ટે નિચલો નફા નુકસાનનો હિસાબ કંપનીની ખાતાવહીમાંથી ઉપજાવી કાઢયો છે. તે ઉપરથી ઇનકમટેક્ષની આંકણી માટેનો હિસાબ બનાવો. ઓરીસરે સાંચા

કામની ઘસાઈ ફક્ત ૫ ટકા બાદ કરવાની રજા આપી હતી; તથા ડીબેંચર હોલ્ડર્સને (માંગનારાઓ) વ્યાજ આપતી વખતે ઈન્કમટેક્ષ કાપી લેવામાં આવ્યો હતો તે ધ્યાનમાં રાખવું.

કમ્પનીનો ૩૧-૧૨-૧૯૨૨ સુધીનો વરસ ૧) નો

જમે. નફા નુકસાનનો હિસાબ. ઉધાર.

વકરા તથા ખરીદી ખાતાનો કુલ નફો	૩૫,૨૧૮	નોકરોને પગારના	૨,૩૫૦
જપત કીધેલા શેર પાછા વેચવાથી થએલો નફો	૨૮૫	માજી સેક્રેટરીને પેનશન	૫૦૦
છુટ તથા વટાવ મલ્યાં	૫૭૮	કારખાનાનો તથા દુકાનનો ખરચ	૭,૨૩૭
શેરનું ડીવીડંડ	૧,૦૨૫	પ્રિલીમીનરી (શરૂઆતનો) ખરચ માંડી વાલ્યો	૩,૨૩૧
શેર વધુ ભાવે વેચવાથી ઉપજેલું પ્રીમ્યમ	૨,૦૦૦	ઘરાકોને આપેલી છુટ વગેરે	૧,૦૦૯
શેર ટ્રાન્સફર કરવાની ફી	૧૯૦	ડીબેંચર્સ હોલ્ડર્સ (માગણારાઓ)ને આપેલું વ્યાજ	૩,૩૦૦
પરચુટણ આવક	૨૫	ઓડીટરો અને ડાઇરેકટરોની ફી	૮૨૫
		આગના વીમાનું પ્રીમ્યમ	૩૨૯
		સાંચા કામ થોડું વેચાવાથી થએલો નફો	૭૨૫
		ન વસુલ થાય તેવું કરજ માંડી વાળ્યું	૮૯૧
		સાંચાકામની ઘસાઈ ૮ ટકા	૧,૯૫૦
		ઈન્કમટેક્ષ આપ્યો	૮૨૧
		વોર ફંડના નાટકમાં ભર્યા	૧,૦૦૦
		ન વસુલ થાય તેવાં કરજ માટે બાજુ કાઢીં મુકેલી રકમ	૩૨૨
		ચોખ્ખો નફો	૧૪,૮૩૧
	રૂ. ૩૯,૩૨૧		રૂ. ૩૯,૩૨૧

ઇન્કમટેક્ષની ૧૯૨૩-૨૪ ની આંકણી માટેનું નફા નુકસાન ખાતું.

જમે.		ઉધાર.	
ઉપલો ચોખ્ખો નફો	૧૪,૮૩૧	જપ્ત કીધેલા શેર પાછા વેચવાથી થએલો નફો	૨૮૫
માજી સેક્રેટરીને પેનશન (ઉચકો)	૫૦૦	શેરનું ડીવીડનડ	૧,૦૨૫
માંડી વાલેલો શરૂઆતનો ખરચ	૩,૨૩૧	શેર વધુ ભાવે વેચવાથી ઉપજેલું પ્રીમ્યમ	૨,૦૦૦
માંગણુારાઓને આપેલું વ્યાજ (ઇનિકમટેક્ષ કાપ્યા બાદ)	૩,૩૦૦	ઇનકમટેક્ષને પાત્ર નફો (જેની ઉપર ટેક્ષ લાગુ પડશે)	૨૨,૦૭૦
સાંચા કામ વેચવાથી થએલી ખોટ	૭૨૫		
સાંચા કામની અધિક ઘસાઈ (૨॥ ટકા)	૬૫૦		
ઇનિકમટેક્ષ આપ્યો	૮૨૧		
વોર ફંડના નાકટમાં ભર્યા	૧,૦૦૦		
ન વસુલ થાય તેવાં કરજ માટે બાજુ કાઢેલા	૩૨૨		
રૂ.	૨૫,૩૮૦	રૂ.	૨૫,૩૮૦

§ ૧૨. ભાગીદારો વચ્ચે ઇન્કમટેક્ષની વેંહચણી.

ભાગીદારીની પેઢીના નફા ઉપર ઇન્કમટેક્ષ પેઢીને નામે પેઢી તરફથી ભરવામાં આવે છે અને નહીં કે જુદા જુદા ભાગીદારોને નામે.

જો ભાગીદારી રેજીસ્ટર થએલાં સીલ, સાખ, સાથેના કરારનામાંથી બની અથવા બંધાઈ હોય, તો તે પેઢીને ચોપડીની આખેરીએ બતાવેલા કોઠાના વધતામાં વધતા (એટલે રૂપીએ ૧૮ પાઈ) દરે ઈનિકમટેક્ષ આપવો પડે છે, પણ જો તેમ ન બની હોય, તો તેજ કોઠામાં બતાવેલા આવકની પ્રમાણના દરે ટેક્ષ લાગુ પડે છે.

(ક) જ્યાં ભાગીદારો ઇન્કમટેક્ષમાંથી મુક્ત થવાની અથવા ટેક્ષ ઓછો કરાવવાની માગણી ન કરી શકે (કારણ કે ભાગીદારી રેજીસ્ટર થઈ ન હતી):—

ઉદાહરણ :

એલ. શેઠના, કે. મોદી અને બી. સંજાણા, જેઓની પેઢીનુ. નફા નુકસાન ખાતું નીચે આપેલું છે. તેઓ એલ. કે. બી. અને કંપનીને નામે ચોપડી વેચનારનો ધંધો કરે છે. તે લોકે નફો નુકસાન એક સરખે હિસ્સે વેંહચી લેવાનું કરારનામું કીધું હતું. પણ તેઓએ પેઢીમાં મુંડી જુદાજ પ્રમાણમાં રોકી હતી, જેની ઉપર સેંકડે ૫ ટકાને હિસાબે વ્યાજ પણ લેવાનું ઠરાવ્યું હતું. શેઠનાની મુંડી રૂ. ૧,૨૦,૦૦૦ ની, મોદીની રૂ. ૭૦,૦૦૦ ની, તથા સંજાણાની રૂ. ૨૦,૦૦૦ ની હતી તથા તેઓ પેઢીમાં વહીવટ કરવા માટેનો પગાર પણ ઉપાડતા હતા. શેઠના વરસ દહાડે રૂ. ૯,૦૦૦, મોદી રૂ. ૬,૦૦૦ અને સંજાણા રૂ. ૩,૦૦૦ એમ ઉપાડતા હતા. પેઢીનો કરને પાત્ર નફો કેટલો થયો, તથા તે ઉપર અપાયલો ઈનિકમટેક્ષ દરેક ભાગ્યાએ કેટલો સહન કરવો?

૩૧ મી ડીસેમ્બર ૧૯૨૨ ના દીવસે પુરા થએલાં વરસનો

જમે. નફા નુકસાનનો હીસાબ. ઉધાર.

વકરા તથા ખરીદી ખાતાનો નફો	૧,૯૫,૨૧૭	આવક મેળવવા સારૂં ધંધાને લગતા હંમેશના ક્રમમાં થએલો ખરચ	૧૮,૨૦૭
શેરોનું વ્યાજ	૫૨૧	મુંડીપરનું વ્યાજ :—	
		શેઠના ૬,૦૦૦	
		મોદી ૩,૫૦૦	
		સંજાણા ૧,૦૦૦	
			૧૦,૫૦૦
		ભાગીદારોને પગારના :—	
		શેઠના ૯,૦૦૦	
		મોદી ૬,૦૦૦	
		સંજાણા ૩,૦૦૦	
			૧૮,૦૦૦
		ધર્માદા ખરચ	૩૬૭
		ચોખ્ખો નફો	૧,૩૮,૬૬૪
	રૂ. ૧,૯૫,૭૩૮		રૂ. ૧,૯૫,૭૩૮

ઈનકમટેક્ષની આંકણી માટે નફા નુકસાનનો હીસાબ.

જમે. ઉધાર.

ઉપલો ચોખ્ખો નફો	૧,૩૮,૬૬૪	શેરોનું વ્યાજ	૫૨૧
મુંડીપરનું વ્યાજ	૧૦,૫૦૦	પેઢીનો કરને પાત્રનો નફો (જે ઉપર ઈનકમટેક્ષ ભરવાનો)	૧,૬૭,૦૧૦
ભાગ્યાઓને પગારના	૧૮,૦૦૦		
ધર્માદા ખરચ	૩૬૭		
	રૂ. ૧,૬૭,૫૩૧		રૂ. ૧,૬૭,૫૩૧

જો કે પેઢીનો કરને પાત્ર નફો રૂ. ૧,૬૭,૦૧૦ નો થયો છે, છતાં એ ઉપરનો ટેક્ષ ભાગીદારોમાં સરખે ભાવે ન વહેંચી શકાય, કારણ કે એ રકમમાં ભાગીદારોની મુંડીનું વ્યાજ તથા પગારનો સમાવેશ થાય છે, જેનું પ્રમાણ નફા નુકસાનના પ્રમાણથી બીલકુલ જુદુંજ છે. માટે પેઢીનો કરને પાત્ર નફો ભાગીદારોમાં વહેંચાવા પહેલાં થોડાક ફેરફારની જરૂર છે.

પેઢીનો કરને પાત્ર નફો		૧,૬૭,૧૦
બાદ ભાગીઆઓની મુંડીનું વ્યાજ	૧૦,૫૦૦	
,, નો પગાર	૧૮,૦૦૦	
		૨૮,૫૦૦
નફા નુકસાનના પ્રમાણમાં વેંહચવાનો નફો		રૂ. ૧,૩૮,૫૧૦

ભાગીદારોમાં કરને પાત્ર નફો વેહચવાનું પત્રક.

વિગત.	શેઠના.	મોદી.	સંજાણા.	કુલ.
ઉપર મુજબ વેંહચવાનો નફો...	૪૬,૧૭૦	૪૬,૧૭૦	૪૬,૧૭૦	૧,૩૮,૫૧૦
ભાગીદારોની મુંડીપરનું વ્યાજ...	૬, ૦૦	૩,૫૦૦	૧,૦૦૦	૧૦,૫૦૦
,, નો પગાર ...	૯,૦૦૦	૬,૦૦૦	૩,૦૦૦	૧૮,૦૦૦
ઉપર મુજબ કરને પાત્ર નફો રૂ.	૬૧,૧૭૦	૫૫,૬૭૦	૫૦,૧૭૦	૧,૬૭,૦૧૦

ઉપલું પત્રક પેઢીના કરને પાત્ર નફાની ખરી વેંહચણી બતાવે છે. જ્યારે એ નફાપર ઇનિકમટેક્ષ અપાશે, ત્યારે તે ભાગીદારો વચ્ચે ઉપલા પ્રમાણમાં (અને નહી કે સરખે હીસ્સે) સહન થવો જોઇએ. એ ટેક્ષ ભાગીદારોને અંગત ખાતે ઉધારવો જોઇએ અને નહી કે પેઢીના નફા નુકસાન ખાતે. જો કરને પાત્ર નફો સરખે હીસ્સે વેંહચ-

વામાં આવતે તો એ નફા પરના ટેક્ષનો બોજો ભાગીદારો ઉપર અણુઘટતા પ્રમાણુમાં પડતે, જે નીચલાં પત્રક પરથી જણાઈ આવશે :—

ભાગીદારો.	ખરી વેહચણી.	એક સરખી (ખોટી) વેંહચણી.	વધુ ટેક્ષ આપવો પડે.	ઓછો ટેક્ષ આપવો પડે.
શેડના ...	૬૧,૧૭૦	૫૫,૬૭૦	—	૫,૫૦૦
મોદી	૫૫,૬૭૦	૫૫,૬૭૦	—	—
સંજાણા ...	૫૦,૧૭૦	૫૫,૬૭૦	૫,૫૦૦	—
કુલ રૂ. ...	૧,૬૭,૦૧૦	૧,૬૭,૦૧૦	૫,૫૦૦	૫,૫૦૦

પેઢીને રૂ. ૧,૬૭,૦૧૦ ની આવકપર, દર રૂપીએ ૧૮ પાઇને હિસાબે ટેક્ષ ભરવો પડશે. એ ટેક્ષની રકમ પેઢીના નફા નુકસાન ખાતે નહીં ઉધારવી જોઇએ પણ એ ટેક્ષ ભાગીઆઓને અંગત ખાતે ૬૧,૧૭૦:૫૫,૬૭૦:૫૦,૧૭૦ ના પ્રમાણુમાં ઉધારવો જોઇએ.

નોટઃ—જો ભાગીદારો મુંડીપરનું વ્યાજ તથા પગાર નફા નુકસાનના પ્રમાણુમાંજ લેતા હતે (એટલે સરખે હીસ્શે,) તો ઉપલો ટેક્ષ તેઓને અંગત ખાતે સરખા ભાગમાંજ ઉધારવામાં આવતે.

(ખ) જ્યાં ભાગીદારો ઇન્કમટેક્ષમાંથી મુક્ત થવા અથવા ટેક્ષ ઓછો કરાવવાની માંગણી કરે :—

ઉદાહરણ :

હીરાજી દલાલ, બાપાલાલ નાણુાવટી અને ફતેહમહમદ મરચંટનો પોતાની પેઢીમાં નીચે મુજબનો ભાગ છે:—

ભાગીદારો	ભાગ.	મુંડી.	મુંડીનું વ્યાજ.	પગાર.
દલાલ	૧/૨	૧૦,૦૦૦	૫૦૦	૩૦૦
નાણુાવટી	૧/૩	૧૦,૦૦૦	૫૦૦	૧૦૦
મરચંટ	૧/૬	—	—	૧૫૦
	રૂ.	૨૦,૦૦૦	૧,૦૦૦	૫૫૦

ભાગીદારોની આવકના ઉપલા વેપાર સીવાય બીજાં કાંઈ પણ સાધનો નથી. તેઓની નીચે જણાવેલા નફા નુકસાનના ખાતાંપરથી પેઢીની કરને પાત્ર આવક શું હતી અને તે દરેક ભાગીદારને કેટલો ટેક્ષ આપવો પડશે તે શોધી કાઢો ?

૩૧ મી માર્ચ ૧૯૨૩ ના દિવસે પુરા થતાં વરસનું

જમે. **નફા નુકસાન (વટાવ) ખાતું.** **ઉધાર.**

વકરા તથા ખરીદ ખાતાંનો		પેઢીનો ધંધાને લગતો ખરચ	૯૬૫
કુલ નફો	૭,૮૫૨	નોકરોનો પગાર	૭૮૫
છુટ તથા વટાવ	૧૩૪	ભાડું	૯૦૦
શેરો વેચવાથી થએલો નફો	૫૦	મુંડીપરનું વ્યાજ	૧,૦૦૦
બેંકનું વ્યાજ	૧૭	ભાગીદારોને પગાર	૫૫૦
		આગના વીમાનું પ્રીમ્યમ	૨૯
		ઈન્કમટેક્ષ	૭૯
		ચોખ્ખો નફો	૩,૭૪૫
	રૂ. ૮,૦૫૩		રૂ. ૮,૦૫૩

ઇન્કમટેક્ષની આંકણી માટે સુધારેલો નફા નુકસાનનો હિસાબ.

જમે. **ઉધાર.**

ઉપલો ચોખ્ખો નફો	૩,૭૪૫	શેરો વેચવાથી થએલો નફો	૫૦
મુંડીપરનું વ્યાજ	૧,૦૦૦	કરને પાત્ર આવક (જે ઉપર ઈન્કમટેક્ષ લાગુ પડશે)	૫,૩૨૪
ભાગીદારોનો પગાર	૫૫૦		
ઇન્કમટેક્ષ	૭૯		
	રૂ. ૫,૩૭૪		રૂ. ૫,૩૭૪

પેઢીનો કરને પાત્ર નફો		૫,૩૨૪
બાદ મુંડીનું વ્યાજ	૧,૦૦૦	
ભાગીઆઓનો પગાર	૫૫૦	
		૧,૫૫૦
નફા નુકસાનના પ્રમાણમાં વેંહચવાનો નફો રૂ.		૩,૭૭૪

ભાગીદારોમાં કરને પાત્ર નફો વેંહુચવાનું પત્રક.

વીગત.	દલાલ.	નાણાવટી.	મરચંટ.	કુલ.
ઉપર મુજબ વહેંચવાનો નફો.	૧,૮૮૭	૧૨૫૮	૬૨૯	૩,૭૭૪
મુંડી ઉપરનું વ્યાજ ...	૫૦૦	૫૦૦	—	૧,૦૦૦
ભાગીદારોના પગાર ...	૩૦૦	૧૦૦	૧૫૦	૫૫૦
ઉપર મુજબ કરને પાત્ર નફો. રૂ.	૨,૬૮૭	૧,૮૫૮	૭૭૯	૫,૩૨૪

(૧) નોંધાયલી પેઢી:

જો ભાગીદારી રજીસ્ટર થએલાં કરારનામાંથી બની હોય, તો તે પેઢીને રૂ. ૫,૩૨૪ પર દર રૂપીએ ૧૮ પાઇને હીસાબે ઇન્કમટેક્ષ ભરવો પડશે. એ ટેક્ષ દરેક ભાગીઆને ૨૬૮૭:૧૮૫૮:૭૭૯ ના પ્રમાણમાં સહન કરવો પડશે.

દલાલની સઘળા સાધનોથી થતી રૂ. ૨,૬૮૭ ની આવક રૂ. ૨,૦૦૦ થી વધુ તથા રૂ. ૫,૦૦૦ ની અંદર છે, માટે તેવણે રૂ. ૨,૬૮૭ પર દર રૂપીએ ૫ પાઇને હિસાબે ટેક્ષ આપવો જોઇએ. પણ એ આવકપર એમની પેઢી તરફથી રૂપીએ ૮ પાઈ અપાઈ છે, માટે એમને રૂ. ૨૬૮૭ પર દર રૂપીએ ૧૩ પાઇને હિસાબે ટેક્ષ પાછો મલવો જોઇએ.

નાણાવટીની રૂ. ૧.૮૫૮ ની આવક રૂ. ૨,૦૦૦ થી ઓછી છે માટે રૂ. ૧,૮૫૮ પર દર રૂપીએ ૧૮ પાઇને હિસાબે સઘળો ટેક્ષ એમને પાછો મળવો જોઇએ.

તેજ પ્રમાણે મરચંટની રૂ. ૭૭૯ ની સઘળાં સાધનોથી ઉપજતી આવક રૂ. ૨,૦૦૦ ની અંદર છે માટે એવણ પણ ટેક્ષમાંથી બીલકુલ મુકત થવા જોઇએ. પણ પેઢી તરફથી એવણે ૧૮ પાઇને હિસાબે ટેક્ષ ભર્યો છે માટે એ સઘળો ટેક્ષ એવણને પાછો મલવો જોઇએ.

(૨) બિન નોંધાયલી પેઢી:—

જો ભાગીદારી રજીસ્ટર ન થઈ હોય તો પેઢીનો રૂ. ૫૩૨૪ પર દર રૂપીએ ૬ પાઇને હિસાબે રૂ. ૧૬૬–૬–૦ નો કર ભરવો પડે. એ કર દરેક ભાગ્યાને ૨૬૮૭: ૧૮૫૮; ૭૭૯ ના પ્રમાણમાં સહન કરવો પડશે. જેમ કીધાથી દલાલને આંગત ખાતે રૂ. ૮૩–૧૫–૬; નાણાવટીને ખાતે રૂ. ૫૮–૧–૦ અને મરચંટને ખાતે રૂ. ૨૪–૫–૬ ઉધંરશે, જેનો કુલ સરવાલો રૂ. ૧૬૬–૬–૦ થશે.

પ્રકરણ ૩ જું.

શેર, ડીબેન્ચર, સીક્યુરીટી વગેરેનું વ્યાજ.

§ ૧. ઈન્કમટેક્ષ પહેલેથીજ કાપવામાં આવે છે.

જે શખસને શેર, સીકયુરીટી વગેરેનું વ્યાજ આપવાની સત્તા હોય છે, તે શખસ મજકુર વ્યાજ આપ્યાં પહેલાં તેમાથી દર રૂપીએ ૧૮ પાઇને હિસાબે ઈન્કમટેક્ષ કાપી લે છે (પણ સરકારે કોઈપણ સીકયુરીટી અથવા લોન "ઈન્કમટેક્ષથી મોકળી" કાઢી હોય તો તેના વ્યાજમાંથી ઉપર મુજબ ઈન્કમટેક્ષ બાદ ન કરી શકાય.) અને જો તે શખસ ટેક્ષ કાપી લીધા વગર વ્યાજ આપે તો તે શખસ પોતે જવાબદાર ઠરે.

જો એક લીમીટેડ કમ્પની શેરહોલ્ડરોને આપવામાં આવતાં વ્યાજમાંથી ઈન્કમટેક્ષ કાપી ન લે, તો કમ્પનીને પોતાના પુરેપુરા નફા ઉપર કર આપવો પડે છે- (જુવો બીજાં પ્રકરણની ૧૧) મી કલમ.)

§ ૨. ઈન્કમટેક્ષની આંકણી માટે જોઇતો હિસાબ.

(ક) ઉદાહરણ :—

તાર મહમદ ચીનાઈ, પોતાના શેર, સીકયુરીટી વગેરેની ૧૯૨૨ ના સાલની આવક ઉપરથી ઈન્કમટેક્ષ માટેનો હિસાબ બનાવવા પોતાના એકાઉન્ટન્ટને કહે છે, અને તે ઉપર ઈન્કમટેક્ષ કેટલો ભરવો પડશે, તે પણ જાણવા માંગે છે.

તેવણે હાશમભાઈ પટેલ પાસેથી રૂ. ૧૦,૦૦૦ ઉછીકા લીધા છે, જે ઉપર વરસ દહાડે સેંકડે ૪ ટકા વ્યાજ આપવા ઠરાવ્યું છે અને ગ્રેશમ વીમા કું. માં પોતાનો વીમો પણ ઉતારવ્યો છે, જેના દર વરસે

રૂ. ૯૦૦ આપે છે. તેની પાસે નીચલા શેર- સીકયુરીટીઓ વગેરે મોજુદ છે :—

એ. બી. સી. કું. નીના ૬ ટકા વાલા ૧૦ પ્રેફરંસ શેર	૨,૦૦૦
એક્ષ. વાઈ બેંકના ૨૦ શેર	૧૦,૦૦૦
ઈનિફનટ ડેરી કું. ના ૧૦ શેર	૧,૦૦૦
એડવર્ડ મીલ્સ કું. ના ૫ શેર	૨,૫૦૦
ઈસ્તર્ન મેરીટાઈમ કું. ના ૧૦૦ શેર	૨,૫૦૦
ઈસ્તર્ન ઈનિવેસ્તમેંટ એજનસીના ૧૦ શેર ...	૧,૦૦૦
૩॥ ટકાની સરકારી લોન	૨,૦૦૦
૫॥ ટકાના વોર બોંડસ (ઈન્કમટેક્ષથી મોકળાં) ...	૫,૦૦૦
૪ ટકાના પોર્ટ ટ્રસ્ટ બોંડસ	૧,૦૦૦
મોરગેજ પર ધીરેલી લોન ૬ ટકાને હિસાબે ...	૧૪,૦૦૦
મોરગેજ પર ધીરેલી લોન ૫ ટકાને હિસાબે (જેની ઉપર ઈન્કમટેક્ષ મોરગેજ મુકનાર ભરે) ...	૫,૦૦૦
દલાલ અને નાણાવટીની પેઢીમાં ડીપોઝીટ ૫ ટકે ...	૧૫,૦૦૦
ઈંડીઆ બેંકના ચાલુ ખાતાંનું વ્યાજ	૩૭૫

એક્ષ. વાઈ. બેંકે વચ ગાળેની એક વેંહચણી ૧૦ ટકાને હિસાબે તથા આખેરીની વેંહચણી ૧૮ ટકાને હિસાબે (બેઉ ઈન્કમટેક્ષથી મોકળી) જાહેર કીધી હતી. ઈસ્ટિર્ન મેરીતાઈમ કું. એ, ઈસ્ટર્ન ઈનિવેસ્તમેંટ એજનસીએ તથા ઈનિફનટ ડેરી કું. એ કાંઈ પણ ડીવીડનડ આપ્યું ન હોતું. એડવર્ડ મીલ્સ કું.એ વરસની આખેરીએ એક વેંહચણી (ઈન્કમટેક્ષથી મોકળી) ૭॥ ટકાને હિસાબે જાહેર કીધી હતી. જ્યારે બાકીનાં સઘળાં વ્યાજ તથા ડીવીડનડ ઈન્કમટેક્ષ કપાઈને મળ્યાં હતાં.

ઈ. સને ૧૯૨૩-૨૪ ની ઈન્કમટેક્ષની આંકણી માટેનું પત્રક.

(ક) ઈન્કમટેક્ષ કપાયલી (અથવા ન કપાય એવી) આવક.

આવકનું સાધન.	વ્યાજનો દર.	મલેલી નક્કી આવક.	કપાયલો ટેક્ષ.	કુલે આવક.
૧. એક્ષ. વાઇ. બેંકના શેર	૧૪ટકા	૧,૪૦૦- ૦-૦	—	૧,૪૦૦-૦-૦*
૨. એડવર્ડ મીલ્સ કું. ના શેર ...	૭॥ ,,	૧૮૭- ૮-૦	—	૧૮૭-૮-૦*
૩. વોર બોનડસ ...	૫॥ ,,	૨૭૫- ૦-૦	—	૨૭૫-૦-૦
૪. મોરગેજપર ધીરેલી લોન	૫ ,,	૨૫૦- ૦-૦	—	૨૫૦-૦-૦
૫. એ. બી. સી. કું. ના શેર	૬ ,,	૧૦૮-૧૨-૦	૧૧ ૪ ૦	૧૨૦-૦-૦*
૬. સરકારી લોન ...	૩॥ ,,	૬૩- ૭-૦	૬ ૯ ૦	૭૦-૦-૦*
૭. પોર્ટ ટ્રસ્ટ બોનડસ.	૪ ,,	૩૬- ૪-૦	૩ ૧૨ ૦	૪૦-૦-૦*
	રૂ.	૨,૩૨૦- ૭-૦	૨૧ ૯ ૦	રૂ. ૨૩૪૨-૮-૦
(ખ) ઈન્કમટેક્ષને પાત્ર આવક.				
૧. ૬ ટકાની મોરગેજ લોનનું વ્યાજ.		૮૪૦-૦-૦		
૨. ૫ ટકાની ડીપોઝીટનું વ્યાજ...		૭૫૦-૦-૦		
૩. ઈનડયા બેંકનું વ્યાજ ...		૩૭૫-૦-૦		
			૧૯૬૫-૦-૦	
બાદ કરવાને લાયકનો ખરચ:-				
પટેલ પાસે લીધેલી ૪ ટકાની લોનનું વ્યાજ ...			૪૦૦-૦-૦	૧૫૬૫-૦-૦
			કુલ આવક રૂ.	૩,૯૦૭-૮-૦

* કુલે રૂ. ૧૮૧૭-૮-૦

(ગ) **કરને પાત્ર નક્કી આવક:—**

ઉપર બતાવ્યા મુજબ ...	૧,૫૬૫-૦-૦	
બાદ જીંદગીના વીમાનું પ્રીમ્યમ (રૂ. ૩,૯૦૭-૮-૦ નો છઠ્ઠો ભાગ)	૬૫૧-૪-૦	
		રૂ. ૯૧૩-૧૨-૦

ઉપલા પત્રક પરથી જણાય છે કે ચીનાઈને રૂ. ૯૧૪ ની આવક ઉપર દર રૂપીએ ૫ પાઈને હિસાબે ઈનકમટેક્ષ ભરવો પડશે અને રૂ. ૧,૮૧૭-૮-૦ ની આવક ઉપર દર રૂપીએ ૧૩ પાઈને હિસાબે ટેક્ષ પાછો વસુલ થઈ શકશે, કારણ કે એ રૂ. ૧,૮૧૭-૮-૦ ઉપર દર રૂપીએ ૧૮ પાઈને હીસાબે ઈનકમટેક્ષ લેવામાં આવ્યો હતો.

(ખ) **નોટ:—**

(૧) **જીંદગીના વીમાનું પ્રીમ્યમ:—**

જો કે ચીનાઈએ રૂ. ૯૦૦ નું પ્રીમ્યમ ભર્યું છે છતાં કાયદા પ્રમાણે આવક જાવકમાંથી કુલ્લે આવકના છઠ્ઠા ભાગ ઉપરાંત વધુ ન બાદ થઈ શકે. તેને માટે કુલ્લે આવક રૂ. ૩,૯૦૭-૮-૦ (રૂ. ૨,૩૪૨-૮-૦ + રૂ. ૧,૫૬૫) નો છઠ્ઠો ભાગ રૂ. ૬૫૧-૪-૦ આવકમાંથી બાદ કીધો છે. પ્રીમ્યમ બાદ આપવા માટે વીમાની રસીદ ઈનકમટેક્ષ ઓફીસમાં મોકળવી જોઈએ.

(૨) **ઈન્કમટેક્ષનો દર:—**

ચીનાઈની ઇનકમટેક્ષને પાત્ર આવક ઉપલાં પત્રક મુજબ રૂ. ૯૧૩-૧૨-૦ થાય છે અને તેથી કરીને એવણ ઈનકમટેક્ષ ભરવામાંથી સદંતર મુકત થઈ ન શકે. કારણ કે એ આવક ઉપરાંત એવણની બીજી ઘણી આવક છે તે પણ ગણવામાં લેવી જોઈએ. તેમ કીધા પછી એમની કુલ આવક રૂ. ૩,૯૦૭-૮-૦ (રૂ. ૨૦૦૦ થી વધુ પણ રૂ. ૫,૦૦૦ થી ઓછી) હોવા માટે એમને દર રૂપીએ ૫ પાઈનો ટેક્ષ લાગુ પડે છે. કુલ આવક ગણવા માટે વ્યાજ પુરેપુરૂં ઉમેરવું જોઈએ (એટલે કે કર બાદ કીધેલું નહીં હોવું જોઈએ).

(૩) પાછો વસુલ કરવાનો ટેક્ષ:—

ઉપર જણાવ્યા મુજબ ચીનાઈ ચોક્કસ ટેક્ષ પાછો વસુલ કરી શકશે. કર મજરે લેવાની સમજણ ૬ઠાં પ્રકરણની ૭) મી કલમમાં પાને ૫૯) ઉપર આપવામાં આવી છે.

(૪) સરકારે "ઈનકમટેક્ષથી મોકળી" કાઢેલી સીક્યુરીટી:—

ચોપડીની આખેરીએ બતાવેલા કોઠા મુજબ ઈનકમટેક્ષનો દર નક્કી કરતી વેળા જ્યારે કુલે આવક ગણવામાં આવે છે ત્યારે ઉપલી સીક્યુરીટીના વ્યાજનો પણ (ફકટ દર ગણવા માટે) મજકુર આવકમાં સમાવેશ કરવો જોઈએ.

પ્રકરણ ૪ થું.

ઘરોની, મીલકતોની આવક.

§ ૧. ઈન્કમટેક્ષને પાત્ર આવક શોધવાની રીત.

મ્યુનીસીપાલીટીનો પ્રોપરટી ટેક્ષ ભરવા ઉપરાંત ઘરવાલાઓને ઘરોની મીલકતોની આવક ઉપર ઈનકમટેક્ષ ભરવો પડશે. એ આવક (ઘરભાડું) ઘરવાલાઓને ગમે એટલી (ઓછી યા વધુ) ઉપજતી હોય, પણ ઈનકમટેક્ષ ઓફીસ ચોકકસ ધોરણ ઉપર એ આવકની આંકણી કરે છે. જે આવક (Reteable Value) મ્યુનીસીપલ પ્રોપરટી ટેક્ષના બીલમાં ભરવામાં આવે છે તે ઉપર સેંકડે $૧૧\frac{૧}{૯}$ ટકા ઉમેરવાથી ઈનકમ ટેક્ષને પાત્ર આવક (વારસીક ભાડું) બને છે. જેમ કે એક ઘરની આવક મ્યુનીસીપલ બીલમાં રૂ. ૨,૩૪૦ હોય તો, ઈનકમટેક્ષને માટેની આવક (વારસીક ભાડું) નીચે પ્રમાણે રૂ. ૨,૬૦૦ થાય. પહેલાં મ્યુનીસીપાલીટી ઘરની આવક રૂ. ૨.૬૦૦ ઠેડવે છે. પણ ખરચ વગેરેને માટે ૧૦ ટકા બાદ કરી રૂ. ૨,૩૪૦ આવક પ્રાપરટી ટેક્ષ માટે નક્કી કરે છે.

$૨૩૪૦+\left(૨૩૪૦\times\frac{૧૧\frac{૧}{૯}}{૧૦૦}\right)=૨૩૪૦+\left(\frac{૨૩૪૦\times૧૦૦}{૧૦૦\times૯}\right)=૨૩૪૦+૨૬૦=$ રૂ. ૨૬૦૦). અથવા $\frac{\text{નકકી આવક}}{૯૦}:\frac{\text{નકકી આવક}}{૨૩૪૦}::\frac{\text{વારસીક ભાડું}}{૧૦૦}:?=$

$\frac{૨૩૪૦\times૧૦૦}{૯૦}=$ રૂ. ૨૬૦૦,

હવે એ આવક (અથવા વારસીક ભાડાં) માંથી નીચલા ખરચો અને છુટ (કપાઈ) બાદ કરીને ઈનિકમટેક્ષ ગણવામાં આવે છે. જેમ કે:—

(ક) નુકસાન અથવા નાશ વગેરે બદલ મીલકતના વીમા માટેનું પ્રીમ્યમ.

(ખ) ગીરો મુકેલી મીલકત ઉપર ગીરો રાખનારને આપેલું વ્યાજ.

(ગ) જમીનનું આપેલું ભાડું.

(ઘ) જમીનને માટે આપેલી મહેસુલ.

(ઙ) ભાડું ઉઘરાવવા માટે ખરચાએલી રકમ (વધતામાં વધતી વારસીક ભાડાંના ૭ ટકા જેટલી).

(ચ) જો કોઈ જગ્યા ભાડે ન અપાઈ હોય તો ઓફીસર પોતાની સમજ શકિત પ્રમાણે થોડું ભાડું મજરે આપે.

(છ) મ્યુનીસીપલ ટેક્ષ, સમારકામ વગેરે માટે કુલ વારસીક ભાડાનો છઠ્ઠો ભાગ, એટલે ૧૬⅔ ટકા.

§ ૨. ઈન્કમટેક્ષ માટે જોઈતા હિસાબ તથા પત્રક.

(ક) ઉદાહરણ:—

કે. સોરાબજીએ (જેવણુ થોડાંક ઘરો, બંગલાઓ વગેરેના ધણી છે) પોતાની જીંદગીનો વીમો ઓરીએન્ટલ લાઈફ ઈનિશ્યુરનસ કું. માં વરસ દહાડે રૂ. ૧,૭૦૦ ના પ્રીમ્યમને હિસાબે ત્રણ વરસની વાત ઉપર ઉતરાવ્યો હતો. નીચે જણાવેલી મિળકતો ઉપરાંત તેવણુની આવકનાં કાઈપણ સાધનો નથી. નીચલી વીગતોપરથી એવણુ પોતાની સને ૧૯૨૩–૨૪ નાં ઇનકમટેક્ષની આંકણી, તથા તે ઉપરના કરની રકમ, જાણવા આતુર છે.

તેવણનું એક ઘર ૩૨૧, હોર્નબી રોડપર આવેલું છે, જેનું નંબર "**A**" વોર્ડમાં ૧૨૫૭ મું છે, તેમજ એક બીજું ઘેર "D" વોર્ડમાં ૬૫૧, ગીરગામ રોડપર નં. ૩૨૯ નું છે. એક બંગલો ૧૦૫, ખંબાલા-હીલ ઉપર આવેલો હતો જે તેવણે જુલાઈ ૧૯૨૨ માં જુન મહીનાનું ભાડું વસુલ કરવા બાદ વેચી નાખ્યો હતો, એજ પ્રમાણે, દાદર ઉપરનો બંગલો સપટેમ્બરનું ભાડું લીધા પછી એવણે અકટોબર ૧૯૨૨ માં વેચી નાખ્યો. એ મીળકતોની નક્કી (Net Rateable) આવક, મ્યુનીસીપલ બીલ પ્રમાણે, તથા તે ઉપર ખર્ચેલાં આગના વીમાનાં પ્રીમ્યમ નીચે મુજબ છે :—

	મીળકત.	નક્કી આવક.	પ્રીમ્યમ
૧.	હોર્નબી રોડનું ઘર	... રૂ. ૬,૫૭૦	... રૂ. ૧૯૦
૨.	ગીરગામ રોડનું ઘર	... ૪,૧૪૦	... ૧૨૦
૩.	ખંબાલાહીલનો બંગલો	... ૨,૪૩૦	... ૮૦
૪.	દાદરનો બંગલો	... ૧,૫૩૦	... ૪૬

ઘરોનાં બીજા ખરચોની વીગત નીચે પ્રમાણે છે :—

૧.	ગીરો મુકેલાં ઘર પર કઢાવેલાં નાણાં પર વ્યાજ	રૂ. ૪૮૦
૨.	જમીનનું ભાડું	૧૦૯
૩.	જમીનનું મહેસુલ	૧૭
૪.	ભાડું ઉઘરાવનાનો ખરચ	૮૭૩
૫.	ઘર ખાલી હતું તેથી ઓફીસરે મજરે આપવા કહેલા	૨૦૦

૬

ઘરોની મીલકતોની વિગત.

વાર્ડ નંબર.	જે મોહલ્લામાં ઘર આવેલું હોય તે મોહલ્લાનું નામ તથા નંબર.	મ્યુનીસીપલ રજીસ્ટરમાં ઘર કોણને નામે છે તે.	વારસીક ભાડું.	માગેલી કપાત.
વાર્ડ નં. ૧૨૫૭	૩૨૧, હોર્નબી રોડ, મુંબઈ ...	કે. સોરાબજી ...	રૂ. ૭,૩૦૦	રૂ. ૧૭૫૨
,, ,, ૩૨૯	૬૫૧, ગીરગામ રોડ, મુંબઈ ...	,, ...	૪,૬૦૦	
,, ,, ૭૧	૧૦૫, ખંબાલાહીલ	કેખશરૂ સોરાબજી ...	૬૭૫	
,, ,, ૫૪	૧૪, દાદર રોડ, ...	,, ...	૮૫૦	
		કુલ રૂ.	૧૩,૪૨૫	

માગેલી કપાઈની વીગત (વાઉચરો સાથે મોકળવાં).

૧.	વીમાનું પ્રીમ્યમ	રૂ. ૩૫૩
૨.	કઢાંવેલાં નાણાં પર વ્યાજ	૪૮૦
૩.	જમીનનું ભાડું	૧૦૯
૪.	જમીનનું મહેસુલ	૧૭
૫.	ભાડું ઉઘરાવવાનો ખરચ (રૂ. ૧૩,૨૨૫ ના ૭ ટકા)	૭૯૩
	કુલે	રૂ. ૧,૭૫૨

ઈન્કમટેક્ષની આંકણી માટેનું પત્રક. (૧૯૨૩-૨૪)

કુલ વારસીક ભાડું		રૂ. ૧૩,૪૨૫
બાદ ખાલી પડેલાં ઘરનું ભાડું મજરે લેવાનું		૨૦૦
		૧૩,૨૨૫
બાદ માગેલી કપાઈ (ઉપર મુજબ)	૧,૭૫૨	
કુલ્લે ભાડાંનો (રૂ. ૧૩,૨૩૫) નો છઠ્ઠો ભાગ ખરચ માટે	૨૨૦૪	
		૩,૯૫૬
	કુલ આવક	રૂ. ૯,૨૬૯
બાદ જીંદગીના વીમાનું પ્રીમ્યમ (રૂ. ૯,૨૬૯ નો છઠ્ઠો ભાગ)		૧,૫૪૫
	કરને પાત્ર આવક	રૂ. ૭૭૨૪

કે. સોરાબજીની આવક રૂ. ૫,૦૦૦ થી વધુ તથા રૂ. ૧૦,૦૦૦ થી ઓછી છે માટે એવણને દર રૂપીએ ૬ પાઇને હિસાબે રૂ. ૭,૭૨૪ ઉપર ટેક્ષ આપવો પડશે.

(ખ) નોટ.

(૧) **વારસીક ભાડું.**—વરસો વરસ વ્યાજબી રીતે ઘર ભાડે આપવાની આશા રાખી શકાય તે રકમને વારસીક ભાડું કહે છે. ઉપર લખ્યા પ્રમાણે વારસીક ભાડું મ્યુનીસીપાલીટીની નક્કી આવક (જે વારસીક ભાડાની ૯૦ ટકા હોય છે) ઉપરથી કાઢી શકાય છે. જેમ કે હોર્નબી રોડના ઘરનું વારસીક ભાડું રૂ. ૭,૩૦૦ નીચે મુજબ આવ્યું છે:—

નકકી આવક નકકી આવક વારસીક ભાડું

$૯૦ ; \quad ૬,૫૭૦ ; \quad ૧૦૦ ; ? \therefore ? = \frac{૬૫૬૭ \times ૧૦૦}{૯૦} =$ ૭૩૦૦. એજ પ્રમાણે બીજી મીળકતોનું વારસીક ભાડું ગણવામાં આવ્યું છે. ખંબાલાહીલનો બંગલો જુલાઈ ૧૯૨૨ માં વેચી નાંખ્યો હતો, માટે તેનું વારસીક ભાડું ૩ મહીના માટેજ લેવામાં આવ્યું છે. તેજ પ્રમાણે દાદર બંગલાનું વારસીક ભાડું ૬ મહીનાનુંજ ગણ્યું છે.

ઉપલી વાર્ષિક આવક જાણવા માટે જે વરસ માટે અગાઉથી ટેક્ષ ભરવો પડે છે તેજ વરસના મ્યુનીસીપલ બીલ લેવાં જોઇએ. જેમ કે ઉપલાં ઉદાહરણ માટે ૧૯૨૩-૨૪ નાં મ્યુનીસીપલ પ્રોપરટી ટેક્ષ બીલમાં જણાવેલી નકકી આવક (net rateable value) લેવી જોઇએ. અને પછી તેમાં ઉપર લખ્યા મુજબ ૧૧$\frac{૧}{૯}$ ટકા ઉમેરવા.

(૨) **આગના વીમાનું પ્રીમ્યમ:**—અહીંપણ ઘરોનું પ્રીમ્યમ ૧૨ મહીનાનું, ખંબાલા હીલના બંગલાનું પ્રીમ્યમ ૩ મહીનાનું તથા દાદરના બંગલાનુ ૬ મહીનાનું લીધું છે. અત્રે કહેવું ઠીક પડશે કે જે પ્રીમ્યમ ખરેખર આપ્યું હોય તેજ બાદ આપવામાં આવશે. જો કે વીમા કું. ની રસીદ ઉપર વધારે રકમ લખેલી હોય છે, તેમાંથી વીમા કુંપની ઘણું ખરૂં ૨૫ ટકા વળતર બાદ આપે છે, અને

તેથી કરીને તે રકમના બાકીના ૭૫ ટકાજ ફકત વારસીક ભાડાંમાંથી બાદ કરી શકાય.

(૩) **ભાડું ઉઘરાવવાનો ખરચ:**—મુંબઈના ઘરોનું ભાડું ઉઘરાવવાનો ખર્ચ જો કે રૂ. ૮૭૩ નો થયો હતો છતાં એ સઘળો વારસીક ભાડાંમાંથી બાદ ન આપી શકાય. વધતામાં વધતો વારસીક ભાડાંના ૭ ટકા જેટલો બાદ થઈ શકે, માટે અત્રે મુંબઈના ઘરોની વારસીક આવક રૂ. ૧૩,૨૨૫ ના ૭ ટકા જેટલો રૂ ૭૯૩નો ખરચ ફકટ બાદ કીધો છે. બીજું ઘણો ખરો એવો ખરચ મોટી કીંમત અથવા ભાડાંની મીળકતો ઉપરજ આપવામાં આવે છે.

(૪) **જીંદગીના વીમાનું પ્રીમ્યમ:**—અત્રે પણ પ્રીમ્યમપર રૂ. ૧,૯૦૦ ખરચવામાં આવ્યા છે પણ એ બધા રૂપીઆ વારસીક ભાડામાંથી બાદ ન થઈ શકે, કારણકે વધતામાં વધતો એ ખરચ કુલે આવકના છઠ્ઠા ભાગ જેટલો બાદ આપી શકાય. કુલે આવક રૂ. ૯,૨૬૯ની હોવાથી છઠ્ઠા ભાગ જેટલા રૂ. ૧,૫૪૫ વીમા પેટે વારસીક આવકમાંથી બાદ કાધા છે.

(૫) **માંગેલી કપાઈના પુરાવા માટે વાઉચરો (ઓચ-રીયાં):**—જ્યારે પણ છુટ અથવા કપાઇ (ખરચ માટે) માંગવામાં આવે ત્યારે તેના પુરાવા પેટે ઓચરીઆં રજુ કરવાં જોઇએ. જેમકે રસીદો, કંટ્રાકટ, કરારનામું, ખત પત્ર વગેરે.

(૫) **ઘર ધણીનાં વપડાસ માટેની મીલકત:**—ઉપલી મીલકતની વારસીક આવક કુલ આવકના દશ ટકાથી વધુ નહીં ગણવામાં આવશે.

પ્રકરણ ૫ મું.

વકીલ, એકાઉન્ટન્ટ, ડાકટર વગેરે ધંધાદારીની આવક.

§ ૧. કરને પાત્ર આવક.

ઉપલા ધંધાદારી કર ભરનારે પોતાની સઘળાં સાધનોથી ઉપજથી આવકપર, ખરચ બાદ કરીને, ટેક્ષ આપવો, જે ખરચ ફક્ટ ધંધાને લગતોજ હોવો જોઇએ અને જેમાં કર ભરનારનો કોઈ પણ જાતનો અંગત અથવા ઘર ખરચનો સમાવેશ ન થવો જોઇએ. ઉપલી આવકમાં બ્રિટીશ હિંદુસ્તાનમાં રહેતા ધણીને હિંદુસ્તાનનાં કોઈ પણ ભાગમાંથી મળતી ધંધાને લગતી ફીનો પણ સમાવેશ થાય છે.

પહેલા પ્રકરણમાં દર્શાવેલા વાર્ષિક પત્રક, નાખવામાં આવતો કર, ચોપડા વગેરેની તપાસ, ઇન્કમટેક્ષના દાવાની નોટીસ, ટેક્ષની આંકણી શામે વાંધો, વગેરેને લગતા ફકરાઓ અત્રે પણ લાગુ પડે છે.

§ ૨. કરને પાત્ર આવક શોધવા માટે જોઇતા હિસાબ.

એ. બી. ગોવાંદે (જે એકાઉન્ટન્ટનો ધંધો કરે છે) તા. ૩૧મી માર્ચ ૧૯૨૩ ના દીવસે આખર થએલાં વરસનો પોતાનો આવક ખરચનો હીસાબ નીચે મુજબ તૈયાર કીધો છે, જે ઉપરથી એવણની કરને પાત્ર આવક (૧૯૨૩–૨૪ની આંકણી માટે) શોધી કાઢો તથા એમને કેટલો ટેક્ષ બધો મળીને આપવો પડશે? એવણ યુનીવર્સીટીમાં પરીક્ષક છે તથા સરકારી કોલેજમાં શીક્ષક હોવાં ઉપરાંત પોતાનાં વેપારી વર્ગો પણ ચલાવે છે.

જમે.	આવક તથા	ખરચ ખાતું.	ઉધાર.
ઑડીટ ફી	૫,૭૦૦	ઓફીસનો ખરચ	૨,૭૩૫
પરચુટણ હિસાબો તપાસવાની આવક	૩,૮૦૬	કલાસ (વર્ગ) નો ખરચ	૮૩૭
શેરનું વ્યાજ (ગ્રોસ)	૩૮૪	અંગત અથવા ઘર ખરચ	૬,૨૦૫
વેપારી વર્ગની ફી	૨,૭૦૦	ઈન્કમટેક્ષ	૨૮૩
સરકારી કોલેજનો પગાર (૬ પાઈના હીસાબે ટેક્ષ બાદ)	૪,૬૫૦	વોર ફંડમા ભર્યા	૫૦૦
પરીક્ષક તરીકેનું લવાજમ	૧,૭૫૦	જીંદગીના વીમાનું પ્રીમ્યમ	૭૫૦
બેન્કનું વ્યાજ	૧૨૪	એકાઉન્ટન્ટ સોસાયટીને લવાજમના ભર્યા	૮૫
શેર વેચવાથી થએલો નફો	૧૫૦	એકાઉન્ટન્ટનાં પરોપકારી ફંડમા ભર્યા	૧૦૦
પેટા ભાડુત પાસથી ભાડું	૬૦૦	ચોખ્ખી આવક	૯,૩૬૯
શીષ્યો તરફથી ઇનામ	૧,૦૦૦		
	રૂ. ૨૦,૮૬૪		રૂ. ૨૦,૮૬૪

(ક) ઇન્કમટેક્ષ માટે સુધારેલો આવક ખરચનો હિસાબ.

જમે.			ઉધાર.
ઉપર પ્રમાણેની ચોખ્ખી આવક	૯,૩૬૯	શેરનું વ્યાજ (ગ્રોસ)	૩૮૪
અંગત અથવા ઘર ખરચ	૬,૨૦૫	કોલેજનો પગાર (ટેક્ષ બાદ)	૪,૬૫૦
ઇનકમટેક્ષ	૨૮૩	શેર વેચવાથી થએલો નફો	૧૫૦
વોર ફંડમાં ભર્યા	૫૦૦	શીષ્યો તરફથી ઈનામ	૧,૦૦૦
એકાઉન્ટન્ટનાં પરોપકારી ફંડમાં ભર્યા	૧૦૦	કરને પાત્ર આવક	૧૧,૦૨૩
જીંદગીના વીમાનું પ્રીમ્યમ	૭૫૦		
	રૂ. ૧૭,૨૦૭		રૂ. ૧૭,૨૦૭

(ખ) ઈન્કમટેક્ષ માટે સુધારેલો આવક ખરચનો હિસાબ.

જમે.		ઉધાર.	
ઓડીટ ફી	૫,૭૦૦	ઓફીસનો ખરચ	૨,૭૩૫
પરચુટણ હિસાબો તપાસવાની આવક	૩,૮૦૬	ક્લાસનો ખરચ	૮૩૭
વેપારી વર્ગની ફી	૨,૭૦૦	એકાઉન્ટન્ટ સોસાયટી લવાજમના ભર્યા	૮૫
પરીક્ષક તરીકેનું લવાજમ	૧,૭૫૦	કરને પાત્ર આવક	૧૧,૦૨૩
બેંકનું વ્યાજ	૧૨૪		
પેટા ભાડુત પાસથી ભાડું	૬૦૦		
	રૂ. ૧૪,૬૮૦		રૂ. ૧૪,૬૮૦

જો કે ગોવીંદને રૂ. ૧૦,૨૭૩ પર ઈન્કમટેક્ષ આપવો પડશે, પણ એ ટેક્ષનો દર નક્કી કરવા માટે એમની બીજા સાધનોથી ઉપજતી આવક પણ (નીચે મુજબ) ધ્યાનમાં લેવાની છે.

(ક) ઈન્કમટેક્ષ કપાયલી આવક (ગ્રોસ):—

(૧) શેરનું વ્યાજ (રૂપીએ ૧૮ પાઇ કપાયેલી)	... ૪૨૦	
(૨) કોલેજનો પગાર (રૂપીએ ૬ પાઈ કપાયેલી)	...૪,૮૦૦	
		૫,૨૨૦

(ખ) ઈન્કમટેક્ષ ન કપાયલી આવક

(ઉપર મુજબ)	... ...	૧૧,૦૨૩
	કુલ આવક રૂ.	૧૬,૨૪૩

(ગ) ઇન્કમટેક્ષને પાત્ર આવક :—

(ખ) મુજબ	૧૧,૦૨૩	
બાદ જીંદગીના વીમાનું પ્રીમ્યમ	૭૫૦	
		રૂ. ૧૦,૨૭૩

એમની કુલ આવક રૂ. ૧૦,૦૦૦ થી વધુ તથા રૂ. ૨૦,૦૦૦ ની અંદર હોવાને લીધે, એમને સઘળી આવક પર દર રૂપીએ નવ પાઇને હિસાબે કર આપવો જોઇતો હતો. શેરના વ્યાજમાંથી ઇન્કમટેક્ષ દર રૂપીએ ૧૮ પાઇને હિસાબે કપાયો હતો માટે એમને રૂ. ૩૮૪ ઉપર દર રૂપીએ ૯ પાઇને હિસાબે ટેક્ષ મજરે મલવો જોઇએ. પણ એમના કોલેજના પગારમાંથી ૬ પાઇને હીસાબે ટેક્ષ બાદ થએલો હોવાને લીધે તે ઉપર (રૂ. ૪,૮૦૦) ૩ પાઇને હિસાબે વધારાનો ટેક્ષ ભરવો જોઇએ.

પ્રકરણ ૬ ઠું.

પરચુટણ બાબદો.

૧. બીજાં સાધનોથી થતી આવક.

છેલ્લાં ચાર પ્રકરણોમાં દર્શાવેલાં સાધનોથી ઉપજતી આવક ઉપરાંત બીજાં કોઈપણ સાધનોથી થતી આવક ઉપર પણ કર લેવામાં આવે છે. જેમ કે મોર્ગેજ (ગીરો) પર ધીરેલાં નાણાનું વ્યાજ; બેંકનાં ખાતાંપરનું વ્યાજ; હિંદુસ્તાનની બહાર થતી પણ હિંદુસ્તાનમાં મળતી હોય તે આવક; બીજી લેવડ દેવડથી થતો નફો; ડાયરેકટરની ફી; જમીનનું ભાડું વગેરે.

ઉપલી આવક મેળવતાં જે પણ જરૂરનો ખરચ થાય (અંગત ખરચ નહીં) તે તેમાંથી બાદ થઈ શકે.

§ ૨. કરને પાત્ર આવક.

કરને પાત્ર આવક શોધવાને માટે, કર ભરનારની છેલ્લાં ચાર પ્રકર્ણોમાં દરશાવેલાં સાધનોથી ઉપજતી આવકમાં ઉપલા ફકરામાં દર્શાવેલી આવક ઉમેરીને નીચલી બે રકમો બાદ કરવી જોઇએ:—

(૧) કંપની, પેઢી અથવા એકત્ર હિંદુ કુટુંબના ભાગીદાર તરીકે મળતી આવક, જો તે આવક પર તે કંપની, પેઢી અથવા કુટુંબ ઈન્કમટેક્ષ ભરતાં હોય.

(૨) પોતાની અથવા ધણીઆણીની જીંદગીના વીમાનું પ્રીમ્યમ, જે કુલે આવકનાં છઠ્ઠા ભાગથી વધુ ન હોવું જોઇએ. એ પ્રીમ્યમની માંગણી કરતી વેલા તેની રસીદ મોકળવી જોઇએ.

નોટ:—એ બે રકમો બાદ કરવા પહેલાં કુલ આવક કેટલી છે તથા તેને શું દર લાગુ પડશે તે શોધવું જોઈએ. અને મજકુર દર નકકી કીધા પછી એ રકમો બાદ થઈ શકશે.

ઉદાહરણ:—બીજાં પ્રકરણનાં ચોથાં સેકશનમાં દર્શાવેલી ડો. એમ. નારાયણજીની આવકની વીગતોપરથી એમની કરને પાત્ર આવક શોધી કાઢો.

ઇન્કમટેક્ષની આંકણી માટેનું પત્રક.

(ક) ઇન્કમટેક્ષ કપાયલી (અથવા ન કપાય એવી) આવક;—

આવકનું સાધન	વ્યાજનો દર.	મળેલી નક્કી આવક	કપાયલો ટેક્ષ.	કુલ આવક.
૧. સેક્રેટરીનો પગાર		૪,૦૯૦-૧૦-૦	૧૦૯- ૬-૦	૪,૨૦૦-૦-૦
૨. મુંબાઈ બેંકના શેર	૧૫ ટકા.	૧,૧૨૫- ૦-૦	—	૧,૧૨૫-૦-૦
૩. મરચંટ મેન્યુફેકચરીંગ કું.ના શેર... ...	૬ "	૫૪૩-૧૨-૦	૫૬- ૪-૦	૬૦૦-૦-૦
૪. વોર લોન	૫ "	૧,૦૦૦- ૦-૦	—	૧,૦૦૦-૦-૦
૫. સરકારી લોન...	૩॥ "	૩૧૭- ૩-૦	૩૨-૧૩-૦	૩૫૦-૦-૦
૬. મોસલેમ મીલના ડીબેંચર	૬ "	૨૧૭- ૮-૦	૨૨- ૮-૦	૨૪૦-૦-૦
૭. મનુભાઈ અને બીલીમોર્યાની પેઢીમાં ભાગ ...	૨/૩ "	૪,૩૫૦- ૦-૦	૪૫૦- ૦-૦	૪,૮૦૦-૦-૦
	રૂ.	૧૧,૬૪૪- ૧-૦	૬૭૦-૧૫-૦	૧૨,૩૧૫-૦-૦

			૧૨,૩૧૫-૦-૦
	(ખ) ઈન્કમટેક્ષને પાત્ર આવક :—		
(૧)	ડૉકટરના ધંધાની આવક ...	૮૧૭-૦-૦	
(૨)	મોર્ગેજ (ગીરો) પર ધીરેલાં નાણાંનું વ્યાજ	૩૭૫-૦-૦	
(૩)	ઘરની મિળકતની આવક ...	૩,૨૧૮-૦-૦	
(૪)	ડાયમંડ શેરનું વ્યાજ ...	૫૬-૦-૦	
(૫)	ભેગા સાહાસનો નફો ...	૯૦૦-૦-૦	
(૬)	ડાઇરેકટરની ફી	૧૮૦-૦-૦	
(૭)	જમીનનું ભાડું	૪૧-૦-૦	
			૫,૫૮૭-૦-
		કુલ આવક રૂ.	૧૭,૯૦૨-૦-૦

(ગ) ટેક્ષ માટેની નક્કી આવક :—

(ખ) મુજબની આવક (ઉપર પ્રમાણે) ...		૫,૫૮૭-૦-૦
બાદ જીંદગીના વીમાનું પ્રીમ્યમ	૭૯૫	
પ્રોવીડન્ટ ફંડમાં લવાજમના	૪૫૦	
		૧,૨૪૫-૦-૦
	રૂ.	૪,૩૪૨-૦-૦

નારાયણજીની કુલ આવક રૂ. ૧૦,૦૦૦ થી વધુ અને રૂ. ૨૦,૦૦૦ ની અંદર હોવાથી, એમને પોતાની સઘળી આવક પર દર રૂપીએ ૯ પાઇને હિસાબે ટેક્ષ આપવો જોઇએ. પણ એમને પોતની રૂ. ૧૨,૩૧૫-૦-૦ ની આવક પર દર રૂપીએ ૫ પાઇથી તે ૧૮ પાઈ સુધીનો ટેક્ષ ભર્યો છે માટે જે આવક પર એમને ૯ પાઇથી ઓછો ટેક્ષ આપ્યો હોય તો બાકીનો વધુ ટેક્ષ આપવો પડશે તેમજ જે આવક પર એમને ૯ પાઇથી વધુ ટેક્ષ ભર્યો હશે તો એમને દર રૂપીએ ૯ પાઇને હિસાબે ટેક્ષ મજરે મળવો જોઇએ. બીજું રૂ. ૪,૩૪૨ પર પણ એમને દર રૂપીએ ૯

પાઇને હિસાબે ટેક્ષ આપવો પડશે. નીચલાં પત્રક પરથી કેટલો ટેક્ષ વધુ આપવો અને કેટલો મજરે લેવો તે સહેલાઇથી જણાઈ આવશે.

મજરે લેવાનો તથા ભરવાનો કર દેખાડનારૂં પત્રક.

સાધન.	આવક.	દર.	કર ભરવો	કર મજરે લેવો.
(ક) કરને પાત્ર આવક (ઉપર પ્રમાણે) ...	૪,૩૪૨	૯ પાઈ	૨૦૩-૮-૬	—
(ખ) **કર કપાયલી આવક:**				
૧. સેક્રેટરીનો પગાર ...	૪,૨૦૦	૪ ,,	૮૭-૮-૦	—
૨. મનુભાઈ અને બીલીમોરી આની પેઢીમાં ભાગ	૪,૮૦૦	૯ ,,	—	૨૨૫- ૦-૦
૩. મરચંટ મેન્યુફેક્ચરીંગ કું૦ ના શેર. ...	૬૦૦	૯ ,,	—	૨૮- ૨-૦
૪. સરકારી લોનનું વ્યાજ	૩૫૦	૯ ,,	—	૧૬- ૬-૬
૫. ડીબેંચરનું વ્યાજ ...	૨૪૦	૯ ,,	—	૧૧- ૪-૦
૬. મુંબઈ બેન્કના શેર ...	૧,૧૨૫	૯ ,,	—	૫૨-૧૧-૯
		રૂ.	૨૯૧-૦-૬	૩૩૩- ૮-૩

ઉપલાં પત્રક મુજબ નારાયણજીને પહેલાં રૂ. ૨૯૧-૦-૬ નો કર ભરવો પડશે, અને ત્યાર પછી એમને રૂ. ૩૩૩-૮-૩ મજરે મલશે.

§ ૩. ભુલનો સુધારો.

જો કર ભરનાર પોતાની ઈન્કમટેક્ષની આંકણીમાંની કાંઈ ભુલ ઑફીસરને ઈન્કમટેક્ષના દાવાની નોટીસની તારીખ પછીના ૧૨ મહીનામાં, બતાવે અથવા તે તરફ તેમનું ધ્યાન ખેંચે, તો ઑફીસર ઉપલી મુદતમાં તે ભુલ સુધારી શકે અને કર ભરનારને ઘટતો ટેક્ષ મજરે આપી શકે.

§ ૪. કર ભરનાર સીવાય બીજાઓની જોખમદારી.

જો કોઈ વાલી પોતાના સગીરને માટે, અથવા ટ્રસ્ટી પોતાંના નાદારને માટે, અથવા લીકવીડેટર પોતાની કંપનીને માટે, અથવા આડત્યો

પોતાના શેઠને માટે, કાંઈ પણ આવક અથવા નફો મેલવતા હોય, તો તે વાલી, ટ્રસ્ટી, લીકવીડેટર, તથા આડત્યો મજકુર આવક ઉપર કર આપવાને બંધાયલા છે. અને જો તેઓ પોતાના હાથમાંની અસ્કયામત ઇન્કમટેક્ષ ભર્યા વગર વેચી નાખે અથવા તેની બીજી રીતે વ્યવસ્થા કરી નાખે, તો તેઓ પોતે તે ટેક્ષને માટે જોખમદાર રહે.

§ ૫. ધાર્મીક તથા ધર્માદા ખાતાંઓની આવક.

મંદીર, મસજીદ, આતશબેહેરામ વગેરે ધાર્મીક ખાતાંઓ, તેમજ હાસ્પીતાલ, પુસ્તકાળય વગેરે ધર્માદા ખાતાંઓ, તેમજ એવાં બીજાં પરોપકારી ખાતાંઓ જેઓની આવક કેવળ ધર્મ, કેળવણી, સખાવત, તંદરૂસ્તી તથા એવાં બીજાં પરગજુ કામોમાંજ વપડાતી હોય, અને એવાં ખાતાંઓને શેર, સીકયુરીટી વગેરેનું વ્યાજ ઇન્કમટેક્ષ કપાઇને મળતું હોય, તો તેઓ ઑફીસરની ખાતરી થવા બાદ ઉપલો સઘળો ટેક્ષ પાછો મેળવી શકે તથા તેઓની આવક પર કર લાગુ ન પડે.

§ ૬. કર કેમ પાછો લેવો?

જો એક શેર હોલડર (ભાગીદાર), જેને કંપનીમાંથી ડીવીડનડ (વ્યાજ) ટેક્ષ કપાઇને મેળવ્યું હોય; અથવા એક ભાગ્યો જેને પેઢી તરફથી નફો ટેક્ષ કપાઇને મેળવ્યો હોય (જે પેઢી રેજીસ્ટર થએલી હોય); અથવા એક શખસ, જેની સીકયુરીટીનું વ્યાજ ઇન્કમટેક્ષ બાદ થઇને મળ્યું હોય, ઑફીસરની ખાતરી કરે કે તેની કુલ આવક રૂ. ૪૦,૦૦૦ ની અંદર છે તો તેને ચોપડીની આખેરીએ દર્શાવ્યા મુજબનો કર મજરે મળે.

કરની રકમ પાછી મળવા માટેનો દાવો જે વર્ષમાં કર વસુલ કરવામાં આવ્યો હોય તે વર્ષના છેલ્લા દીવસથી એક વર્ષની અંદર કરવો જોઇએ, જ્યાર પછી તે સ્વીકારવામાં આવશે નહીં. નીચલા પ્રસંગોએ કર પાછો મેળવી શકાય.

(૧) એક શખસની કુલ આવક રૂ. ૨,૦૦૦ ની અંદર હોય, અને તેમાંની કોઈ આવક ટેક્ષ કપાઇને મળે, તો તે સઘળો ટેક્ષ મજરે મળે.

(૨) કોઈ શખ્સ પોતાની આંકણી માટેના હિસાબમાં પોતાની જીંદગીના વીમાનું પ્રીમ્યમ ઉધારતાં વીસરી જાય, તો તે પ્રીમ્યમની રકમ ઉપરનો ટેક્ષ પાછો મેળવી શકાય.

(૩) એક શખ્સ એક કરતાં વધુ ધંધામાં પડેલો હોય, અને તે ાઈ એક અથવા વધુ ધંધાના નફા પર બીજા કોઈ ધંધાનું નુકસાન બાદ કીધા વગર ટેક્ષ ભરે, તો તે નુકસાનની રકમ ઉપરનો કર પાછો મેળવી શકે.

(૪) જો કોઈ શખ્સ પોતાની કુલ આવકમાંથી ટેક્ષ કપાઇને મેળવેલી આવક બાદ કરયા વગર કુલ આવક ઉપર ટેક્ષ ભરે, તો તે શખ્સ પાછળથી મજકુર કપાયલો ટેક્ષ પાછો મેળવી શકે.

(૫) જો કોઈ ખાતાંની આવક કોઈ પણ જાતના ધાર્મીક પરોપકારી અથવા ધર્માદા કામમાં વપડાતી હોય, અને તે ખાતાંના શેર સીકયુરીટી વગેરેની આવક ટેક્ષ કપાઇને મળતી હોય, તો મજકુર કપાયલો સઘળો ટેક્ષ પાછો મેળવી શકાય.

ઉદાહરણ:

(ક) ઈન્કમટેક્ષમાંથી સદંતર મુકત થવા માટે.

જોન જેમ્સ પોતાની નીચલી આવકની વીગતો પરથી પોતે ઈન્કમટેક્ષમાંથી મુકત થઈ શકશે કે નહીં તે જાણવા માગે છે:—

એમની એક રમકડાંની દુકાન છે જેની કરને પાત્ર આવક રૂ. ૩૫૨–૨–૦ થાય છે. એમના એક ઘરની વારસીક ભાડાંની રકમ રૂ. ૪૫૦ ની ઠરી છે તથા તેની માગેલી કપાઈ રૂ. ૧૮૯ ની થવા જાય છે. એવણ એક પેઢીમાં ટાઈપીસ્ટનું કામ પણ કરે છે, જે માટે એમને દર મહીને રૂ. ૩૦ (ટેક્ષ કપાયા વગર) નો પગાર મળે છે. એક છોકરાને ઘરે શીખવવા માટે એમને રૂ, ૧૦ મહીને દીવસે આપવામાં આવે છે. એવણે પોતાની જીંદગીનો વીમો સધ્ધર વીમા કુંપનીમાં ઉતરાવ્યો છે, જેનું વારસીક પ્રીમ્યમ રૂ. ૧૯૫ આપવું પડે છે.

ઈન્કમટેક્ષમાંથી મુકત થવા માટેનું પત્રક.

૧,	દુકાનનો કરને પાત્ર નફો	૩૫૨- ૨-૦
૨.	ઘરની ચોખ્ખી આવક	૨૬૧- ૦-૦
૩.	ટાઈપીસ્ટનો પગાર	૩૬૦- ૦-૦
૪.	છોકરાને શીખવવાની ફી	૧૨૦- ૦-૦
	કુલ આવક રૂ.	૧,૦૯૩- ૨-૦
	બાદ જીંદગીના વીમાનું પ્રીમ્યમ ...	૧૮૨- ૩-૦
	કરને પાત્ર આવક રૂ.	૯૧૦-૧૫-૦

જેનની સઘળાં સાધનોથી ઉપજતી આવક રૂ. ૨,૦૦૦ ની અંદર હોવા માટે એવણ ઈનિકમટેક્ષમાંથી સદંતર મુકત થઈ શકે.

નોટ:—જો કે એમને વીમાના રૂ. ૧૯૫ ભર્યા છે, તે છતાં એવણ પોતાની કુલ આવકના છઠ્ઠા ભાગથી વધુ રકમ તે પોતાની આવકમાંથી બાદ ન કરી શકે.

(ખ) ઈન્કમટેક્ષ ઓછો કરાવવા માટે.

ફી. એફ. રોઝ એક કાપડનાં ધંધાના માલેક છે, જેમની કરને પાત્ર આવક રૂ. ૩,૭૫૦ ની થવા જાય છે. એમનું એક મોજાંનુ કારખાનું છે, જેમાં એમને રૂ. ૧,૦૦૦ નું નુકસાન થયું છે. માલોની સ્કુલ ઓફ મ્યુઝીકમાં એવન ગાયન શીખવે છે જે માટે એમને દર મહીને રૂ. ૨૦૦ નો (દર રૂપીએ ૫ પાઇને હિસાબે ટેક્ષ કપાઇને) પગાર આપવામાં આવે છે.

એવણ પાસે રૂ. ૫,૦૦૦ ના ૫ાા ટકાના (ઈનિકમટેક્ષથી મોકળાં) વોર બોન્ડસ, તથા રૂ. ૧૦,૦૦૦ ની ૩ાા ટકાની સરકારી લોન છે. ખંબાલા હીલના એમના બંગલાની વારસીક ભાડાની રકમ રૂ. ૯,૦૦૦ ની તથા તે માટેની માંગેલી કપાઈની રકમ રૂ. ૩,૮૭૫ ની ઠેડવવામાં આવી છે. થ્રેડ નીડલ કંપનીમાં ડાયરેકટર હોવાથી એમને ફીના દર વરસે

રૂ. ૩૦૦ મળે છે, એમને સેંત્રલ બેંકના ચાલુ ખાતાનું વ્યાજ રૂ. ૨૮૯ તથા બોમ્બે બેંકના ડીપોઝીટ ખાતાનું વ્યાજ રૂ. ૧૪૫૦ મળ્યું છે. એવણુ પોતાની જીંદગીના વીમાનું પ્રીમ્યમ દર વરસે રૂ. ૬૦૦ ભરે છે.

ઉપલી વીગતપરથી એમનો ઈન્કમટેક્ષ કેટલો ઓછો થઇ શકે તે જણાવો.

ઈન્કમટેક્ષ ઓછો કરાવવા માટેનું પત્રક.

(૧) ઈન્કમટેક્ષ કપાયલી (અથવા ન કપાય એવી) આવક:—

આવકનું સાધન.	દર.	મળેલી આવક.	કપાયલો ટેક્ષ.	કુલ આવક.
		રૂ. આ.	રૂ. આ.	રૂ. આ.
૧. વોર બોંડનું વ્યાજ...	૫½ ટકા.	૨૭૫—૦—૦	...	૨૭૫-૦-૦
૨. સરકારી લોનનું વ્યાજ.	૩½ ,,	૩૧૭—૩—૦	૩૨-૧૩-૦	૩૫૦-૦-૦
૩. શીક્ષકનો પગાર ...		૨,૩૩૭—૮—૦	૬૨—૮—૦	૨,૪૦૦-૦-૦
		૨,૯૨૯-૧૧-૦	૯૫—૫—૦	૩,૦૨૫-૦-૦

(૨) કરને પાત્ર આવક:—

૧. કાપડના ધંધાનો નફો	...	૩,૭૫૦—૦—૦	
૨. ઘરની મીલકતની આવક	...	૫,૧૨૫—૦—૦	
૩. ડાયરેકટરની ફી ...	...	૩૦૦—૦—૦	
૪. સેંત્રલ બેંકનું વ્યાજ	...	૨૮૯—૦—૦	
૫. મુંબઈ બેંકનું વ્યાજ	...	૧,૪૫૦—૦—૦	
		૧૦,૯૧૪—૦—૦	
બાદ મોજાંના ધંધાની ખોટ ...		૧,૦૦૦—૦—૦	
			૯,૯૧૪—૦—૦

કુલ આવક રૂ. ૧૨,૯૩૯—૦—૦

કરને પાત્ર આવક	૯,૯૧૪
બાદ જીંદગીના વીમાનું પ્રીમ્યમ	૬૦૦
	રૂ. ૯,૩૧૪

રોઝની કુલ આવક રૂ. ૧૦,૦૦૦ થી વધુ અને રૂ. ૨૦,૦૦૦ થી ઓછી હોવાને લીધે એવણે પોતાની સઘળી આવક ઉપર દર રૂપીએ ૯ પાઇને હીસાબે ટેક્ષ આપવો જોઇએ. તે માટે એવણ રૂ. ૨,૪૦૦ પર દર રૂપીએ ૪) પાઇને હિસાબે (કારણ કે ૫ પાઇને હિસાબે ટેક્ષ કપાયો હતો) તથા રૂ. ૯,૩૬૪ પર ૯ પાઇને હીસાબે ટેક્ષ ભરસે.

ઉપલો ટેક્ષ ભરવા પછી એવણ રૂ. ૩૫૦ (સરકારી લોનનું વ્યાજ) પર દર રૂપીએ ૯) પાઇને હિસાબે ટેક્ષ પાછો મેળવી શકશે. કારણકે એ રકમ ઉપર ૧૮ પાઇને હિસાબે ટેક્ષ કપાયો હતો. હવે એમને બધો મળીને ટેક્ષ કેટલો ભરવો તથા કેટલો પાછો લેવો તે નીચલાં પત્રક ઉપરથી જણાશે :—

કર ભરવાનું તથા મજરે લેવાનું પત્રક.

સાધન.	આવક.	દર.	કર ભરવો.	કર પાછો લેવો.
(ક) કરને પાત્ર આવક.	રૂ. ૯,૩૧૪	૯ પાઈ.	૪૩૬-૧૦-૦	—
(ખ) ટેક્ષ કપાયલી આવક:-				
૧. શીક્ષકનો પગાર ...	૨,૪૦૦	૪ ,,	૫૦- ૦-૦	—
૨. સરકારી લોનનું વ્યાજ.	૩૫૦	૯ ,,	—	૧૬-૬-૬
			રૂ. ૪૮૬-૧૦-૦	રૂ. ૧૬-૬-૬

§ ૭ ધંધાદારી એકાઉનટન્ટે ટેક્ષ માટે તઈયાર કરેલો હિસાબ.

ઇન્કમટેક્ષ અધીકારીઓ કર ભરનાર તરફથી ધંધાદારી એકાઉન્ટન્ટે તપાસીને તઇયાર કરેલો ઇન્કમટેક્ષ માટેનો હિસાબ ઘણો ખરો કબુલ રાખે છે. એવા એકાઉન્ટન્ટ કર ભરનાર તરફ તેમજ સરકાર તરફ એક

સરખી રીતે જોખમદાર રહે છે માટે તેઓએ એવી રીતે વરતવું જોઇએ, કે જેમ કરીને કર ભરનારને વધારે ટેક્ષ ન આપવો પડે તેમજ સરકારને પણ જોઇએ તે કરતાં ઓછો ટેક્ષ ન મળે. ટુંકમાં, તેઓએ તદ્દન અપક્ષપાતપણે વરતવું જોઇએ.

સાધારણ બાબદોમાં એકાઉન્ટન્ટને ઑફીસરને મળવાની જરૂર પડતી **નથી,** પણ કાંઈ અગત્યની બાબદ હોય ત્યારે તો તેમણે ઑફીસરને મ્હોડે મ્હોડું મળીને કાંઇ પણ સવાલનો ફડચો કરવો જોઇએ. જેમ કીધાથી વધુ વખત તેમજ પઈસાની બરબાદી થતી અટકે. એકાઉન્ટન્ટને અઘડી બાબદોમાં રોકવાથી કર ભરનાર પોતાના પઈસાનો, વખતનો, તથા મહેનતનો ઘણો બચાવ કરી શકે છે.

§ ૮ ઈન્કમટેક્ષના ચઢ ઉતરના દરનો કોઠો.

આવક.	દર.
૧. કરને પાત્ર આવક રૂ. ૨,૦૦૦ થી ઓછી હોય તો	કાંઈ નહી.
૨. કરને પાત્ર આવક રૂ. ૨,૦૦૦ અથવા વધુ પણ રૂ. ૫,૦૦૦ થી ઓછી હોય તો	દર રૂપીએ ૫ પાઈ.
૩. કરને પાત્ર આવક રૂ. ૫,૦૦૦ અથવા વધુ પણ રૂ. ૧૦,૦૦૦ થી ઓછી હોય તો	દર રૂપીએ ૬ પાઈ.
૪. કરને પાત્ર આવક રૂ. ૧૦,૦૦૦ અથવા વધુ પણ રૂ. ૨૦,૦૦૦ થી ઓછી હોય તો	દર રૂપીએ ૯ પાઈ.
૫. કરને પાત્ર આવક રૂ. ૨૦,૦૦૦ અથવા વધુ પણ રૂ. ૩૦,૦૦૦ થી ઓછી હોય તો	દર રૂપીએ ૧૨ પાઈ.
૬. કરને પાત્ર આવક રૂ. ૩૦,૦૦૦ અથવા વધુ પણ રૂ. ૪૦,૦૦૦ થી ઓછી હોય તો	દર રૂપીએ ૧૫ પાઈ.
૭. કરને પાત્ર આવક રૂ. ૪૦,૦૦૦ અથવા વધુ હોય તો	દર રૂપીએ ૧૮ પાઈ.

લીમીટેડ કમ્પની તથા નોંધાયલી પેઢીની આવક ઉપર દર રૂપે ૧૮ પાઇ.

§ ૯ ઈન્કમટેક્ષ પાછો લેવાને માટે ચઢ ઉતરના દરનો કોઠો.

આવક.	દર.
૧. કરને પાત્ર આવક રૂ. ૨,૦૦૦	થી ઓછી હોય, તો દર રૂપીએ ૧૮ પાઈ.
૨. કરને પાત્ર આવક રૂ. ૨,૦૦૦	થી વધુ પણ રૂ. ૫,૦૦૦ થી ઓછી હોય, તો દર રૂપીએ ૧૩ પાઈ.
૩. કરને પાત્ર આવક રૂ. ૫,૦૦૦	થી વધુ પણ રૂ. ૧૦,૦૦૦ થી ઓછી હોય, તો દર રૂપીએ ૧૨ પાઈ.
૪. કરને પાત્ર આવક રૂ. ૧૦,૦૦૦	થી વધુ પણ રૂ. ૨૦,૦૦૦ થી ઓછી હોય, તો દર રૂપીએ ૯ પાઈ.
૫. કરને પાત્ર આવક રૂ. ૨૦,૦૦૦	થી વધુ પણ રૂ. ૩૦,૦૦૦ થી ઓછી હોય, તો દર રૂપીએ ૬ પાઈ.
૬. કરને પાત્ર આવક રૂ. ૩૦,૦૦૦	થી વધુ પણ રૂ. ૪૦,૦૦૦ થી ઓછી હોય, તો દર રૂપીએ ૩ પાઈ.
૭. કરને પાત્ર આવક રૂ. ૪૦,૦૦૦	અથવા વધુ હોય, તો કાંઈ નહી.

INDIA ACT No. XI OF 1922.

હિંદુસ્તાન સરકાર.

લેજીસ્લેટિવ ડિપાર્ટમેન્ટ.

હિંદુસ્તાનના ધારામંડળનો હેઠળનો આક્ટ નામદાર ગવર્નર જનરલે સને ૧૯૨૨ ના માર્ચ મહિનાની ૫ મી તારીખે મંજુર કર્યો, અને તે આ ઉપરથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે :—

સને ૧૯૨૨ નો આક્ટ નંબર ૧૧ મો.

ઈનકમટેસ (આવક ઉપરના કર બાબતનો) તથા સુપરટેક્સ આક્ટ એકત્ર કરીને સુધારવા બાબતનો આક્ટ.

ઈનકમટેકસ (આવક ઉપરના કર બાબતનો) તથા સુપરટેકસ આક્ટ એકત્ર કરીને સુધારવો ઇષ્ટ છે: વાસ્તે, આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે :—

ટુંકું નામ, વ્યાપ્તિ અને શરૂઆત.

૧. (૧) આ આક્ટને સને ૧૯૨૨ નો હિંદુસ્તાનનો ઈનકમટેસ (આવક ઉપરના કર બાબતનો) આક્ટ કહેવો;

(૨) તે, બ્રિટિશ બલુચિસ્તાન તથા સોંથલ પરગણા સુદ્ધાં, આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે, અને મલિક મુઆઝમની સાથે મૈત્રી રાખનારા હિંદુસ્તાનના રાજાઓ તથા ઠાકોરોના મુલકમાંહે, તે મુલકમાંહેની હિંદુસ્તાન સરકારની નોકરીમાંહેની અથવા તે અર્થે ગવર્નર જનરલ ઇન કાઉન્સિલના અધિકાર ચલાવીને સ્થાપવામાં આવેલી સ્થાનિક અધિકારીની નોકરીમાંહેની બ્રિટિશ રૈયતને તેમજ તે મુલકમાંના મલિક મુઆઝમના બીજા સઘળા નોકરોને લાગુ પડે છે;

(૩) તે સને ૧૯૨૨ ના એપ્રિલ મહિનાની ૧ લી તારીખથી અમલમાં આવશે.

વ્યાખ્યા. ૨. આ આકટમાં, વિષય અથવા સંદર્ભ ઉપરથી કાંઇપણ બાધ આવે તે શિવાય,—

(૧) "ખેતીવાડીની આવક" એ સંજ્ઞાનો અર્થ,—

(અ) જે જમીન ખેતીવાડીના કામને માટે વપરાતી હોય, અને જે ઉપર બ્રિટિશ હિંદુસ્તાનમાં જમીન મહેસુલ આકારાતું હોય અથવા સ્થાનિક દરને પાત્ર હોઇને જે ઉપરનો તે દર સરકારના અમલદારો જમીનમેહેસુલ તરીકે આકારતા તથા એકઠો કરતા હોય તેવી જમીનનું કાંઇપણ ગણોત અથવા મહેસુલ;

(બ) નીચે લખ્યા પ્રમાણેની એવી જમીનની થતી કોઇપણ આવક એટલે કે :—

(૧) ખેતીવાડીથી, અથવા

(૨) ખેડુત પોતે અથવા ગણોતમાં પેદાશ લેનાર, પોતે ઉત્પન્ન કરેલી અથવા પોતાને મળેલી પેદાશને બજારમાં લઈ જવા લાયક કરવાને સાધારણ રીતે જે ક્રિયા કરે છે તે ક્રિયા ખેડુતે અથવા ગણોતમાં પેદાશ લેનારે, કરી હોય તો, તે ક્રિયાથી, અથવા

(૩) ખેડુતે પોતે અથવા ગણોતમાં પેદાશ લેનારે જે પેદાશ ઉત્પન્ન કરી હોય અથવા પોતાને જે પેદાશ મળી હોય, અને જેની બાબતમાં, પેટા-કલમ (૨) માં જણાવેલા પ્રકારની ક્રિયા શિવાય બીજી ક્રિયા કરવામાં આવી ન હોય તેના વેચાણથી,

(ક) એવી કોઇપણ જમીનનું ગણોત અથવા મહેસુલ લેનારની માલિકીની તથા ભોગવટાની કોઇપણ ઇમારતથી, અથવા જે કોઇપણ જમીનના સંબંધમાં અથવા જે કોઇપણ જમીનની પેદાશના સંબંધમાં, રકમ (બ) ની પેટા-કલમ (૨) તથા (૩) માં જણાવેલી ક્રિયા કરવામાં આવતી હોય તે જમીનના ખેડુતના અથવા ગણોતમાં પેદાશ લેનારના ભોગવટાની કોઇપણ ઇમારતથી,

થતી આવક એવો થાય છે.

પણ એવું ઠરાવ્યું છે કે તે ઈમારત તે જમીન ઉપર અથવા તે જમીનની છેક નજદીક હોવી જોઇએ: અને તે ઈમારત એવી હોવી જોઇએ કે તેની, ગણોત અથવાં મહેસુલ લેનારને, અથવા ખેડુત અથવા ગણોતમાં પેદાશ લેનારને, તે જમીન સાથે તેનો સંબંધ હોવાથી, રહેવાના ઘર તરીકે અથવા વખાર તરીકે અથવા બીજા ઉપગૃહ તરીકે જરૂર પટતી હોય;

(૨) (આસેસી) "કરને પાત્ર હોય તે શખ્સ" એ સંજ્ઞાનો અર્થ, જે શખ્સને આવક ઉપર કર આપવાનો હોય તે શખ્સ, એવો થાય છે;

(૩) "આસિસ્ટન્ટ કમિશનર" એ સંજ્ઞાનો અર્થ, ૫ મી કલમની રૂયે ઈન્કમટેકસ આસિસ્ટન્ટ કમિશનર તરીકે નેમાયલો શખ્સ, એવો થાય છે;

(૪) "ધંધો રોજગાર"એ સંજ્ઞામાં, કોઇપણ ધંધો, વેપાર અથવા હુન્નરકામનો અથવા ધંધો, વેપાર, અથવા હુન્નરકામના જેવા કોઈ સાહસ અથવા કામનો સમાવેશ થાય છે;

(૫) "કમિશનર" એ સંજ્ઞાનો અર્થ, ૫ મી કલમની રૂયે, ઇન્કમટેકસ કમિશનર તરીકે નીમાયલો શખ્સ, એવો થાય છે;

(૬) "કમ્પની" એ સંજ્ઞાનો અર્થ, સને ૧૯૧૩ ના હિંદુસ્તાનના કમ્પનીઓના આકટમાં, એ શબ્દની જે વ્યાખ્યા કરી છે તેવી, અથવા પાર્લામેન્ટના આકટ અથવા રૉયલ ચાર્ટર અથવા લેટર્સ પેટન્ટ અથવા કોઈ બ્રિટિશ તાબામાંહેના મુલકના કાયદા કરનારા મંડળનાં આકટના રૂયે ઉભી કરેલી કોઈ કંપની, એવો થાય છે, અને તેમાં, બોર્ડ ઓફ ઈન્લેંડ રેવેન્યુ, સામાન્ય અથવા વિશેષ હુકમ કાઢીને, આ આકટનાં કારણો સારૂ, કંપની તરીકે ઠરાવે તેવી, બ્રિટિશ હિંદુસ્તાનમાં ધંધો રોજગાર કરનારી કોઇપણ પરદેશી મંડળીનો, સમાવેશ થાય છે; પછી તે સંસ્થાપિત કરેલી હોય, અને કે ન હોય, અને તેના ધંધારોજગારનું મુખ્ય મથક બ્રિટિશ હિંદુસ્તાતમાં હોય કે ન હોય, તેની હરકત નહિ.

(૭) "ઇન્કમટેકસ ઓફિસર" એ સંજ્ઞાનો અર્થ, કલમ ૫ ની રૂએ ઇન્કમટેકસ ઓફિસર તરીકે નિમાયલો શખ્સ, એવો થાય છે;

(૮) "માજીસ્ટ્રેટ" એ સંજ્ઞાનો અર્થ, પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ અથવા આ આકટ વિરૂધ્ધના ગુન્હાઓનો ઇન્સાફ કરવાને સ્થાનિક સરકારે ખાસ સત્તા આપી હોય એવો બીજા વર્ગનો માજીસ્ટ્રેટ, એવો થાય છે;

(૯) "શખ્સ" એ સંજ્ઞામાં, અવિભકત હિંદુ કુટુંબનો સમાસ થાય છે;

(૧૦) "ઠરાવેલું" એ સંજ્ઞાનો અર્થ, આ આકટની રૂએ કરેલી કાનુનો મુજબ ઠરાવેલું, એવો થાય છે.

(૧૧) "પાછલું વર્ષ" એ સંજ્ઞાનો અર્થ,—

(અ) જે વર્ષને માટે કર આકારવાનો હોય તેની તુરત પાછળના વર્ષના માર્ચ મહિનાની ૩૧ મી તારીખે પુરા થતા બાર મહિના, અથવા જો કરને પાત્ર હોય તે શખ્સનો હિસાબ, સદરહુ માર્ચ મહિનાની ૩૧ મી તારીખે પુરા થતા વર્ષને બદલે બીજી કોઇ તારીખે પુરા થતા વર્ષના સંબંધમાં સદરહુ બાર મહિનાની મુદતની અંદરની તારીખ સુધી તૈયાર કરવામાં આવ્યો હોય તો, સદરહુ કરને પાત્ર હોય તે શખ્સની મુનસફી પ્રમાણે, જે તારીખ સુધીનો તેનો હિસાબ આવી રીતે તૈયાર કરવામાં આવ્યો હોય, તે તારીખે પુરૂં થતું વર્ષ, એવો થાય છે.

પણ એવું ઠરાવ્યું છે કે, જો કરને પાત્ર હોય તે શખ્સે આ મુનસફીનો ઉપયોગ એક વખત કર્યો હોય તો, ઇન્કમટેકસ ઓફિસરની રજા શિવાય તથા તેને યોગ્ય લાગે તેવી શરતો અનુસર્યા શિવાય, એવા કરને પાત્ર હોય તે શખ્સથી તે વખતે તેને લાગુ હોય તે પ્રમાણેના "પાછલું વર્ષ" એ સંજ્ઞાનો અર્થ બદલાય એવી રીતે તેનો ફરીથી ઉપયોગ કરાશે નહીં; અથવા

(બ) કોઇપણ શખ્સ, ધંધો રોજગાર અથવા કંપની અથવા શખ્સ, ધંધો રોજગાર અથવા કંપનીના વર્ગના સંબંધમાં, બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુ અથવા આ અર્થે બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુ જેને અધિકાર આપે એવો કોઈ અધિકારી ઠરાવે એવી મુદ્દત, એવો થાય છે.

(૧૨) "મુખ્ય અમલદાર" એ સંજ્ઞા, જ્યારે સ્થાનિક અધિકારી અથવા કંપની અથવા બીજી કોઇ સાર્વજનિક સમાજ અથવા મંડળીના સંબંધમાં વપરાયલી હોય ત્યારે, તેનો અર્થ—

(અ) તે અધિકારી, કંપની, સમાજ, અથવા મંડળીનો સેક્રેટરી, ટ્રેઝરર, મેનેજર અથવા એજન્ટ, અથવા

(બ) તે અધિકારી, કંપની, સમાજ અથવા મંડળી સાથે સંબંધ ધરાવતા જે કોઇપણ શખ્સનાપર ઇન્કમટેકસ ઓફીસરે તે અધિકારી, કમ્પની, સમાજ અથવા મંડળીનો મુખ્ય અમલદાર છે એમ ગણવાના પોતાના ઇરાદાની નોટીસ બજાવી હોય તે શખ્સ,

એવો થાય છે;

(૧૩) "**સરકારી નોકર**" એ સંજ્ઞાનો અર્થ, હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં જે અર્થ તેનો થાય છે તેછે, એમ સમજવું.

(૧૪) "નોંધાયલી પેઢી" એ સંજ્ઞાનો અર્થ, પ્રત્યેક ભાગીદારોના ભાગ નિર્દિષ્ટ કરવામાં આવ્યા હોય એવા ભાગીદારીના ખતની રૂયે જે સ્થાપાયલી પેઢીની ઠરાવેલી વીગતો ઠરાવેલી રીતે ઇન્કમટેકસ ઓફિસર પાસે નોંધાવી હોય તે સ્થપાયલી પેઢી, એવો થાય તે.

(૧૫) "કુલ આવક" એ સંજ્ઞાનો અર્થ આ આકટ લાગુ પડતો હોય એવાં સઘળાં સાધનોથી થયેલી તથા કલમ ૧૬ માં જણાવેલી રીતે ગણવામાં આવેલી કુલ આવક, નફો તથા કમાઈ, એવો થાય છે.

(૧૬) "બીન-નોંધાયલી પેઢી" એ સાંજ્ઞાનો અર્થ, જે પેઢી નોંધાયલી ન હોય તે પેઢી, એવો થાય છે.

બાબ ૧ લો.

આવક ઉપર કર આકારવા બાબત.

આવક ઉપર કર આકારવા બાબત.

૩. જ્યારે હિંદી ધારામંડળના કોઈપણ આકટમાં એમ ઠરાવ્યું હોય કે કરને પાત્ર હોય તે શખ્સની કુલ આવકને લાગુ પડતા કોઈપણ દરથી અથવા દરોથી કોઈપણ વર્ષ માટે આવક ઉપરનો કર આકારવો ત્યારે, દરેક શખ્સ, કંપની, પેઢી તથા અવિભક્ત હિંદુ કુટુંબની પાછળા વર્ષની સઘળી આવક, નફા તથા કમાઈના સંબંધમાં, આ આકટના ઠરાવો મુજબ તથા તેમને પાત્ર, તે દર અથવા દરોથી તે વર્ષ માટે કર આકારવો.

આકટનું લાગુ પડવું.

૪. (૧) આમાં હવે પછી ઠરાવ્યું છે તે શિવાય, આ આકટ, ૬ ઠી કલમમાં જણાવેલી અથવા તેમાં આવી જતી, સઘળી આવક, નફા અથવા કમાઇને, જો તે આવક, નફો અથવા કમાઈ ગમે તે સાધન દ્વારા બ્રિટીશ હિન્દુસ્તાનમાં થએલા હોય, ઉત્પન્ન થતાં હોય અથવા આવતાં હોય અથવા મળેલ હોય, અથવા આ આકટના ઠરાવો મુજબ તે આવક, નફો અથવા કમાઈ બ્રિટીશ હિન્દુસ્તાનમાં થતી અથવા ઉત્પન્ન થતી અથવા મળતી ગણાતી હોય, તો તેને લાગુ પડશે.

(૨) બ્રિટીશ હિન્દુસ્તાનમાં રહેનારા શખ્સને બ્રિટીશ હિંદુસ્તાન બહાર કોઇપણ ધંધા રોજગારથી ઉત્પન્ન થતો અથવા થતો નફો અથવા કમાઇ, બ્રિટીશ હિંદુસ્તાનમાં જે વર્ષમાં તે મળેલ હોય અથવા લાવવામાં આવેલ હોય તે વર્ષમાં થયેલો નફો અથવા કમાઈ ગણવામાં આવશે; જો કે તે વર્ષમાં તે નફો અથવા કમાઇ ઉત્પન્ન થએલ અથવા થએલ ન

હોય તેની હરકત નહીં; પણ એવું ઠરાવ્યું છે કે તે જે વર્ષમાં ઉત્પન્ન થએલ અથવા થએલ હોય તે વર્ષની આખરથી ત્રણ વર્ષની અંદર એવી રીતે મળેલો અથવા લાવવામાં આવેલો હોવો જોઇએ.

ખુલાસો :—બ્રિટીશ હિંદુસ્તાનની બહાર ઉત્પન્ન થતો અથવા થતો નફો અથવા કમાઇ, બ્રિટીશ હિંદુસ્તાનમાં તૈયાર કરેલા સરવાયામાં તે ગણવામાં આવેલ હોય તેટલાજ માત્ર કારણસર, આ પેટા-કલમના અર્થ મુજબ, બ્રિટિશ હિંદુસ્તાનમાં મળેલ છે અથવાં લાવવામાં આવેલ છે એમ ગણવું નહીં.

(૩) આ આકટ હેઠળના વર્ગની આવકને લાગુ પડશે નહીં, એટલે કે :—

(૧) સર્વાંશે ધર્મસંબંધી અથવા ધર્માદા કામો માટે ટ્રસ્ટમાં અથવા બીજા કોઈ કાયદાના બંધનની રૂએ ધારણ કરેલી મિલકતમાંથી થએલી કોઈપણ આવક, તથા એવા કામ માટે માત્ર અંશતઃજ એવી રીતે ધારણ કરેલી મિલકતની બાબતમાં, તે કામ માટે વાપરેલી, અથવા વાપરવા માટે છેવટે જુદી કાઢેલી આવક,

(૨) ઐચ્છિક બક્ષીસોથી મળેલી તથા ધર્મસંબંધી અથવા ધર્માદા કામો માટેજ ફકત વાપરવાની ધર્મસંબંધી અથવા ધર્માદા સંસ્થાની કોઇપણ આવક,

(૩) સ્થાનિક અધિકારીઓની આવક,

(૪) સને ૧૮૯૭ નો પ્રોવિડન્ટ ફંડ બાબતનો આકટ જેને લાગુ પડતો હોય એવું પ્રોવિડન્ટ ફંડ જે સિકયુરિટીઓ ધારણ કરતું હોય, અથવા જે તેની મિલકત હોય, તે સિકયુરિટીઓનું અથવા સને ૧૯૧૨ નો પ્રોવિડન્ટ ઈન્શ્યુરન્સ સોસાયટી બાબતનો આકટ જેને લાગુ પડતો હોય અથવા તે આકટની રૂએ માફી આપવામાં આવી ન હોત તો જેને લાગુ પડતે, તેવી કોઇપણ પ્રોવિડન્ટ ઈન્શ્યુરન્સ સોસાયટી ધારણ કરતી હોય અથવા તેની મિલકત હોય તે સિકયુરિટીઓનું વ્યાજ,

(૫) આખા પેન્શનના અથવા તેના કોઈ ભાગના બદલામાં, અથવા મરણ અથવા ઈજા માટે એકત્ર બદલાની રકમ તરીકે, અથવા કોઈપણ વીમાની પૌલિસીની ભરપાઈની રકમ બદલ અથવા એવા કોઈપણ પ્રોવિડંટ ફંડમાં નાણાં ભરનારને ખાતે એકઠી થયલી જમા રકમ તરીકે મળેલી કોઈપણ સામટી રકમ,

(૬) કોઈપણ નફો મળે એવાં હોદ્દાનાં અથવા નોકરીનાં કામ કરવામાં થએલા સઘળા અને જરૂરના ખર્ચ મળવા બદલ, વિશેષ કરીને આપેલું કોઈપણ ખાસ એલાવન્સ, નફો અથવા હકસાઇ,

(૭) ધંધો રોજગારથી અથવા ધંધા ઉદ્યમ અથવા રોજગાર ચલાવવાથી મળતાં નહિ હોય તથા જે પ્રસંગોપાત મળતાં હોય અને વારે વારે તે મળતાં નહિ હોય અથવા કામે રહેનારના મહેનતાણામાં વધારા તરીકેનાં નહિ હોય એવાં કોઈપણ મળેલાં નાણાં,

(૮) ખેતીવાડીની આવક.

આ પેટા-કલમમાં "ધર્માદા કામ" એ સંજ્ઞામાં, ગરીબોને મદદ, કેળવણી, વૈદ્યકીય મદદ, અને સામાન્ય રીતે સાર્વજનિક ઉપયોગના બીજા કોઈપણ કામની વૃધ્ધિ, એમનો સમાવેશ થાય છે.

બાબ ૨ જો.

આવક ઉપરના કરના અધિકારીઓ.

આવક ઉપરના કરના અધિકારીઓ.

૫. (૧) આ આકટનાં કારણો સારૂ, આવક ઉપરના કર માટે હેઠળના વર્ગના અધિકારીઓ રહેશે, એટલે કે:—

(અ) બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુ,

(બ) ઇન્કમટેક્સ કમિશનરો,

(ક) ઈન્કમટેક્સ આસિસ્ટન્ડ કમિશનરો,

(ડ) ઈન્કમટેક્સ ઓફિસરો.

(૨) બોર્ડ ઓફ ઈગ્લંડ, રેવેન્યુ, ગવર્નર જનરલ ઈન્ કાઉન્સિલે નિમેલા એક અથવા વધારે શખ્સની બનશે એમ સમજવું.

(૩) દરેક પ્રાન્ત માટે એક ઈન્કમટેક્સ કમિશનર રહેશે, અને તેની નિમણુંક, તે અર્થે, સ્થાનિક સરકાર જે કાંઇપણ ભલામણ કરે તેનો વિચાર કર્યા પછી, ગવર્નર જનરલ ઈન્ કાઉન્સિલ તરફથી કરવામાં આવશે.

(૪) ઇન્કમટેક્સ આસિસ્ટન્ટ કમિશનર્સ તથા ઈન્કમટેક્સ ઓફિસરોની નિમણુંક, ગવર્નર જનરલ ઈન્ કાઉન્સિલના નિબંધને પાત્ર, ઈન્કમટેક્સ કમિશનરે લેખીત હુકમથી કરવી, તેમણે ઈન્કમટેક્સ કમિશનર ફરમાવે તેવા વર્ગના શખ્સોની તથા તેવા વર્ગની આવકની તથા તેવા પ્રદેશની બાબતમાં, પોતાની ફરજો અદા કરવી. કમિશનર, સામાન્ય અથવા વિશેષ લેખી હુકમ કાઢીને, એવું ફરમાવવાને મુખત્યાર છે કે કોઇ નિર્દિષ્ટ કરેલી બાબતમાં અથવા નિર્દિષ્ટ કરેલી બાબતોના વર્ગમાં. આ આકટના અથવા તેની રૂયે, ઈન્કમટેક્સ ઓફિસર તથા આસિસ્ટન્ટ કમિશનરને મળેલા અધિકાર, અનુક્રમે, આસિસ્ટન્ટ કમિશનરે તથા કમિશનરે ચલાવવા અને એવો હુકમ લાગુ પડતો હોય તેવી કોઈ બાબતના કારણ સારૂ, આ આકટ અથવા તેની રૂયે કરેલી કોઈ કાનુનો મુજબના ઈન્કમટેક્સ ઓફિસર અથવા આસિસ્ટન્ટ કમિશનરને લગતા ઉલ્લેખ. અનુક્રમે, આસિસ્ટન્ટ કમિશનરને તથા કમિશનરને લગતા ઉલ્લેખ સમજવા.

(૫) બોર્ડ ઓફ ઈન્લેંડ રેવેન્યુ, ઇંડિયા ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વર્ગના લોકોના સંબંધમાં અથવા તેવા વર્ગાની આવકના સંબંધમાં તથા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા પ્રદેશ માટે, એવી ફરજો બજાવવા ઈન્કમટેક્સ કમિશનરો, ઈન્કમટેક્સ આસિસ્ટન્ટ કમિશનરો તથા ઈન્કમટેક્સ ઓફિસરો નિમવાને મુખત્યાર છે, અને તે ઉપરથી પેટા-કલમો (૩) તથા (૪) ની રૂયે નિમાયલા અધિકારીઓએ નિર્દિષ્ટ કરેલા પ્રદેશમાં, નિર્દિષ્ટ કરેલા વર્ગના લોકોના સંબંધમાં અથવા નિર્દિષ્ટ કરેલા વર્ગની આવકના સંબંધમાં એવી નિર્દિષ્ટ કરેલી ફરજો બજાવવાનું બંધ થશે.

(૬) પેટા-કલમ (૪) ની રૂયે નિમાયલા ઇન્કમટેક્સ આસિસ્ટન્ટ કમિશનરો તથા ઈન્કમટેક્સ ઓફિસરો, આ આકટનાં કારણો સારૂ, જે પ્રાન્તમાં તેઓ પોતાની ફરજ બજાવતા હોય તે પ્રાંત માટે, પેટા-કલમ (૩) ની રૂયે નિમાયલા ઇન્કમટેક્સ કમિશનરના તાબામાં રહેશે.

ભાગ ૩ જો.

કર આકારવાજોગ આવક.

આવક ઉપરનો કર આકારવાજોગ આવકના વર્ગો.

૬. આ આકટમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે શિવાય, હેઠળ જણાવેલા વર્ગની આવક, નફો તથા કમાઈ-પર, આમાં હવે પછી જણાવ્યા પ્રમાણે, આવક ઉપરનો કર આકારવામાં આવશે, એટલે કે:-

(૧) પગાર.

(૨) સિકયુરિટીઓનું વ્યાજ.

(૩) મિલકત.

(૪) ધંધો રોજગાર.

(૫) (વકીલ, દાક્તર વગેરે) ધંધાની આવક.

(૬) બીજાં સાધનો.

પગાર.

૭. (૧) સરકાર, સ્થાનિક અધિકારી, કમ્પની અથવા બીજી કોઇ-પણ સાર્વજનિક સમાજ અથવા મંડળી પાસેથી અથવા તેની તરફથી, અથવા કોઈપણ ખાનગી કામે રાખનાર પાસેથી અથવા તેની તરફથી, કરને પાત્ર હોય તે શખસને જે કાંઈપણ પગાર અથવા રોજ, કાંઈપણ એન્યુઈટી, પેન્શન અથવા ગ્રેચ્યુઈટી તથા તેને કાંઈપણ પગાર અથવા રોજ મળતો હોય તેના બદલામાં અથવા તે ઉપરાંત તેને કાંઇપણ ફી, કમિશન હકસાઈ અથવા નફો મળ્યો હોય તો, તેના સંબંધમાં, "પગાર" ના સદર હેઠળ તેણે કર આપવો જોઇશે:

પણ એવું ઠરાવ્યું છે કે કોઇપણ માણસને ડિફર્ડ એન્યુઇટી મેળવી આપવા સારૂ અથવા તેની સ્ત્રી અથવા તેનાં છોકરાં માટે (ભરણ પોષણની) વ્યવસ્થા સારૂ, તેના પગારમાંથી સરકાર તરફથી મળેલી સત્તાની રૂયે કાપી લીધેલી કોઈપણ રકમના સંબંધમાં કર આપવો પડશે નહીં; માત્ર એટલુંજ કે એવી રીતે કાપી લીધેલી રકમ તે પગારના છઠ્ઠા ભાગથી વધારે હોવી જોઇએ નહી.

(૨) જે કોઈપણ આવક બ્રિટિશ હિંદુસ્તાનમાં આપવામાં આવે તો આ સદર હેઠળ કર આકારવાને પાત્ર થાય તેવી કોઈપણ આવક, સરકાર અથવા ગવર્નર જનરલ ઇન કાઉન્સિલે સ્થાપેલા કોઈપણ સ્થાનિક અધિકારી હિંદુસ્તાનના કોઇપણ ભાગમાં, કોઈ બ્રિટિશ રૈયતને અથવા મલિક મુઆઝમના કોઈપણ નોકરને આપે તો, તે એવી રીતે કર આકારવાને પાત્ર છે એમ સમજવું.

સિકયુરિટીનું વ્યાજ.

૮, હિંદુસ્તાન સરકારની અથવા સ્થાનિક સરકારની કોઈપણ સિકયુરિટીપર અથવા સ્થાનિક અધિકારી અથવા કમ્પનીએ કાઢેલા અથવા તેની તરફથી કાઢવામાં આવેલા ડિબેન્ચર અથવા નાણાં માટેની બીજી સિકયુરીટીઓપર મળવાનાં વ્યાજની બાબતમાં, "સિકયુરીટીઓનું વ્યાજ"ના સદર હેઠળ કરને પાત્ર હોય તે શખસે કર આપવો પડશે;

પણ એવું ઠરાવ્યું છે કે જે કોઈપણ સિકયુરીટી આવક ઉપરના કરથી મુક્ત કાઢવામાં આવી હોય અથવા જેના સંબંધમાં તેમ જાહેર કરવામાં આવ્યું હોય એવી હિંદુસ્તાન સરકારની કોઇપણ સિકયુરિટીપર મળવાના વ્યાજ ઉપર આવક ઉપરનો કર આપવો પડશે નહીં.

વધુ એવું ઠરાવ્યું છે કે આવક ઉપરના કરથી મુક્ત કાઢેલી સ્થાનિક સરકારની કોઇપણ સિકયુરિટીપર મળવાના વ્યાજ ઉપરનો આવક ઉપરનો કર સદરહુ સ્થાનિક સરકારે આપવો જોઇશે.

મિલકત.

૯. (૧) પોતાના ધંધા રોજગારના કામ માટે પોતે ભોગવટો કરતો હોય એવા પોતાની માલિકીની ઈમારતો તથા તેને લગતી જમીનનાં ભાગો શિવાયની કોઈપણ ઈમારત અથવા તેને લગતી જમીનની બનેલી મિલકત કે જેનો તે માલિક હોય, તેની વાસ્તવિક વાર્ષિક કિમ્મ-

તની બાબતમાં, હેઠળની છુટને પાત્ર, કરને પાત્ર હોય તે શખ્શે "મિલકત"ના સદર હેઠળ કર આપવો પડશે, એટલે કે:—

(૧) જ્યારે મિલકત માલિકના ભોગવટામાં હોય, અથવા જ્યારે તે ભાડુતને ભાડે આપવામાં આવી હોય અને જ્યારે માલિકે મરામતનો ખર્ચ કરવાનું માથે લીધું હોય ત્યારે, એવી કિમ્મતનો છઠ્ઠો ભાગ;

(૨) જ્યારે મિલકત ભાડુતના ભોગવટામાં હોય અને ભાડુતે મરામતનો ખર્ચ કરવાનું માથે લીધું હોય, ત્યારે એવી કિંમત અને ભાડુત આપતો હોય તે ભાડું, એ બે વચ્ચેનો, એવી કિંમતના વત્તામાં વત્તા છઠ્ઠા ભાગ સુધીનો તફાવત;

(૩) મિલકતના નુકસાન અથવા નાશના જોખમ બદલ વિમો ઉતરાવવા માટે આપવામાં આવેલી કોઈપણ વાર્ષિક પ્રિમિયમની રકમ;

(૪) જ્યારે મિલકત, ગીરો અથવા ચાર્જને પાત્ર હોય અથવા જમીનના ભાડાને પાત્ર હોય ત્યારે, એવા ગીરો અથવા ચાર્જ ઉપરની કોઈપણ વ્યાજની રકમ અથવા એવા કોઇપણ જમીનના ભાડાની રકમ;

(૫) મિલકતના સંબંધમાં જમીનમહેસુલ તરીકે આપવામાં આવેલી કોઈપણ રકમ;

(૬) (ભાડુ) ઉઘરાવવાના ખર્ચની બાબતમાં ઠરાવેલી વધારેમાં વધારે રકમથી વધુ નહીં હોય તેટલી રકમ;

(૭) ખાલી જગાના સંબંધમાં, તે બાબતના સંજોગોપર ધ્યાન આપીને ઈન્કમટેકસ ઓફિસર ઠરાવે તે રકમ;

પણ એવું ઠરાવ્યું છે કે આ પેટા-કલમની રૂયે મુકવાની કુલ છુટ, કોઈપણ પ્રસંગે, વાર્ષિક કિંમત કરતાં વધારે હોવી જોઇએ નહીં.

આ કલમનાં કારણ માટે, "વાર્ષિક કિંમત" એ સંજ્ઞાનો અર્થ, વર્ષે વર્ષે જે રકમથી વ્યાજબી રીતે સદરહુ મિલકત ભાડે આપી શકાય તે રકમ, એવો થાય છે.

પણ એવું ઠરાવ્યું છે કે, મિલકત પોતાને રેહેવાના કારણ માટે માલિકના ભોગવટામાં હોય તે પ્રસંગે, એવી રકમ, આ કલમનાં કારણો સારૂં, માલિકની કુલ આવકના દસ ટકા કરતાં વધારે હોવી જોઇએ નહિ એમ સમજવું.

ધંધો રોજગાર.

૧૦. (૧) કરને પાત્ર હોય તે શખ્સ જે કોઇપણ ધંધો રોજગાર ચલાવતો હોય તે ધંધા રોજગારના નફા અથવા કમાઈની બાબતમાં, તેણે "ધંધો રોજગાર" ના સદર હેઠળ કર આપવો પડશે.

(૨) એવો નફો અથવા કમાઈ, હેઠળ જણાવેલી છુટ મુકયા પછી, ગણવામાં આવશે, એટલે કે :—

(૧) જે મકાનમાં એવો ધંધો રોજગાર ચલાવવામાં આવતો હોય તે મકાન સારૂ આપેલું કાંઈપણ ભાડું; પણ એવું ઠરાવ્યું છે કે જ્યારે તે મકાનનો ઘણો મોટો ભાગ કરને પાત્ર હોય તે શખ્સ રહેવાના ઘર તરીકે વાપરતો હોય ત્યારે, એવી રીતે વાપરવામાં આવતા ભાગનું પ્રમાણ ધ્યાનમાં લઇને, ઈન્કમટેકસ ઓફિસર ઠરાવે તે રકમ આ કલમ આન્વયેની છુટની રકમ, ગણાશે;

(૨) મરામતની બાબતમાં, જ્યારે કરને પાત્ર હોય તે શખ્સ તે મકાનનો ફકત ભાડુત હોય, અને આવી મરામતનો ખર્ચ આપવાનું માથે લીધું હોય ત્યારે, તે માટે આપેલી રકમ; પણ એવું ઠરાવ્યું છે કે જો તે મકાનનો ઘણો મોટો ભાગ કરને પાત્ર હોય તે શખ્સ રહેવાના ઘર તરીકે વાપરતો હોય તો, એવી રકમના પ્રમાણસર ભાગનીજ છુટ આપવામાં આવશે;

(૩) ધંધા રોજગારાર્થે ઉછીની લીધેલી મુડીની બાબતમાં, જ્યારે તેનું વ્યાજ આપવાનું નફો મળે તે ઉપર કોઈપણ રીતે આધાર રાખતું ન હોય ત્યારે, આપેલી વ્યાજની રકમ;

ખુલાસો:—ઠરાવવામાં આવે તેવી મ્યુચ્યુઅલ બેનીફીટ સોસાયટી-
ઓમાં શેર ધારણ કરનારાઓએ અથવા નાણાં ભર-
નારાઓએ મુદ્દતે મુદ્દતે આપવાનાં ભરણાં, આ
કલમમાં અર્થ મુજબ, ઉછીની લીધેલી મુડી ગણ-
વામાં આવશે.

(૪) ધંધો રોજગારાર્થે વાપરવામાં આવતી ઇમારતો, સાંચાકામ, પ્લાંટ, સામાનસુમન, સ્ટોક અથવા ભરી રાખેલા માલને નુકસાન અથવા નાશના જોખમ બદલના વિમાની બાબતમાં, આપેલી કોઈપણ પ્રિમિયમની રકમ;

(૫) એવી ઇમારતો, સાંચાકામ, પ્લાંટ અથવા સામનસુમનની ચાલુ મરામતની બાબતમાં, તે માટે આપેલી રકમ;

(૬) એવી ઇમારત, સાંચાકામ પ્લાંટ અથવા સામનસુમન જે કરને પાત્ર હોય તે શખ્સની માલકીનાં હોય તેની કિંમતમાં ઘટાડાના સંબંધમાં, કોઇપણ બાબતમાં અથવા કોઈપણ બાબતોના વર્ગના સંબંધમાં કરને પાત્ર હોય તે શખ્સને પડેલી તેની અસલ કિંમતનાં ઠરાવવામાં આવે એટલા ટકાની રકમ;

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) ઠરાવેલા વીગતો યોગ્ય રીતે પુરી પાડવામાં આવેલી હોવી જોઇએ;

(બ) જ્યારે કોઈપણ વર્ષ માટે કર લઈ શકાય એવો કાંઈ નફો અથવા કમાઈ ન હોવાને લીધે અથવા નફો અથવા કમાઈ છુટની રકમ કરતાં ઓછાં હોવાને લીધે, તે વર્ષ માટે એવી કાઈપણ છુટનો સંપુર્ણ અમલ, કરી શકાય નહીં ત્યારે, પ્રસંગ પ્રમાણે, જેનો અમલ કરવામાં આવ્યો ન હોય એવી છુટ અથવા છુટનો ભાગ, તેની પછીના વર્ષ માટેના ઘટાડા માટેની છુટની રકમમાં, ઉમેરવો અને તે છુટનો ભાગ ગણવામાં આવશે, અથવા

જો તે વર્ષ માટે કાંઈ છુટ ન હોય તો, તે વર્ષ માટેની છુટ ગણવી અને તે મુજબ, તે પછીનાં વર્ષ માટે ગણવું; અને

(ક) કોઈપણ બાબતમાં, આ આકટ અન્વયે અથવા તેની રૂયે રદ્દ કરેલા કોઈપણ આકટ અન્વયે અથવ સને ૧૮૮૬ ના હિંદુસ્તાનના આવક ઉપરના કર બાબતના આકટ અન્વયે આપવામાં આવેલી સર્વ છુટની એકંદર રકમ, પ્રસંગ પ્રમાણે, ઈમારતો, સાંચાકામ, પ્લાંટ અથવા સામનસુમનની કરને પાત્ર હોય તે શખ્સને પડેલી અસલ કિંમતથી વધારે થવી જોઈયે નહીં;

(૭) જે કોઈપણ સાંચાકામ અથવા પ્લાંટ નકામા થયાને લીધે વેચવામાં આવ્યાં હોય અથવા ઉપયોગમાંથી કાઢી નાખવામાં આવ્યાં હોય તેના સંબંધમાં, રકમ (૬) પ્રમાણે અથવા આ આકટની રૂયે રદ્દ કરેલા કોઈપણ આકટ પ્રમાણે અથવા સને ૧૮૮૬ ના હિદુસ્તાનના આવક ઉપરના કર બાબતનાં આકટ પ્રમાણે કિંમતના ઘટાડા સંબંધની આપેલી છુટોની કુલ રકમ બાદ કર્યા પછી, સાંચાકામ અથવા પ્લાંટની કરને પાત્ર હોય તે શખ્સને પડેલી અસલ કિંમત તથા જે રકમ માટે તે સાંચાકામ અથવા પ્લાંટ ખરેખર વેચેલ હોય તે રકમ અથવા તે ભાંગેલાં તરીકે તેની જે કિંમત આવે તે કિંમત વચ્ચેનો તફાવત;

(૮) ધંધો રોજગારના કારણો સારૂ વાપરવામાં આવતો હોય એવા સદરહુ મકાનના ભાગના સંબંધમાં, જમીનમહેસુલ, સ્થાનિક ધારા અથવા મ્યુનિસિપલ કર તરીકે આપેલી કોઈપણ રકમ.

(૯) એવો નફો અથવા કમાઈ મેળવવા સારૂજ કરેલા (મુડી ખર્ચના પ્રકારનો ન હોય એવા) કોઇપણ ખર્ચની રકમ.

(૩) પેટા-કલમ (૨) માં "આપેલું, આપેલી" એ શબ્દોના અર્થ, આ કલમની રૂયે જે ધોરણુ ઉપર નફો અથવા કમાઈ ગણુવામાં આવતાં હોય તે ધોરણુ ઉપર ગણુવાની પદ્ધતિથી ખરેખરૂં આપેલું, આપેલી અથવા ખરચેલી, એવો થાય છે.

વકીલ દાકતર વગેરે ધંધાની કમાણી.

૧૧. (૧) કરને પાત્ર હોય તે શખ્સ જે કોઈપણુ પેશો અથવા ઉદ્યમ કરતો હોય તેના નફા અથવા કામાઈની બાબતમાં "વકીલ, દાકતર વગેરે પેશાની કમાણી" ના સદર હેઠળ કરને પાત્ર હોય તે શખ્સે કર આપવો પડશે.

(૨) ખાસ એવા પેશા અથવા ઉદ્યમ માટેજ કરેલા (મુડીખર્ચના પ્રકારના ન હોય એવા) કોઇપણુ ખર્ચના છુટ મુકયા પછી, એવો નફો અથવા કમાઈ ગણુવામાં આવશે; પણુ એવું ઠરાવ્યું છે કે કરને પાત્ર હોય તે શખ્સના કાંઇપણુ અંગત ખર્ચ માટે કાંઇપણુ છુટ મુકવામાં આવશે નહીં.

(૩) સાધારણુ રીતે બ્રિટિશ હિંદુસ્તાનમાં રહેતા કોઇપણુ શખ્સને હિંદુસ્તાનના કોઈપણુ ભાગમાં તેના ધંધાને લગતી આપેલી ફી આ સદર હેઠળ કર આકારવાજોગ નફો અથવા કમાઇ ગણાશે.

બીજાં સાધનોથી થતી આવક.

૧૨. (૧) આ આકટ લાગુ પડતો હોય એવી દરેક જાતની અને દરેક સાધનોથી થતી આવક તથા દરેક જાતના અને દરેક સાધનોથી થતા નફા તથા કમાઈ (જો તે અગાડીના કોઈપણુ સદરમાં આવી જતાં ન હોય તો તે) ની બાબતમાં, કરને પાત્ર હોય તે શખ્સે "બીજાં સાધનોથી થતી આવક" એ સદર હેઠળ કર આપવો પડશે.

(૨) ખાસ એવી આવક મેળવવા સારૂ અથવા એવા નફા અથવા કમાઇ કરવા સારૂજ કરેલા (મુડી ખર્ચના પ્રકારના ન હોય એવા) કોઈપણુ ખર્ચ માટે છુટ મુકયા પછી, એવી આવક, નફા તથા કમાઈ ગણુવામાં આવશે; પણુ એવું ઠરાવ્યું છે કે કરને પાત્ર હોય તે શખ્સના કાંઇપણુ અંગત ખર્ચ માટે કાંઈપણુ છુટ મુકવામાં આવશે નહીં.

હિસાબ ગણવાની રીત.

૧૩. કલમો ૧૦, ૧૧ તથા ૧૨ નાં કારણો સારૂ, આવક, નફો અથવા કમાઈ, કરને પાત્ર હોય તે શખ્સ નિયમસર હિસાબ ગણવાની જે રીત કામે લગાડતો હોય તે રીત પ્રમાણે ગણવી.

પણ એવું ઠરાવ્યું છે કે, તે હિસાબ ગણવાની કોઈપણ રીત નિયમસર કામે લગાડતો ન હોય અથવા તેણે કામે લગાડેલી રીત એવી હોય કે, ઈન્કમટેક્સ ઓફિસરના મત પ્રમાણે, તે ઉપરથી નફો તથા કમાઈ બરાબર રીતે કાઢી શકાય નહીં તો, ઈન્કમટેક્સ ઓફિસર ઠરાવે તેવા ધોરણ ઉપર તથા તેવી રીતે ગણત્રી કરવી.

સામાન્ય પ્રકારની માફી.

૧૪. (૧) કરને પાત્ર હોય તે શખ્સને અવિભક્ત હિંદુ કુટુંબના આસામી તરીકે મળતી કોઈપણ રકમના સંબંધમાં તેણે કર આપવો પડશે નહીં,—

(૨) કરને પાત્ર હોય તે શખ્સે હેઠળના સંબંધમાં કર આપવો પડશે નહીં, એટલે કે:—

(અ) જે કંપનીના નફા અથવા કમાઈ ઉપર કર આકારવામાં આવ્યો હોય તે કંપનીના શેર ધારણ કરનાર તરીકે ડિવિન્ડડ તરીકે તેને મળતી કોઈપણ રકમના સંબંધમાં; અથવા

(બ) જે કોઈપણ પેઢીના નફા અથવા કમાઇ ઉપર કર આકારવામાં આવ્યો હોય તે પેઢીના નફા અથવા કમાઈના તેના ભાગના પ્રમાણની રકમના સંબંધમાં.

જીંદગીનાં વિમાની બાબતમાં માફી.

૧૫. (૧) પોતાની અથવા પોતાની ધણીયાણીની જીંદગીનો વિમો ઉતરાવવા માટે તેણે આપેલી કોઈપણ રકમના સંબંધમાં અથવા પોતાની અથવા પોતાની ધણીયાણીની જીંદગીપર ડિફર્ડ એન્યુઇટી માટેના કરારના સંબંધમા અથવા સને ૧૮૯૭ નો પ્રોવિડન્ટ ફંડ બાબતનો આકટ લાગુ પડતો હોય એવા પ્રોવિડન્ટ ફંડમાં ભરેલી અથવા સને ૧૯૧૨ પ્રોવિડન્ટ ઈન્સ્યુરન્સ સોસાઈટીઝ બાબતના આકટના ઠરાવોને અનુસરતા પ્રોવિડન્ટ ફંડમાં ભરેલી કોઈપણ રકમ અથવા તે આકટના

ઠરાવોમાંથી મુક્ત કરેલી કોઇપણ રકમના સંબંધમાં, કરને પાત્ર હોય તે શખસે કર આપવો પડશે નહીં.

(૨) જ્યારે કોઈ કરને પાત્ર હોય તે શખસ એકાદું હિંદુ અવિભક્ત કુટુંબ હોય, ત્યારે, સદરહુ કુટુંબના કોઇપણ પુરૂષ આસામીની અથવા એવા આસામીની ધણીયાણીની જીંદગીનો વિમો ઉતરાવવા માટે આપેલી કોઈપણ રકમ ઉપર પેટા-કલમ (૧) મુજબ માફી આપી છે એમ સમજવું.

(૩) આવી રીતે માફી આપેલી એકંદર કોઈપણ રકમ ૭ મી કલમની પેટા-કલમ (૧) વિશેષ ઠરાવની રૂએ માફી આપેલી કોઇપણ રકમ ઉમેરતાં, કરને પાત્ર હોય તે શખસની કુલ આવકના એકછષ્ટાંશ કરતાં વધારે થવી જોઇએ નહીં.

એકંદર આવક નક્કી કરતી વખતે માફી આપેલી તથા છોડી દિધેલી રકમો.

૧૬. (૧) કરને પાત્ર હોય તે શખસની કુલ આવક ગણતી વખતે, કલમ (૭) ની પેટા-કલમ (૧) ના વિશેષ ઠરાવ, કલમ (૮) ના વિશેષ ઠરાવ, કલમ ૧૪ ની પેટા-કલમ (૨) તથા કલમ ૧૫ ની રૂએ માફી આપેલી રકમો ગણત્રીમાં લેવી જોઇએ.

(૨) પેટા-કલમ (૧) નાં કારણો સારૂ, ૧૪ મી કલમની પેટા-કલમ (૨) ની રકમ (અ) માં જણાવેલી કોઇપણ રકમમાં, કંપનીએ મળેલાં ડિવિડંડો ઉપર આપવાના આવક ઉપરના કરની રકમ ઉમેરવી જોઇએ.

ચોકકસ હદ ઉપરનો વધારો થોડો હોય ત્યારે, કર ઓછો કરવા બાબત.

૧૭. જ્યારે કોઇપણ કરને પાત્ર હોય તે શખસની કુલ આવક ચોકસ હદ સુધી પહોંચી છે અથવા તેથી વધી છે તે કારણસર તે આવક ઉપરનો કર આપવાને અથવા ચઢતા દરથી આવક ઉપરનો કર આપવાને પાત્ર હોય ત્યારે, તેણે આપવાના કરની રકમ, જરૂર હોય તો, હેઠળ જણાવેલી રકમોના કુલ કરતાં વધુ ન થાય એટલી ઓછી કરવી, એટલે કે:—

(અ) તેની કુલ આવક તે હદ કરતાં એક રૂપિયા જેટલી ઓછી હોત તો, તેણે આપવી પડત તે રકમ; અને

(બ) તેની કુલ આવક તે રકમ કરતાં જેટલી વધારે હોય તે રકમ.

બાબ ૪ થો.

કાપી લેવાની રકમ તથા કર આકારવા બાબત.

જ્યાંથી આવક થતી હોય ત્યાં કાપી લેવા બાબત.

૧૮. (૧) આવક ઉપરનો કર, હિન્દુસ્તાન સરકારની કોઇપણ સિક્યુરિટીના સંબંધમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે શિવાય, નીચેના સદરો હેઠળ આવતી કર આકારવાજોગ આવકના સંબંધમાં, તે પગાર કરતી વખતે કાપી લઇને વસુલ કરવો :—

(૧) "પગાર;" તથા

(૨) "સિક્યુરિટીનું વ્યાજ."

(૨) "પગાર" ના સદર હેઠળ કર આકારવાજોગ કોઇપણ આવક પગાર કરવા સારૂ જવાબદાર હોય એવા કોઇપણ શખસે, તે પગાર કરતી વખતે, આ સદર હેઠળની કરને પાત્ર હોય તે શખસની અંદાજેલી આવકને લાગુ થતા દર પ્રમાણે પગાર કરવાની રકમપર આવકનો કર કાપી લેવો ;

પણ એવું ઠરાવ્યું છે કે એવો શખસ, એવી રીતે રકમ કાપી લે તે વખતે, અગાઉ કોઈપણ રકમ કાપી લેવાને લઇને અથવા કાપી લેવાની રહી ગયાને લઇને થએલી વધઘટ બરાબર કરવા સારૂ, આ પેટા-કલમની રૂએ કાપી લેવાની રકમમા વધારો ઘટાડો કરવાને મુખત્યાર છે.

(૩) "સિક્યુરિટીઓનું વ્યાજ" એ સદર હેઠળ કર આકારવાજોગ કોઇપણ આવક પગાર કરવા માટે જવાબદાર શખસે, તે પગાર કરતી વખતે, આપવાના વ્યાજની રકમ ઉપરનો કર વધારે માં વધારે દરે, કાપી લેવો.

(૪) આ કલમના ઠરાવોની રૂએ કાપી લીધેલી સઘળી રકમો, કરને પાત્ર હોય તે શખસની આવક ગણવાના કારણસર, તેને થયલી આવક ગણવી.

(૫) આ કલમના ઠરાવો મુજબ કાપી લીધેલી કોઈપણ રકમ, પ્રસંગ પ્રમાણે, જે શખસની આવકમાંથી તે કાપી લીધેલી હોય તે શખસ

તરફના, અથવા સીક્યુરીટીના માલીક તરફના, આવક ઉપરના કરના ભરણા તરીકે ગણવી, અને આ આકટની રૂએ પછીના વર્ષ માટે, જો કાંઇ કર આકારવામાં આવ્યો હોય તો, તે રકમ તેને જમે આપવી.

પણ એવું ઠરાવ્યું છે કે, એવા શખસ અથવા એવા માલીકને આ આકટના ઠરાવોની રૂએ કરનો એ પ્રમાણે કાપી લીધેલો કોઇપણ ભાગ પાછો મળે તો એવી રીતે પાછી મળેલી કોઇપણ રકમ જમે આપવી નહીં.

(૬) આ કલમના ઠરાવો મુજબ કાપી લીધેલી સઘળી રકમ, તે કાપી લેનાર શખસે ઠરાવેલી મુદતની અંદર, હીન્દુસ્તાન સરકારને ખાતે જમા કરાવવી અથવા બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુ ફરમાવે તે મુજબ ભરવી.

(૭) જો કોઇપણ શખસ, આ કલમમાં ઠરાવ્યા પ્રમાણે કર કાપી લઇને ભરે નહિ તો, બીજાં જે પરિણામો તેને થાય તેને બાધ ન આવતાં, તેને પોતાને તે કરના સંબંધમાં તકસીરવાન ગણવો.

(૮) આ કલમ મુજબ કર કાપી લઇને વસુલ કરવાની સત્તાથી બીજી કોઇપણ રીતે વસુલ કરવાની રીતને બાધ આવશે નહિ.

(૯) પેટા-કલમ (૩) ના ઠરાવોની રૂએ આવક ઉપરનો કર કાપી લેનાર દરેક શખસે, વ્યાજ આપતી વખતે, જે શખસને વ્યાજ આપવામાં આવે તે શખસને, આવક ઉપરનો કર કાપી લીધો છે એવી મતલબનો તથા એવી રીતે કાપી લીધેલી રકમ, જે દરથી કર કાપી લીધો હોય તે દર તથા ઠરાવવામાં આવે એવી બીજી વીગતો દર્શાવનારો દાખલો આપવો જોઇએ.

બીજી બાબતોમાં કર આપવો.

૧૯. કલમ ૧૮ ની પેટા-કલમ (૧) માં જણાવેલા શદરો શિવાયના બીજા કોઇપણ સદર હેઠળ કર આકારવાજોગ આવકના સંબંધમાં, અને સદરહુ કલમના ઠરાવો મુજબ આવક ઉપરનો કર કાપી લેવામાં આવ્યો ન હોય તેવે પ્રસંગે, કરને પાત્ર હોય તે શખસે કર પરભાર્યો આપવો જોઇયે.

૨૦. દરેક કંપનીના મુખ્ય અમલદારે, ડિવિડંડો વેંહેચતી વખતે, ડિવિડન્ડ લેનાર દરેક શખ્સને, વેહેચી આપવામાં આવતા નફા ઉપર કંપનીએ આવક ઉપરનો કર ભર્યો છે અથવા કંપની તે ભરશે એવી મતલબનો તથા ઠરાવવામાં આવે એવી બીજી વિગતો દર્શાવનારો દાખલો આપવો જોઇયે.

ડિવિડંડ મેળવનારા શેરહોલ્ડરોને કંપનીએ આપવાનો દાખલો.

૨૧. દરેક સરકારી ઓફિસના સંબંધમાં, ઠરાવેલા શખ્સે, અને દરેક સ્થાનિક અધિકારી, કંપની અથવા બીજી સાર્વજનિક સમાજ અથવા મંડળીના સંબંધમાં, મુખ્ય અમલદારે અથવા ઠરાવેલા શખ્સે તથા દરેક ખાનગી કામે રાખનારે, નીચે લખેલી હકીકતનું એક લેખી પત્રક, ઠરાવેલા નમુનામાં તૈયાર કરવું જોઇએ, અને દર વર્ષે માર્ચ મહીનાના ૩૧ મી તારીખ પછી ૩૦ દિવસની અંદર ઇન્કમટેકસ ઓફિસરને તે પહોંચાડવું અથવા પહોંચતું કરાવવું જોઇએ :—

વાર્ષિક પત્રક.

(અ) જે શખ્સને, 'પગાર' એ સદર હેઠળ, ઠરાવવામાં આવે તેવી કર આકારવાજોગ કોઇપણ આવકની રકમ, પ્રસંગ પ્રમાણે, સદરહુ અધિકારી, કંપની, સમાજ, મંડળી અથવા ખાનગી કામે રાખનાર પાસેથી સદરહુ માર્ચ મહિનાની ૩૧ મી તારીખે મળતી હોય અથવા તે તારીખે પુરા થતાં વર્ષ દરમિયાન મળી હોય તે દરેક શખ્સનું નામ તથા જાણી શકાય તેટલે સુધી તેનું સરનામું;

(બ) એવા દરેક શખ્સને મળેલી એવી આવકની રકમ, અને જે વખતે અથવા વખતોએ તે આપવામાં આવી હોય તે વખત અથવા વખતો;

(ક) એવા દરેક શખ્સની આવકમાંથી આવકના કરના સંબંધમાં કાપી લીધેલી રકમ.

૨૨. (૧) દરેક કંપનીના મુખ્ય અમલદારે પાછલા વર્ષ દરમિયાન કંપનીની કુલ આવકનું, ઠરાવેલા નમુના પ્રમાણેનું તથા તે ખરૂં છે એમ ઠરાવેલી રીતે કરેલા એકરારવાળું પત્રક તૈયાર કરવું જોઇએ અને દર વર્ષે જુન મહિનાની ૧૫ મી તારીખે અથવા તે પહેલાં ઇન્કમટેકસ ઓફિસરને પુરૂં પાડવું જોઇએ;

આવકનું પત્રક.

પણ એવું ઠરાવ્યું છે કે ઇન્કમટેકસ ઓફિસર, પોતાની મુનસફી પ્રમાણે, કોઇપણ કંપની અથવા કોઇપણ વર્ગની કંપનીના સંબંધમાં, પત્રક પહોંચાડવાની તારીખ લંબાવવાને મુખત્યાર છે.

(૨) ઇન્કમટેકસ ઓફિસરના મતપ્રમાણે જે શખ્સની કુલ આવક તેને આવક ઉપરના કરને પાત્ર કરે એટલી રકમની હોય એવા કંપની શિવાયના બીજા કોઇપણ શખ્સની બાબતમાં, ઇન્કમટેકસ ઓફિસર, તેનાપર એક નોટિસ કાઢીને. તે નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ઓછામાં ઓછા ત્રીસ દિવસની મુદ્દતની અંદર, (નોટિસમાં ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો સુધ્ધાં) પાછલા વર્ષ દરમિયાનની તેની કુલ આવકનું, ઠરાવેલા નમુના પ્રમાણેનું અને તે ખરૂં છે એમ ઠરાવેલી રીતે કરેલા એકરારવાળું, પત્રક પુરૂં પાડવાનું ફરમાવવાને મુખત્યાર છે.

(૩) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) થી અથવા તેની રૂયે આપેલી મુદ્દતની અંદર કોઈ શખ્સે પત્રક પુરૂં પાડયું ન હોય, અથવા તે પેટા-કલમોમાંની કોઈ એકની રૂયે પત્રક પુરૂં પાડયા પછી, તેને તેમાં કાંઈ રહી ગયાનું અથવા ખોટો એકરાર કર્યાનું જણાય તો, આકારણી થયા પહેલાં વખતે, પ્રસંગ પ્રમાણે, પત્રક અથવા સુધારેલું પત્રક પુરૂં પાડવાનો અધિકાર છે, અને એવી રીતે કરેલું કોઇપણ પત્રક, આ કલમની રૂયે યોગ્ય વખતની અંદર કરેલું પત્રક છે એમ ગણવું.

(૪) ઈન્કમટેસ ઓફિસર, કોઈ કંપનીના મુખ્ય અમલદાર અથવા કોઈ શખ્સ કે જેના ઉપર પેટા-કલમ (૨) ની રૂયે નોટિસ બજાવવામાં આવી હોય તેના ઉપર, નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે, પોતાને યોગ્ય લાગે તેવા હિસાબો અથવા દસ્તાવેજો રજુ કરવાનું અથવા કરાવવાનું ફરમાવનારી નોટિસ બજાયવાને મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે ઇન્કમટેક્સ ઓફિસરે. પાછલાં વર્ષના પહેલાનાં ત્રણ વર્ષ કરતાં વધારે મુદ્દતના હિસાબો રજુ કરવાનું ફરમાવવું નહીં.

કર આકારવા બાબત.

૨૩. (૧) જો ઇન્કમટેક્સ ઓફિસરની એવી ખાતરી થાય કે ૨૨ મી કલમ મુજબ કરેલું પત્રક ખરૂં તથા પુરેપુરૂં છે તો, તેણે કરને પાત્ર હોય તે શખસની કુલ આવક આકારવી અને એવા પત્રકના આધારે તેણે આપવાની રકમ ઠરાવવી.

(૨) ૨૨ મી કલમ મુજબ કરેલું પત્રક ખોટું અથવા અપર્ણ છે એમ માનવાને ઇન્કમટેક્સ ઓફિસરને કારણ હોય તો, ઈન્કમટેક્સ ઓફિસર, જે શખસે તે પત્રક કર્યું હોય તે શખસના ઉપર એક નોટિસ કાઢીને તેમાં જણાવેલી તારીખે, તેને પોતાની ઓફીસમાં હાજર થવાનું, અથવા પત્રકની પુષ્ટિમાં કરને પાત્ર હોય તે શખસ જે પુરાવા ઉપર આધાર રાખતો હોય તે પુરાવા રજુ કરવાનું અથવા રજુ કરાવવાનું ફરમાવવાને મુખત્યાર છે.

(૩) પેટા-કલમ (૨) મુજબ કાઢેલી નોટિસમાં લખેલી તારીખે અથવા તે પછી બની શકે તેટલા જલદી, ઈન્કમટેક્સ ઓફિસરે કરને પાત્ર હોય તે શખસ જે પુરાવા રજુ કરે તે તથા નિર્દિષ્ટ કરેલી બાબતોના સંબંધમાં પોતાને જોઇએ તેવા બીજા પુરાવા લીધા પછી, લેખી હુકમ કાઢીને, કરને પાત્ર હોય તે શખસની કુલ આવક ઉપર કર આકારવો, અને એવી આકારણીને આધારે, કરને પાત્ર હોય તે શખસે આપવાની રકમ નક્કી કરવી.

(૪) જો કોઇપણ કંપનીનો મુખ્ય અમલદાર અથવા બીજો કોઈપણ શખસ, પ્રસંગ પ્રમાણે કલમ ૨૨ ની પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) મુજબ પત્રક મોકલવાનું ચુકે, અથવા તેજ કલમની પેટા-કલમ (૪) મુજબ કાઢેલી નોટીસની સઘળી શરતો પાળવાનું ચુકે અથવા, પત્રક મોકલ્યા પછી, આ કલમની પેટા-કલમ (૨) મુજબ કાઢેલી નોટીસની સઘળી શરતો પાળવાનું ચુકે તો, ઇન્કમટેક્સ ઓફિસરે, પોતાની ઉત્તમ બુદ્ધિ પ્રમાણે, કર આકારવો.

૨૪ (૧) જ્યારે કોઇપણ કરને પાત્ર હોય તે શખસને ૬ ઠી કલમમાં જણાવેલા કોઇપણ સદર હેઠળ નફા અથવા કમાઇમાં કોઇપણ વર્ષમાં ખોટ જાય ત્યારે, કોઇપણ બીજા સદર હેઠલની તેની તે વર્ષની આવક, નફો અથવા કમાઇમાંથી તેની ખોટની રકમ બાદ કરાવવાનો તેને હક રહેશે.

કુલ આવક ગણતી વખતે ખોટની રકમ બાદ કરવા બાબત.

(૨) જ્યારે કોઈ કરને પાત્ર હોય તે શખસ એકાદી નોંધાયલી પેઢી હોય અને થયેલું નુકસાન પેટા-કલમ (૧) ની રૂયે સર્વાંશે બાદ કરી શકાય એમ ન હોય ત્યારે, જે નુકસાનની બાબતમાં એવી પેઢીના કોઇ સભાસદે કર આપવાનો હોય તે નુકસાન જે વર્ષમાં થયું હોય તે વર્ષની કોઈપણ આવક, નફા અથવા કમાઇમાંથી સદરહુ પેઢીમાંના તેના ભાગના પ્રમાણુસરની નુકસાનની રકમ અત્યાર આગમચ બાદ કરવામાં આવી ન હોય તેટલી રકમ બાદ કરાવવાનો તેને હક છે એમ ગણવું.

૨૫. (૧) જ્યારે સને ૧૯૨૨ ના માર્ચ મહિનાની ૩૧ મી તારીખ પછી, શરૂ કરેલો કોઈપણ ધંધો રોજગાર, પેશો અથવા ઉદ્યમ કોઈપણ વર્ષમાં બંધ કરવામાં આવે ત્યારે, પાછલા વર્ષની આખર અને એવી રીતે બંધ કરવામાં આવ્યાની તારીખની વચ્ચેની મુદતની આવક, નફા અથવા કમાઈના ધોરણ ઉપર, પાછલા વર્ષની આવક, નફા અથવા કમાઈના ધોરણ ઉપર, કાંઈપણ આકારણી કરી હોય તો તે, ઉપરાંત તે વર્ષની આકારણી કરવી.

ધંધો રોજગાર બંધ કર્યો હોય ત્યારે કરની આકારણી.

(૨) એવો કોઇપણ ધંધો રોજગાર, પેશો અથવા ઉદ્યમ બંધ કરનાર કોઈપણ શખસે ઈન્કમટેક્સ ઓફિસરને પોતાના એવી રીતે બંધ કરવા બાબતની ૧૫ દિવસની અંદર નોટીસ આપવી, અને આ પેટા-કલમની રૂયે ઠરાવેલી નોટીસ આપવાનું કોઈપણ શખસ ચુકે તો, ઇન્કમટેક્સ ઓફિસર એવું ફરમાવવાને મુખત્યાર છે કે, તે ધંધો રોજગાર, પેશો અથવા, ઉદ્યમ બંધ કર્યાની તારીખ સુધી તેની કાંઇપણ આવક, નફો અથવા કમાઇના સંબંધમાં જે કાંઇ કર પાછળથી આકારવામાં આવે તે કર કરતાં વધારે ન હોય તેટલી રકમ શિક્ષા તરીકે તેની પાસેથી વસુલ કરવી.

(૩) જ્યારે જે કોઇપણ ધંધો રોજગાર, પેશો અથવા ઉદ્યમ આ આકટની શરૂઆત વખતે હયાતીમાં હોય અને જેના ઉપર સને ૧૯૧૮ ના હિંદુસ્તાનના આવક ઉપરના કર બાબતના આકટના ઠરાવોની રૂયે કોઈપણ વખતે આવક ઉપરનો કર લેવામાં આવ્યો હોય, તે ધંધો રોજગાર, પેશો અથવા ઉદ્યમ બંધ કરવામાં આવેલ હોય ત્યારે, પાછલા વર્ષની આખરથી તે એવી રીતે બંધ કર્યાની તારીખ વચ્ચેની મુદતની આવક, નફા અથવા કમાઇની બાબતમાં, કર આપવો પડશે નહીં, અને કરને પાત્ર હોય તે શખ્સ વધુ એવો દાવો કરવાને મુખત્યાર છે કે પાછલા વર્ષની આવક, નફો તથા કમાઈ, સદરહુ મુદતની આવક, નફો તથા કમાઈ છે એમ ગણવુ. જ્યારે એવો કોઇ દાવો કરવામાં આવે ત્યારે, સદરહુ મુદતની આવક, નફો તથા કમાઈ ઉપર આકારણી કરવી અને, પાછલા વર્ષની આવક, નફો તથા કમાઇની બાબતમાં, એવા આકારણીના ધોરણે આપવાની રકમ કરતાં વધારે કરની રકમ આપી ચુકાઈ હોય તો, તફાવતની રકમ પાછી આપવી જોઇએ.

(૪) જ્યારે પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૩) મુજબ આકારણી કરવાની હોય ત્યારે, ઈન્કમટેકસ ઓફિસર, જે શખ્સની આવક, નફો અથવા કમાઈ ઉપર આકારણી કરવાની હોય તે શખ્સ ઉપર અથવા એકાદી પેઢીની બાબતમાં એવી પેઢી બંધ કરવામાં આવી હોય ત્યારે તેનો સભાસદ હોય એવા કોઇપણ શખ્સ ઉપર અથવા એકાદી કંપનીની બાબતમાં, તેના મુખ્ય અમલદાર ઉપર, કલમ ૨૨ ની પેટા-કલમ (૨) મુજબની નોટિસમાં દાખલ કરી શકાય એવી સઘળી અથવા કોઇપણ બાબતોવાળી એક નોટિસ બજાવવાને મુખત્યાર છે અને આ આકટના ઠરાવો, શકય હોય તેટલે સુધી. જાણે કે સદરહુ પેટા-કલમની રૂયે કાઢેલી તે નોટિસ હોય તે પ્રમાણે લાગુ પડશે.

ધંધા રોજગારની માલીકીમાં ફેરફાર.

૨૬, જ્યારે કાઈ પેઢીના બંધારણમાં કાંઈપણ ફેરફાર થાય અથવા જ્યારે કોઈ શખ્સ કોઇપણ ધંધા રોજગાર, પેશા અથવા ઉદ્યમ ઉપર બીજાને ઠેકાણે આવ્યો હોય ત્યારે, કર આકારતી વખતે, પ્રસંગ પ્રમાણે, નવી થએલી પેઢી ઉપર, અથવા ધંધો રોજગાર, પેશો અથવા ઉદ્યમ કરતા શખ્સ ઉપર કર આકારવો જોઇએ.

૨૭. જ્યારે કોઈ કરને પાત્ર હોય તે શખસ અથવા કંપનીની બાબતમાં તેનો મુખ્ય અમલદાર, આમાં હવે પછી ઠરાવ્યું છે તેવી રીતે કાઢેલી માગણીની નોટીસની બજાવણી પછી એક મહિનાની અંદર, ઈન્કમટેક્સ ઓફિસરની ખાતરી કરી આપે કે ૨૨ મી કલમ પ્રમાણે મોકલવાનું પત્રક પુરતાં કારણોને લીધે તે મોકલી શકયો ન હતો અથવા તો ૨૨ મી કલમની પેટા-કલમ (૪) અથવા ૨૩ મી કમલની પેટા-કલમ (૨) મુજબની નોટીસ તેને પહોંચી ન હતી, અથવા તો છેલ્લી જણાવેલી નોટીસોની શરતો પાળવવાની તેને વાજબી તક મળી ન હોતી, અથવા પુરતાં કારણોને લીધે તે તે પાળી શકયો ન હતો તો, ઇન્કમટેક્સ ઓફિસર કરની અકારણી રદ્દ કરવાને તથા ૨૩ મી કલમના ઠરાવો મુજબ નવેસરથી કર આકારવાનું શરૂ કરવાને મુખત્યાર છે.

જ્યારે કારણ બતાવવામાં આવે ત્યારે. કરની આકારણી રદ કરવી.

૨૮. (૧) આ આકટની રૂયે કરવાના કોઇ કામકાજ દરમિયાન ઈન્કમટેક્સ ઓફિસરની, આસિસ્ટન્ટ કમિશનરની અથવા કમિશનરની એવી ખાતરી થાય કે કરને પાત્ર હોય તે શખસે, પોતાની આવકની વિગત છપાવી છે, અથવા તેણે જાણીજોઇને એવી આવકની ખોટી વિગતો પુરી પાડી છે, અને તેમ કરીને ખરી આવકની રકમથી ઓછી રકમ જણાવી છે તો, તે એવું ફરમાવવાને મુખત્યાર છે કે કરને પાત્ર હોય તે શખસે, તેણે આપવાના આવક ઉપરના કર ઉપરાંત, તેને જણાવેલી આવક ખરી આવક તરીકે કબુલ કરવામાં આવી હતે તો જે આવક ઉપરના કરની રકમ તેને આપવી નહીં પડતે તેના કરતાં વધારે ન હોય એટલી રકમ, શિક્ષા તરીકે આપવી;

આવક છુપાવવા માટે શિક્ષા.

પણ એવું ઠરાવ્યું છે કે કરને પાત્ર હોય તે શખસનું કહેવું સાંભળ્યા શિવાય, અથવા તેને જે કહેવું હોય તે કહી સંભળાવવાની યોગ્ય તક આપ્યા શિવાય, એવો કોઇપણ હુકમ કરવો નહિ;

વળી એમ પણ ઠરાવ્યું છે કે, જે હકીકતો ઉપરથી આ કલમ મુજબ શિક્ષા રૂપે કર નાંખવામાં આવ્યો હોય તેજ હકીકતોના સંબંધમાં, આ આકટની વિરૂદ્ધના કોઈપણ ગુન્હા માટે કામ ચલાવવું નહિં.

(૨) જે આસિસ્ટન્ટ કમિસનર અથવા કમિશનરે પેટા-કલમ (૧) મુજબ હૂકમ કર્યો હોય તેણે તે હુકમની નકલ ઇન્કમટેસ ઓફિસરને તાબડતોબ મોકલી આપવી.

માગણીની નોટિસ.

૨૯. જ્યારે ઈન્કમટેકસ ઓફિસરે, કલમ ૨૩ મુજબ, કરને પાત્ર હોય તે શખસે આપવાની રકમ નક્કી કરી હોય, અથવા જ્યારે, શિક્ષાની રકમ આપવા માટે કલમ ૨૫ ની પેટા-કલમ (૨) અથવા કલમ ૨૮ મુજબ હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે તેણે, એવી રીતે આપવાની રકમ નિર્દિષ્ટ કરીને, ઠરાવેલા નમુના પ્રમાણેની માગણીની નોટિસ, કરને પાત્ર હોય તે શખસ ઉપર બજાવવી.

આ આકટ મુજબ આકારેલા કર સામા અપીલ

૩૦. (૧) કરને પાત્ર હોય તે શખસ પોતાના ઉપર કલમ ૨૩ અથવા કલમ ૨૭ મુજબ આકારેલા કરની રકમ અથવા આકારેલા કરના દર સામા વાંધો લે અથવા આ આકટ મુજબ પોતે કરને પાત્ર નથી એમ કહે અથવા કલમ ૨૭ મુજબની ફરી આકારણી કરવા માટેની ઈન્કમટેકસ ઓફિસરે ના પાડી હોય તે સામા અથવા ઈન્કમટેકસ ઓફિસરે કલમ ૨૫ ની પૈટા-કલમ (૨) અથવા કલમ ૨૮ મુજબ તેની સામા હુકમ કર્યો હોય તેની સામા વાંધો લે તો, સદરહુ આકારણી અથવા એવી ના પાડયાની અથવા હુકમની સામા આસિસ્ટન્ટ કમિશનરને અપીલ કરવાને તે મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે કલમ ૨૩ની પેટા-કલમ (૪) ની રૂએ અથવા તે પેટા-કલમ તથા કલમ ૨૭ સાથે વાંચીને કરેલી આકારણીના સંબંધમાં એવી કોઈપણ અપીલ ચાલશે નહિ.

(૨) સાધારણ રીતે સદરહુ અપીલ, પ્રસંગ પ્રમાણે, જે આકારણી અથવા શિક્ષા સામે વાંધો લેવામાં આવ્યો હોય તેને લગતી માગણીની નોટિસ મળ્યાના ત્રીસ દિવસની અંદર અથવા કલમ ૨૭ મુજબ નવી આકારણી કરવાની ના પાડયાની તારીખના ત્રીસ દિવસની આંદર કરવી જોઉએ; પણ અપીલ કરનારને તે મુદતની અંદર નહિ મોકલવાનું પુરંતુ

કારણ હતું એમ આસિસ્ટન્ટ કમિશનરની ખાતરી થાય તો, તે મુદત વીતી ગયા બાદ તે અપીલ લેવાને તે મુખત્યાર છે.

(૩) અપીલ ઠરાવેલા નમુના પ્રમાણે હોવી જોઇએ અને તે ખરી છે એવો તેમાં ઠરાવેલી રીતે એકરાર કરેલો હોવો જોઇએ.

અપીલની સુનાવણી.

૩૧. (૧) આસિસ્ટન્ટ કમિશનરે, અપીલની સુનાવણી માટે દિવસ અને જગા મુકરર કરવા જોઇએ અને સુનાવણી વખતો વખત મુલતવી રાખવાને તે મુખત્યાર છે.

(૨) કોઇપણ અપીલ નિકાલ કર્યાં પહેલાં, આસિસ્ટન્ટ કમિશનર, પોતાને યોગ્ય લાગે તેવી વધુ તપાસ કરવાને અથવા ઇન્કમટેકસ ઓફિસર પાસે વધુ તપાસ કરાવવાને મુખત્યાર છે.

(૩) અપીલનો નિકાલ કરવામાં, આસિસ્ટન્ટ કમિશનર, આકારણીના હુકમની બાબતમાં,

(અ) આકારણી કાયમ રાખવાને, ઓછી કરવાને, વધારવાને અથવા રદ્દ કરવાને, મુખત્યાર છે, અથવા

(બ) આકારણી રદ્દ કરવાને તથા ઇન્કમટેકસ ઓફિસરને યોગ્ય લાગે તેમ અથવા આસિસ્ટન્ટ કમિશનર ફરમાવે તેમ વધુ તપાસ કર્યાં પછી નવી આકારણી કરવા સારૂ ઇન્કમટેકસ ઓફિસરને ફરમાવવાને મુખત્યાર છે; અને તે ઉપરથી ઇન્કમટેકસ ઓફિસરે એવી નવી આકારણી કરવા માંડવી.

અથવા કલમ ૨૫ ની પેટાકલમ (૨) અથવા કલમ ૨૮ અન્વયેના હુકમની બાબતમાં.

(ક) એવો હુકમ કાયમ રાખવાને, રદ્દ કરવાને અથવા તેનાં ફેરફાર કરવાને મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે અપીલ કરનારને આકારણી વધારવા વિરૂદ્ધ કારણ બતાવવાની વાજબી તક આપ્યા શિવાય, આસિસ્ટન્ટ કમિશનરે એવી આકારણી વધારવી નહીં.

આસિસ્ટન્ટ કમિશનરના હુકમ સામા અપીલ.

૩૨. (૧) કલમ ૨૮ અન્વયે આસિસ્ટંટ કમિશનરે પસાર કરેલા હુકમ સામા અથવા કલમ ૩૧ ની પેટા-કલમ (૩) ની અન્વયે તેની આકારણી વધારવાના હુકમ સામા વાંધો લેનાર કોઈપણ કરને પાત્ર હોય તે સખસ, એવો હુકમ કરવામાં આવે તેના ત્રીસ દિવસની અંદર કમિશનરને અપીલ કરવાને મુખત્યાર છે.

(૨) અપીલ ઠરાવેલા નમુના પ્રમાણે હોવી જોઇએ અને તે ખરી છે એવા તેમાં ઠરાવેલી રીતે એકરાર કરેલો હોવો જોઇએ.

(૩) અપીલનો નિકાલ કરવામાં કમિશનર, અપીલ કરનારને સાંભળવાની તક આપ્યા પછી, તે ઉપર પોતાને યોગ્ય લાગે તેવો હુકમ પસાર કરવાને મુખત્યાર છે.

ફરી તપાસવાનો અધિકાર.

૩૩. (૧) કમિશનર, પોતાની મેળે, પોતાના તાબા હેઠળના કોઈ-પણ અમલદારે અથવા કલમ ૫ ની પેટા-કલમ (૪) ની રૂયે આસિસ્ટન્ટ કમિશનરના અધિકાર ચલાવતી વખતે પોતે આ આકટની રૂયે જે કાંઈ કામકાજ કર્યું હોય તેના કાગળો મંગાવવાને મુખત્યાર છે

(૨) સદરહુ કાગળો મળેથી કમિશનર પોતાને યોગ્ય લાગે એવી તપાસ કરવાને અથવા કરાવવાને મુખત્યાર છે અને આ આકટના ઠરાવોને પાત્ર, તે ઉપર પોતાને યોગ્ય લાગે તેવા હુકમ પસાર કરવાને તે મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે, કરને પાત્ર હોય તે શખસનું કહેવું સાંભળ્યા શિવાય અથવા તેને જે કહેવું હોય તે કહી સંભળાવવાની તેને વાજબી તક આપ્યા શિવાય, તેણે કરને પાત્ર હોય તે શખસને નુકસાન કરે એવો કોઈપણ હુકમ પસાર કરવો નહીં.

કર આકારવાનો રહી ગયો હોય એવી આવક.

૩૪. જો કોઈપણ કારણસર કર આકારવાજોગ આવક, નફો અથવા કમાઇ ઉપર કોઈપણ વર્ષમાં કર આકારવો રહી ગયો હોય, અથવા તો ઘણોજ ઓછા દરે કર આકારવામાં આવ્યો હોય તો, ઈન્કમટેકસ ઓફિસર, તે વર્ષ પુરૂં થયા પછી એક વર્ષની અંદર કોઇપણ

વખતે, તેવી આવક, નફા અથવા કમાઈ ઉપર કર આપવાને પાત્ર હોય તે સખસ ઉપર, અથવા કંપનીની બાબતમાં, તેના મુખ્ય અમલદાર ઉપર, ૨૨ મી કલમની પેટા-કલમ (૨) મુજબની નોટીસમાં દાખલ કરી શકાય એવી સઘળી અથવા કોઈપણ જરૂરી બાબતોવાળી નોટીસ બજાવવાને મુખત્યાર છે, અને તે એવી આવક ઉપર કર આકારવાને અથવા ફરી આકારવાને મુખત્યાર છે અને આ આકટના ઠરાવો, શકય હોય તેટલે સુધી જાણે તે નોટીસ સદરહુ પેકા-કલમ મુજબ કાઢેલી નોટીસ હોય તેમ, તે ઉપરથી લાગુ પડશે.

પણ એવું ઠરાવ્યું છે કે, આવક, નફો અથવા કમાઈ, પ્રસંગ પ્રમાણે આકારણી અથવા પુરી આકારણી કરવામાંથી રહી, ગએલ ન હોત તો, જે દર પ્રમાણે કર લેવામાં આવ્યો હોત, તે દર પ્રમાણે કર લેવો.

ભુલ સુધારવા બાબત.

૩૫. (૧) ઈન્કમટેકસ ઓફિસર, કરને પાત્ર હોય તે શખસ ઉપર કરેલી કોઈપણ માગણીની તારીખથી એક વર્ષની અંદર કોઈપણ વખતે, પોતાની મેળે, કર આકારવા બાબતના કાગળ ઉપરથી કાંઈ ભુલ માલમ પડે તે સુધારવાને મુખત્યાર છે, અને તેજ મુદ્દતમાં તેવા કરને પાત્ર હોય તે શખસ તરફથી તેની જાણમાં લાવવામાં આવે તેવી કોઈપણ ભુલ તેણે સુધારવીઃ

પણ એવું ઠરાવ્યું છે કે, એવી ભુલ સુધારવાથી કરણી આકારણીમાં વધારો થતો હોય ત્યારે ઇન્કમટેકસ ઓફિસરે પોતાના તેમ કરવાના ઇરાદાની નોટીસ કરને પાત્ર હોય તે શખસને આપ્યા શિવાય તથા તેને સાંભળવાની વાજબી તક આપયા શિવાય, તેવી ભુલ સુધારવી નહીં.

(૨) જ્યારે એવી કોઈપણ ભુલ સુધારવાથી કરની આકારણીમાં ઘટાડો થતો હોય ત્યારે, ઈન્કમટેકસ ઓફિસરે કરને પાત્ર હોય તે શખસને પાછી આપવાની કોઈપણ રકમ પાછી આપવી જોઇએ.

(૩) જ્યારે એવી કોઇપણ ભુલ સુધારવાથી કરની આકારણીમાં વધારો થતો હોય ત્યારે, ઇન્કમટેકસ ઓફિસરે કરને પાત્ર હોય તે શખસના ઉપર, ઠરાવેલા નમુના મુજબની માગણીની નોટીસ, તેણે આપવાની રકમ તેમાં જણાવીને બજાવવી, અને માગણીની એવી નોટીસ ૨૮ ની

કલમની રૂયે કાઢેલી ગણાશે અને આ આકટના ઠરાવો તે પ્રમાણે લાગુ પડશે.

કરની ગણત્રી પાસેમાં પાસેની આનાની રકમ સુધી કરવી.

૩૬. આ આકટની રૂયે, આપવાની કરની રકમ અથવા પાછી આપવાની રકમ નક્કી કરતી વખતે, ૭ પાઇથી ઓછા હોય એવા આનાના ભાગ ગણુવા નહીં, તથા ૭ પાઈ જેટલો અથવા ૭ પાઇથી વધારે આનાનો ભાગ ૧ આના તરીકે ગણુવો.

સોગન ઉપર પુરાવો લેવાનો અધિકાર, વીગેરે.

૩૭. આ બાબનાં કોઇપણુ કારણો સારૂં, ઇન્કમટેકસ ઓફિસર, આસિસ્ટન્ટ કમિશનર, તથા કમિશનરને હેઠળની બાબતોના સંબંધમાં દાવાનો ઇન્સાફ કરતી વખતે, સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની રૂયે કોર્ટને જે અધિકારો આપેલા છે તે અધિકારો છે, એટલે કે:—

(અ) કોઈપણુ શખસને હાજર રહેવાની ફરજ પાડવા તથા તેને સોગનપર અથવા એકરારથી તપાસવા બાબત;

(બ) દસ્તાવેજો રજુ કરવાની ફરજ પાડવા બાબત; તથા

(ક) સાક્ષી તપાસવા માટે કમિશનો કાઢવા બાબત;

અને આ બાબ મુજબ ઇન્કમટેકસ ઓફિસર, આસિસ્ટન્ટ કમિશનર અથવા કમિશનર આગળ ચાલતું કોઇપણુ કામ, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩ મી તથા ૨૨૮ મી કલમના અર્થ પ્રમાણે, "ઇન્સાફી મુકદમો" છે એમ સમજવું.

માહિતી મંગાવવાનો અધિકાર.

૩૮. આ આકટનાં કારણો સારૂ, ઇન્કમટેકસ ઓફિસર અથવા આસિસ્ટન્ટ કમિશનર;-

(૧) કોઇપણુ પેઢી અથવા અવિભક્ત હિંદુ કુટુંબને, પ્રસંગ પ્રમાણે પેઢીના સભાસદોનું અથવા કુટુંબના મેનેજર અથવા પુખ્ત ઉમરના પુરૂષોનું તથા તેમના સરનામાનું પત્રક પુરૂં પાડવાનું ફરમાવવાને,

(૨) જે કોઈપણ શખસને ટ્રસ્ટી, વાલી અથવા મુખત્યાર માનવાને પોતાને કારણ હોય તેને, જે શખસોનો તે ટ્રસ્ટી, વાલી અથવા મુખત્યાર હોય તેમનાં નામ તથા સરનામાનું પત્રક પુરૂ પાડવાનું ફરમાવવાને,

મુખત્યાર છે.

કોઈપણ કંપનીના સભાસદોનું રજિસ્ટર તપાસવાનો અધિકાર.

૩૯. ઈન્કમટેકસ ઓફિસરને અથવા આસિસ્ટન્ટ કમિસનરને અથવા ઈન્કમટેકસ ઓફિસરે અથવા આસિસ્ટન્ટ કમિશનરે આ આર્થે લેખી અધિકાર આપેલા કોઇપણ શખસને, કોઈપણ કંપનીના સભાસદોનું, ડિબેન્ચરો ધારણ કરનારાઓનું અથવા ગીરો રાખનારાઓનું રજિસ્ટર તપાસવાનો, તથા જરૂર હોય તો, રજિસ્ટરની અથવા એવા રજિસ્ટરમાંની કોઇ નોંધની, નકલો લેવાને અથવા લેવડાવવાનો અધિકાર છે.

બાબ ૫ મો.

વિશેષ બાબતોમાં કરની પાત્રતા.

વાલીઓ, ટ્રસ્ટીઓ તથા મુખત્યારો.

૪૦. જે કોઇપણ શખસ સગીર હોય, ગાંડો હોય અથવા બેવકુફ હોય અથવા બ્રિટિશ હિન્દુસ્તાનની બહાર રહેતો હોય (આ સઘળા શખસોને આ કલમમાં હવે પછી હિતાધિકારી એ સંજ્ઞામાં સમાવેશ કરેલો છે) તે શખસના જે કોઈપણ વાલી, ટ્રસ્ટી અથવા મુખત્યારને એવા હિતાધિકારીના વતી, આ આકટ મુજબ કર આકારવાજોગ કાંઇપણ આવક, નફો અથવા કમાઇ મળતી હોય તે વાલી, ટ્રસ્ટી અથવા મુખત્યારની બાબતમાં, એવો કોઇપણ હિતાધિકારી પુખ્ત ઉમરનો હોત, સાવધ મનનો હોત અથવા બ્રિટિશ હિંદુસ્તાનમાં રહેતો હોત અને ને એવી આવક, નફો અથવા કમાઇ તેને સીધી મળતી હોત, તો તેના ઉપર જેવી રીતે અને જેટલી રકમનો કર આકારવામાં આવતે તથા તેની

પાસેથી વસુલ કરવામાં આવતે, તેવીજ રીતે અને તેટલોજ કર, પ્રસંગ પ્રમાણે સદરહુ વાલી, ટ્રસ્ટી અથવા મુખત્યારના ઉપર આકારવામાં આવશે તથા તેની પાસેથી વસુલ કરવામાં આવશે અને આ આકટના સઘળા ઠરાવો તે મુજબ લાગુ પડશે.

કોર્ટ્સ ઓફ વોર્ડ્ઝ વગેરે.

૪૧. કોર્ટ્સ ઓફ વોર્ડ્ઝ, એડમિનિસ્ટ્રેટર્સ જનરલ ઓફિશિયલ ટ્રસ્ટીઓ અથવા કોર્ટથી અથવા કોર્ટની કોઇ-પણ હુકમથી નીમાયલા કોઇપણ રીસીવર અથવા મેનેજર (બીજાની વતી મિલકતનો ખરેખરો વહિવટ કરનાર કોઇપણ શખસ, પછી તેને ગમે તે નામ આપ્યું હોય છતાં તે સુદ્ધાં) તે, આ આકટ મુજબ કર આકારવાજોગ જે આવક, નફો અથવા કમાઈ મળતી હોય તેની બાબતમાં, જે શખસની વતી એવી આવક, નફો અથવા કમાઇ મળતી હોય તે શખસના ઉપર, જેવી રીતે અને જેટલી રકમનો કર આકારવામાં આવતે, અને તેની પાસેથી વસુલ કરવામાં આવતે, તેવીજ રીતે અને તેટલી રકમનો કર, સદરહુ કોર્ટ ઓફ વોર્ડ્ઝ, એડમિનિસ્ટ્રેટર જનરલ, ઓફિશિયલ ટ્રસ્ટી, રીસીવર અથવા મેનેજરના ઉપર આકારવામાં આવશે તથા તેની પાસેથી વસુલ કરવામાં આવશે અને આ આકટના સઘળા ઠરાવો તે મુજબ લાગુ પડશે.

(બ્રિટિશ હિંદુસ્તાનમાં) નહિ રહેનારા.

૪૨. (૧) બ્રિટિશ હિન્દુસ્તાનની બહાર રહેનારા કોઇપણ શખસની બાબતમાં, બ્રિટિશ હિન્દુસ્તાનમાં કોઇપણ ધંધા રોજગારને અથવા મિલકતને લગતા કાંઇપણ સંબંધને લીધે અથવા સંબંધ ઉપરથી, પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે તેને મળતો સઘળો નફો અથવા થતી સઘળી કમાઇને, બ્રિટિશ હિન્દુસ્તાનમાં મળતી અથવા થતી આવક ગણવામાં આવશે અને એવા કોઇપણ શખસના મુખત્યારના નામથી, તે ઉપર આવકનો કર આકારવામાં આવશે, અને એવા મુખત્યારને, આ આકટનાં સઘળાં કારણ સારૂ, એવા આવક ઉપરના કરના સંબંધમાં, કરને પાત્ર હોય તે શખસ ગણવામાં આવશે;

પણ એવું ઠરાવ્યું છે કે બ્રિટિશ હિન્દુસ્તાનમાં નહિ રહેનારા સદરહુ શખસની બ્રિટિશ હિન્દુસ્તાનમાં આવેલી અથવા કોઇપણ વખતે આવે તે

મિલકતમાંથી પણ, આ આકટના ઠરાવો મુજબ, કરની ચઢેલી કોઈપણ બાકીની રકમ વસુલ કરવાનો અધિકાર છે.

(૨) જ્યારે બ્રિટિશ હિન્દુસ્તાનમાં રહેતો નહિ હોય, તથા બ્રિટિશ રૈયત અથવા મલિક મુઆઝમના મુલકમાં સ્થપાયલી પેઢી અથવા કંપની અથવા તેની શાખા ન હોય, એવો શખસ, બ્રિટિશ હિન્દુસ્તાનમાં રહેતા શખસ સાથે ધંધો રોજગાર ચલાવતો હોય, અને પ્રસંગ પ્રમાણે, ઈન્કમટેક્સ ઓફિસર અથવા આસિસ્ટંટ કમિશનરને એમ માલમ પડે કે (બ્રિટિશ હિન્દુસ્તાનમાં) રહેનારા અને (બ્રિટિશ હિન્દુસ્તાનમાં) નહિ રહેનાર શખસો વચ્ચે ગાઢા સંબંધને લીધે તથા (બ્રિટિશ હિન્દુસ્તાનમાં) ન રહેનારાનો (બ્રિટિશ હિન્દુસ્તાનમાં) રહેનારા ઉપર મજબુત અંકુશ રહતો હોવાને લીધે, તે બેઉ શખસો વચ્ચે ધંધા રોજગારની એવી રીતની ગોઠવણ કરવામાં આવી છે કે જેથી (બ્રિટિશ હિન્દુસ્તાનમાં) રહેનારાએ (બ્રિટિશ હિન્દુસ્તાનમાં) નહિ રહેનારા સાથેના પોતાના સંબંધને લીધે કરેલા ધંધા રોજગારમાં (બ્રિટિશ હિન્દુસ્તાનમાં) રહેનારને કાંઇપણ નફો મળતો નથી, અથવા તે ધંધા રોજગારમાં સાધારણ રીતે જે નફાની આશા રાખવામાં આવતી હોય તેના કરતાં ઓછો નફો મળે છે તો, તેમાંથી મળતા નફા ઉપર અથવા તો તેમાંથી વ્યાજબી રીતે જે નફો મળવાનું ગણવામાં આવે તે નફા ઉપર, (બ્રિટિશ હિન્દુસ્તાનમાં) રહેનારા શખસના નામથી કર આકારવામાં આવશે અને તે શખસને, આ આકટના સઘળાં કારણો સારૂ, એવા આવક ઉપરના કરના સંબંધમાં કરને પાત્ર હોય તે શખસ ગણવામાં આવશે.

મુખત્યારમાં તેવી રીતે ગણેલા શખસોનો સમાવેશ થાય છે.

૪૩. બ્રિટિશ હિન્દુસ્તાનની બહાર રહેનાર કોઈપણ શખસે અથવા તે શખસના વતી, નોકરીએ રાખેલા અથવા એવા શખસની સાથે ધંધા રોજગારનો સંબંધ ધરાવનારા અથવા એવા શખસની આવક, નફો અથવા કમાઈ જેને મળતી હોય એવા જે કોઇપણ શખસ ઉપર, ઈન્કમટેક્સ ઓફિસરે (બ્રિટિશ હિન્દુસ્તાનમાં) નહિ રહેનાર શખસના મુખત્યાર તરીકે ગણવાના પોતાના ઈરાદાની નોટીસ બજાવી હોય તે શખસને, આ આકટનાં કારણો સારૂ, એવી તરેહનો મુખત્યાર ગણવામાં આવશે.

પણ એવું ઠરાવ્યું છે કે, કોઇપણ માણસને, પોતાની કર ભરવાની પાત્રતા વિષે ઇન્કમટેકસ ઓફિસર આગળ કહેવાની તેને તક મળ્યા શિવાય (બ્રિટિશ હિંદુસ્તાનમાં) નહિ રહેનારાનો મુખત્યાર ગણવામાં આવશે નહિ.

બંધ પાડેલી પેઢી અથવા ભાગીદારીની બાબતમાં જવાબદારી.

૪૪. જ્યારે કોઇપણ ધંધો રોજગાર, પેશો અથવા ઉદ્યમ કે જે એકાદી પેઢી ચલાવતી હોય તે બંધ પાડવામાં આવે ત્યારે, એવી પેઢીને એવી રીતે બંધ પાડવામાં આવે ત્યારે જે શખસ તે પેઢીનો સભાસદ હોય તે દરેક શખસ, સદરહુ પેઢીની આવક, નફા તથા કમાઇની બાબતમાં, તે પેઢીએ આપવાના કરની રકમ માટે એકત્ર અને જુદા જુદા જવાબદાર છે એમ સમજવું.

બાબ ૬ ઠો.

દંડ તથા કર વસુલ કરવા બાબત.

કર ક્યારે આપવાનો તે.

૪૫. ૨૯ મી કલમ મુજબની માગણીની નોટિસમાં અથવા ૩૧ મી અથવા ૩૨ મી અથવા ૩૩ મી કલમ મુજબના હુકમમાં આપવાની તરીકે નિર્દિષ્ટ કરેલી કોઇપણ રકમ, સદરહુ નોટીસ અથવા હુકમમાં જે વખત, જે જગ્યા તથા જે શખસ જણાવ્યાં હોય તે વખતની અંદર, તે જગ્યાએ તથા તે શખસને ભરવી જોઇએ; અથવા એવી રીતે કાંઇપણ વખત જણાવ્યો નહિ હોય તો, તે નોટિસ અથવા હુકમની બજાવણીની તારીખ પછીના બીજા મહિનાને પહેલે દિવસે અથવા તે પહેલાં ભરવી જોઇએ; અને કોઇપણ કરને પાત્ર હોય તે શખસ એવી રીતે ભરવાનું ચુકે તો, તેને તકસીરવાન ગણવામાં આવશે; પણ એવું ઠરાવ્યું છે કે, કોઈ કરને પાત્ર હોય તે શખસે ૩૦ મી કલમ મુજબ અપીલ કરી હોય ત્યારે, જ્યાં સુધી એવી અપીલનો નિકાલ થાય નહિ ત્યાં સુધી, ઇન્કમટેકસ ઓફિસર પોતાને વાજબી લાગે તો, તે તકસીરવાન નથી એમ ગણવાને મુખત્યાર છે.

૪૬. (૧) આવક ઉપરનો કર ભરવામાં, કરને પાત્ર હોય તે શખસ કસુર કરે ત્યારે, ઇન્કમટેક્સ ઓફિસર, પોતાને બ્યાજબી લાગે તો, બાકીની રકમ ઉપરાંત, તે રકમ કરતાં વધારે નહીં હોય એવી રકમ કરને પાત્ર હોય તે શખસ પાસેથી દંડ તરીકે વસુલ કરવી એમ ફરમાવવા મુખત્યાર છે.

વસુલ કરવાની રીત અને વખત.

(૨) ઇન્કમટેક્સ ઓફિસર કરને પાત્ર હોય તે શખસ પાસેથી લેવાની બાકીની રકમ દર્શાવેલી હોય એવો પોતાની સહીવાળો દાખલો કલેક્ટરને મોકલી આપવા મુખત્યાર છે અને સદરહુ દાખલો મળ્યા પછી, કલેક્ટરે, તેમાં દર્શાવેલી રકમ, જાણે જમીન મહેસુલની બાકી હોય તેમ, સદરહુ કરને પાત્ર હોય તે શખસ પાસેથી વસુલ કરવી.

(૩) પ્રાંતનાં કોઈપણ ભાગમાં જે કોઈ કાયદો વિદ્યમાનકાળે અમલમાં હોય તે કાયદાની રૂયે નાંખેલા કોઈ મ્યુનિસિપલ કરની અથવા સ્થાનિક કરની બાકીની રકમ વસુલ કરવાને જે કોઇ રીત અમલમાં લાવી શકાય તે રીતથી, જે કોઇપણ પ્રદેશના સંબંધમાં કાંઇપણ બાકી વસુલ કરવી એમ કમિશનરે ફરમાવ્યું હોય તે પ્રદેશમાં, સદરહુ લ્હેણી રકમ, સદરહુ રીતથી વસુલ કરવાને ઇન્કમટેક્સ ઓફિસર મુખત્યાર છે.

(૪) મ્યુનિસિપલ કર અથવા સ્થાનિક કર વસુલ કરવા માટેની કોઇપણ રીત અમલમાં આણવા સારૂ ઉપર જણાવેલા એવા કોઈપણ આકટની રૂયે જે અધિકાર ચલાવવા પડે અથવા જે ફરજો બજાવવી પડે તેજ અધિકાર અને તેજ ફરજો. જ્યારે તેજ રીત, (૩) જી પેટા-કલમની રૂયે વાપરવામાં આવે ત્યારે, કયા અધિકારીએ ચલાવવા અથવા બજાવવી તે ફરમાવવાનો કમિશનરને અખત્યાર છે.

(૫) "પગાર" ના સદર હેઠળ આકારવાજોગ કાંઇપણ આવકની રકમ કોઈપણ કરને પાત્ર હોય તે શખસને મળતી હોય તો, ઇન્કમટેક્સ ઓફિસર સદરહુ કરને પાત્ર હોય તે શખસ પાસેથી લેવાની કોઇપણ બાકીની રકમ, તે ભરવાની માગણી કર્યાની તારીખ પછી જે કાંઈ રકમ તેને આપવાની હોય તેમાંથી બાદ કરી, તે રકમ આપનાર કોઇપણ શખસને, ભરવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને સદરહુ શખસે એવી

કોઇપણ માગણી પ્રમાણે ચાલવું જોઇએ, અને એવી રીતે કાપી લીધેલી રકમ હિંદુસ્તાન સરકારને ખાતામાં અથવા બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યું ફરમાવે તેવી રીતે ભરવી જોઇએ.

(૬) કોઈ નિર્દિષ્ટ કરેલા પ્રદેશની બાબતમાં, કોઇ મ્યુનિસિપલ કર અથવા સ્થાનિક કર, જે માણસ વસુલ કરતો હોય અને જે રીતે વસુલ કરવામાં આવતો હોય તેજ માણસે અને તેજ રીતે તે મ્યુનિસિપલ કર અથવા સ્થાનિક કરની સાથે અને તેની ઉપરાંત, આવક ઉપરનો કર વસુલ કરવો, એવું સ્થાનિક સરકાર ફરમાવવાને મુખત્યાર છે.

(૭) કલમ ૪૨ ની પેટા કલમ (૧) ના ઠરાવોની રૂએ હોય તે શિવાય, જે વર્ષમાં આ આકટ મુજબ કોઇપણ માગણી કરી હોય તે વર્ષના છેલ્લા દિવસથી એક વર્ષ પુરૂં થયા પછી, આ આકટની રૂએ આપવાની કોઇપણ રકમ વસુલ કરવા સારૂ કોઇપણ કામ ચાલાવવું નહીં.

દંડ વસુલ કરવા બાબત.

૪૭. કલમ ૨૫ ની પેટા-કલમ (૨) ના, કલમ ૨૮ ના, અથવા કલમ ૪૬ ની પેટા-કલમ (૧) ના ઠરાવોની રૂયે દંડ તરીકે નાખેલી કોઇપણ રકમ, કરની બાકી વસુલ કરવા માટે આ બાબતમા ઠરાવેલી રીત પ્રમાંણે, વસુલ કરવી.

બાબ ૭ મો.

રીફંડ (કરની રકમ પાછી આપવા બાબત).

કરની રકમ પાછી આપવા બાબત.

૪૮. (૧) કોઇપણ કંપનીમાં જે કોઈ શેર ધારણ કરનારને તે કંપની તરફથી કાંઇ ડિવિડન્ડ મળ્યું હોય તે શેર ધારણ કરનાર, ઇન્કમટેક્સ ઓફિસરની એવી ખાતરી કરી આપે કે સદરહુ ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું ત્યારે કંપનીના નફા અથવા કમાઇને લાગુ પડતો આવક ઉપરના કરનો દર સદરહુ ડિવિડન્ડ જાહેર કર્યું હોય તે વર્ષની તેની કુલ આવકને લાગુ પડે એવા દર કરતાં વધારે છે તો, કલમ ૨૦ ના

ઠરાવો મુજબ તેને મળેલું સર્ટિફિકેટ રજુ કરેથી તેને, સદરહુ ડિવિડન્ડની રકમ ઉપર (સદરહુ સર્ટિફિકેટમાં નિર્દિષ્ટ કરેલા કરની રકમ સુદ્ધાં) તે દરો વચ્ચેના તફાવત પ્રમાણે ગણેલી રકમ પાછી મળવાનો હક છે.

(૨) જો કોઇપણ નોંધાયલી પેઢીનો સભાસદ ઇન્કમટેકસ ઓફિસરની એવી ખાતરી કરી આપે કે પાછલા વર્ષની તેની કુલ આવકને લાગુ પડતો આવક ઉપરના કરનો દર, સદરહુ પેઢીના તે વર્ષના નફા અથવા કમાઈ ઉપર આકારવામાં આવેલા દર કરતા ઓછો હતો તો, તે નફાના પોતાના ભાગ ઉપર તે દરો વચ્ચેના તફાવત પ્રમાણે ગણેલી રકમ પાછી મળવાનો તેને હક છે.

(૩) જે કોઈ સિકયુરિટીના વ્યાજમાંથી, અથવા કોઇપણ શખસના પગારમાંથી ૧૮ મી કલમના ઠરાવો મુજબ આવકપરનો કર કાપી લેવામાં આવ્યો હોય તે સિકયુરિટીનો માલિક અથવા તે શખસ ઇન્કમટેકસ ઓફિસરની એવી ખાતરી કરી આપે કે પાછલા વર્ષની તેની કુલ આવકને લાગુ પડતો આવકપરના કરનો દર તે વર્ષે એવી રીતે કર કાપી લેતાં, આવક ઉપરનો કર જે દરે આકારવામાં આવ્યો હોય તે દર કરતાં, ઓછો હતો તો, વ્યાજની રકમ ઉપર અથવા જે પગારની રકમમાંથી કર કાપી લેવામાં આવ્યો હોય તે પગારની રકમ ઉપર તે દરો વચ્ચેના તફાવત પ્રમાણે ગણેલી રકમ પાછી મળવાનો તેને હક છે.

યુનાઈટેડ કિંગ્ડમ (સયુક્તરાજ્ય) ના આવકપરના કરના સંબંધમાં માફી.

૪૯. (૧) જે કોઇપણ શખસે પોતાની આવકના કોઈપણ ભાગપર કોઈપણ વર્ષ માટે હિંદુસ્તાનનો આવકપરનો કર આપ્યો હોય તે શખસ, ઇન્કમટેકસ ઓફિસરની ખાતરી થાય તેમ, સાબિત કરી આપે કે તેણે પોતાની આવકના તેજ ભાગના સંબંધમાં, તેજ વર્ષ માટે યુનાઇટેડ કિંગ્ડમનો આવકપરનો કર ભર્યો છે, તથા સને ૧૯૨૦ ના ફિનાન્સ બાબતના આકટની કલમ ૨૭ ના ઠારાવો મુજબના જે દર પ્રમાણે તેને માફી મળવાનો હક હતો તથા મળી છે તે દર, પોતાની આવકના તે ભાગના સંબંધમાં આકારવામાં આવેલા હિંદુસ્તાનના દર કરતાં ઓછો છે તો, પોતાની આવકનો તે ભાગ ઉપર, હિંદુસ્તાનના કરના દર તથા તે કલમ મુજબ તેને જે દરે

માફી મળવાનો હક હતો તથા મળી હતી તે દર વચ્ચેના તફાવતના જેટલા દર પ્રમાણે ગણેલી રકમ પાછી મળવાનો તેને હક છે.

પણ એવું ઠરાવ્યું છે કે જે દરે રકમ પાછી આપવામાં આવે તે દર, હિંદુસ્તાનના કરના દરના અડધા કરતાં વધારે હોવો જોઇએ નહીં.

(૨) પેટા-કલમ (૧) માં—

(અ) "હિંદુસ્તાનનો આવકપરનો કર" એ સંજ્ઞાનો અર્થ, આ આકટના ઠરાવો મુજબ આકારવામાં આવેલો આવકપરનો કર તથા સુપરટેક્ષ, એવો થાય છે.

(બ) "હિંદુસ્તાનનો કરનો દર" એ સંજ્ઞાનો અર્થ હિંદુસ્તાનના આવકપરના કરની રકમને જે આવકપર કર આકારવામાં આવ્યો હોય તે આવકથી ભાંગતા જે રકમ આવે તે રકમ, એવો થાય છે.

(ક) "યુનાઇટેડ કિંગ્ડમનો આવકપરનો કર" એ સંજ્ઞાનો અર્થ, આવકપરના કર બાબતના આકટોના ઠરાવો મુજબ આકારવામાં આવેલ આવકપરનો કર તથા સુપરટેક્ષ, એમ થાય છે.

કરની રકમ પાછી મળવા માટેના દાવાની મુદતની હદ.

૫૦. આ બાબ મુજબ આવકપરના કરની કોઇપણ રકમ પાછી મળવા માટેનો દાવો, જે વર્ષમાં કર વસુલ કરવામાં આવ્યો હોય તે વર્ષના છેલ્લા દિવસથી એક વર્ષની અંદર કરવામાં આવે નહિ તો, તે ચાલશે નહિ.

બાબ ૮ મો.

ગુન્હા અને શિક્ષા.

કર આપવામાં અથવા પત્રકો અથવા લેખી હકીકતો મોકલવામાં અથવા તપાસ કરવા દેવામાં કસુર કરવા બાબત.

૫૧. જો કોઇ શખ્સ વ્યાજબી કારણ અથવા સબબ વગર—

(અ) કલમ ૧૮ અથવા કલમ ૪૬ ની પેટા-કલમ (૫) માં ફરમાવ્યા મુજબ કોઈ કર કાપી લેવાને તથા ભરવાને,

(બ) કલમ ૧૮ ની પેટા-કલમ (૯) મુજબ અથવા કલમ ૨૦ મુજબ રજુ કરવાનો દાખલો રજુ કરવાને,

(ક) ૨૧ મી, ૨૨ મી અથવા ૩૮ મી કલમમાં જણાવેલાં પત્રકોમાંનું કોઇપણ પત્રક વખતસર પુરૂં પાડવાને,

(ડ) ૨૨ મી કલમની પેટા-કલમ (૪) ની રૂયે કાઢેલી કોઇપણ નોટિસમાં જણાવેલી તારીખે અથવા તે પહેલાં, સદરહુ નોટિસમાં જણાવેલા હિસાબો તથા દસ્તાવેજો રજુ કરવાને અથવા રજુ કરાવવાને,

(ઈ) ૩૯ મી કલમના ઠરાવોની રૂયે તપાસ કરવા અથવા નકલો લેવા દેવાને,

કસુર કરે તો, માજિસ્ટ્રેટ આગળ તેનાપર ગુન્હાની સાબેતીનો ઠરાવ થયેથી, જેટલા દિવસ સુધી કસુર જારી રહે તે દરેક દિવસને માટે તેને ૧૦ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

એકરારમાં જણાવેલી ખોટી હકીકત.

૫૨. કલમ ૨૨ અથવા કલમ ૩૦ ની પેટા-કલમ (૩) અથવા કલમ ૩૨ ની પેટા-કલમ (૨) માં જણાવેલા પત્રક તથા અરજી ખરાં હોવા બાબતના એકરારમાં જો કોઇપણ શખસ, જે હકીકત ખોટી હોય તે, અને જે હકીકત ખોટી છે એવું તે જાણતો હોય અથવા માનતો હોય, અથવા જે હકીકત સાચી છે એવું તે માનતો નહિ હોય, તે જણાવશે તો, તેણે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૭ મી કલમમાં જણાવેલો ગુન્હો કરેલો ગણવામાં આવશે.

આસિસ્ટન્ટ કમિશનરના કહેવાથી કામ ચલાવવા બાબત.

૫૩. (૧) ૫૧ મી અથવા ૫૨ મી કલમ મુજબના ગુન્હા માટે કોઇપણ શખસ ઉપર, આસિસ્ટંટ કમિશનરના કહ્યા શિવાય, કામ ચલાવવું નહિ.

(૨) આસિસ્ટન્ટ કમિશનર કોઇપણ કામ ચાલતું મોકુફ રાખવાને અથવા કોઇપણ ગુન્હાના સંબંધમાં પતાવટ કરવાને મુખત્યાર છે.

૫૪. (૧) આ આકટના ઠરાવોની રૂએ તૈયાર કરેલી કોઈપણ કેફિયતમાં, અથવા પુરા પાડેલા પત્રકમાં અથવા રજુ કરેલા હિસાબોમાં અથવા દસ્તાવેજોમાં અથવા આ બાબ મુજબના કામો શિવાયતું આ આકટ મુજબનું બીજું કોઈપણ કામ ચાલતું હોય તે દરમિઆન આપેલા કોઈપણ પુરાવામાં અથવા કરેલા (એકરારમાં) એફિડેવિટમાં અથવા આપેલી જુબાનીમા, અથવા આ આકટના કારણ સારૂ તૈયાર કરેલા કર આપવા બાબતના અથવા માગણી વસુલ કરવાને લગતા કોઇપણ કામના કોઈપણ કાગળપત્રમાં જણાવેલી સઘળી હકીકતો ખાનગી તરીકે ગણવી અને સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના કાયદામાં કાંઇપણ લખ્યું હોય તેમ છતાં, કોઈપણ કોર્ટને, આ આકટમાં ઠરાવ્યું હોય તે શિવાય, એવાં કોઈપણ પત્રક, હિસાબ, કાગળપત્ર, અથવા નોંધ અથવા એવા કોઇપણ કાગળપત્રનો કોઈપણ ભાગ કોઇપણ સરકારી નોકરને રજુ કરવાનુ અથવા તેના સંબંધમાં તેની આગળ પુરાવો આપવાનું ફરમાવવાનો હક નથી.

સરકારી નોકરે કોઈ માહિતી ફોડવા બાબત.

(૨) જો કોઇ સરકારી નોકર એવી કોઇપણ કેફિયતમાં, પત્રકમાં, હિસાબમાં, દસ્તાવેજોમાં, પુરાવામાં, એફિડેવિટમાં, જુબાનીમાં અથવા કાગળપત્રમાં જણાવેલી કોઇપણ હકીકત ફોડશે તો, તેને વત્તામાં વત્તા ૭ મહિના સુથીની કેદની શિક્ષા થશે તથાં તે દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

પણ એવું ઠરાવ્યું છે કે આ કલમમાંનો કોઈપણ મજકુર,—

(અ) એવી કોઇપણ કેફિયત, પત્રક, હિસાબ, દસ્તાવેજો, પુરાવા, એફિડેવિટ અથવા જુબાનીના સંબંધમાં, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ મુજબ કામ ચલાવવાના કારણ સારૂ અથવા આ આકટ મુજબ કામ ચલાવવાના કારણ સારૂ એવી કોઈપણ હકીકત ફોડવાના કૃત્યને, અથવા

(બ) આ આકટનો અમલ કરવાનું કામ કરતો હોય એવા કોઈપણ શખસને આ આકટના કારણ સારૂ, એવી હકીકતો ફોડવાનું જરૂરનું હોય તે પ્રસંગે, તેવા શખસને તેવી કોઇપણ હકીકત ફોડવાના કૃત્યને, અથવા

(ક) આ આકટ મુજબ કોઈપણ નોટિસની બજાવણી માટેની અથવા કોઈપણ માગણી વસુલ કરવા માટેની કોઇપણ પ્રોસેસનો કાયદેસર રીતે ઉપયોગ કરવાથી ફોડવાની જરૂર પડેલી હકીકત ફોડવાના કૃત્યને, અથવા

(ડ) સને ૧૯૨૦ ના ફિનાન્સ આકટની કલમ ૨૭ મુજબ માફી આપવાનું શકય થઇ પડવા સારૂ અથવા આ આકટની કલમ ૪૯ મુજબ પાછી આપવાની રકમ પાછી આપવાનું શકય થઈ પડવા સારૂં જરૂર હોય તેટલી, યુનાઇટેડ કિંગ્ડમના અધિકાર આપેલા અમલદારને એવી બાબતો ફોડવાના કૃત્યને,

લાગુ પડશે નહીં.

વધુ એવું ઠરાવ્યું છે કે કમિશનરની અગાઉથી મંજુરી લીધા વગર, આ આકટ મુજબ કોઈપણ કામ ચલાવવું નહીં.

બાબ ૯ મો.

સુપરટેકસ.

સુપરટેકસ નાંખવા બાબત.

૫૫. કોઈપણ વર્ષ માટે આકારેલા આવક ઉપરના કર ઉપરાંત કોઈપણ શખ્સની, બિનનોંધાયલી પેઢીની, અવિભક્ત હિંદુ કુટુંબની અથવા કંપનીની પાછલા વર્ષની કુલ આવકના સંબંધમાં હિંદુસ્તાનના ધારામંડળના આકટની રૂએ તે વર્ષ માટે ઠરાવેલા દર અથવા દરો પ્રમાણે આવકપરના કરની વધારાની ડયુટિ (આને આ આકટમાં સુપરટેકસ કહેલ છે) આકારવી લેવી અને ભરવી જોઇએ.

પણ એવું ઠરાવ્યું છે કે જયારે એકાદી બિન-નોંધાયલી પેઢીના નફા અથવા કમાઈ ઉપર સુપરટેકસ આકારવામાં આવ્યો હોય ત્યારે, સદરહુ પેઢીમાં ભાગ હોય એવો શખ્સ એવા નફા અથવા કમાઈની, પોતાના ભાગના પ્રમાણની રકમની બાબતમાં, સુપરટેકસ આપવાને પાત્ર થશે નહીં એમ સમજવું.

૫૬. આ બાબના ઠરાવોને પાત્ર, સુપરટેકસના કારણો સારૂ, કોઇપણ શખસની, બિન નોંધાયલી પેઢીની અવિભક્ત હિંદુ કુટુંબની અથવા કંપનીની કુલ આવક, આવકપરના કરના કારણો સારૂ આકારવામાં આવેલી કુલ આવક છે; અને કોઇપણ વર્ષ માટેના આવકપરના કરના કારણો સારૂ કુલ આવકની આકારણી છેવટની તથા નિશ્ચિત થઈ હોય તેવે પ્રસંગે, તેજ વર્ષ માટેના સુપરટેકસના કારણો સારૂ પણ સદરહુ આકારણી છેવટની તથા નિશ્ચિત છે એમ ગણવું

સુપરટેકસના કારણો સારૂ કુલ આવક.

૫૭. (૧) બ્રિટિશ હિંદુસ્તાનની બહાર રહેનાર જે કોઈપણ કરને પાત્ર હોય તે શખસ કોઈપણ નોંધાયલી પેઢીનો અથવા ભાગીદારીનો મેમ્બર (ભાગીદાર) હોય અને જેનો સદરહુ પેઢીમાંના અથવા ભાગીદારીમાંના નફાનો ભાગ સુપરટેકસને પાત્ર હોય તે શખસની બાબતમાં. એવી પેઢીના બાકીના ભાગીદારો જેઓ બ્રિટિશ હિંદુસ્તાનમાં રહેતા હોય તેઓ બ્રિટિશ હિંદુસ્તાનની બહાર રહેનારા સદરહુ ભાગીદાર પાસેથી એવા ભાગની બાબતમાં લેવાનો સુપરટેકસ આપવાને એકત્રિત રીતે તથા જુદા જુદા પાત્ર છે એમ સમજવું.

બ્રિટિશ હિંદુસ્તાનમાં નહીં રહેનારા ભાગીદારો તથા શેર ધારણ કરનારાઓ.

(૨) જે કોઈપણ કરને પાત્ર હોય તે શખસ કોઇપણ કંપનીમાંથી પોતાને મળવાના ડિવિડન્ડની રકમ ઉપર સુપરટેકસ આપવાને પાત્ર હોય તે શખસ, કંપનીના મુખ્ય અધિકારીની જાણ પ્રમાણે, બ્રિટિશ હિંદુસ્તાન બહાર રહેતો હોય તેવે પ્રસંગે, તે મુખ્ય અધિકારી, સદરહુ કંપનીમાંથી બ્રિટિશ હિંદુસ્તાનની બહાર રહેનારને મળેલા ડિવિડન્ડની બાબતમાં તેણે ભરવાનો સુપરટેકસ આપવાને પાત્ર છે અને એવા કરને પાત્ર હોય તે શખસને કંપનીએ આપવાની રકમમાંથી એવી સુપરટેકસની રકમ કાપી લેવાનો તેને અધિકાર છે એમ સમજવું.

(૩) બ્રિટિશ હિંદુસ્તાન બહાર રહેતા હોય એવા કોઈપણ કરને પાત્ર હોય તે શખસ વતી કોઈપણ શખસ આ કલમના ઠરાવો પ્રમાણે કર આપે તેવે પ્રસંગે, કલમો ૪૨ તથા ૪૩ ના ઠરાવો મુજબ, એવા

કોઈપણ બ્રિટિશ હિંદુસ્તાન બહાર રહેનાર કરને પાત્ર હોય તે શખસના મુખત્યારે આપવાની કરની રકમ ઠરાવતી વખતે તે મજરે આપવી.

સુપરટેકસને આ આકટ લાગુ પાડવા બાબત.

૫૮. (૧) કલમ ૩, કલમ ૭ની પેટા-કલમ (૧) નો વિશેષ ઠરાવ, કલમ ૮ના વિશેષ ઠરાવો, કલમ ૧૪ની પેટા-કલમ (૨), અને કલમો ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ તથા ૪૮ શિવાય આ આકટના સઘળા ઠરાવો, શકય હોય તેટલે સુધી, સુપરટેકસ નાંખવાના, આકારવાના, ઉઘરાવવાના તથા વસુલ કરવાના કામને લાગુ પડશે.

(૨) કલમ ૫૭માં ઠરાવ્યું હોય તે શિવાય, સુપરટેકસ કરને પાત્ર હોય તે શખસે જાતેજ આપવો જોઇએ.

બાબ ૧૦ મો.

પરચુરણ.

કાનુન કરવાનો અધિકાર.

૫૯. (૧) ગવર્નર જનરલ ઇન કાઉન્સિલના નિબંધને પાત્ર, બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુને, આ આકટના હેતુઓ પાર પાડવા સારૂં અને કોઇપણ જાતની આવક નક્કી કરી તે મુકરર કરવા સારૂ કાનુનો કરવાનો અધિકાર છે. એવી કાનુનો આખા બ્રિટિશ હિંદુસ્તાન માટે અથવા નિર્દિષ્ટ કરવામાં આવે એવા તેના કોઇપણ ભાગ માટે કરવાનો અધિકાર છે.

(૨) ઉપર જણાવેલા અધિકારના સામાન્યપણાને બાધ ન આવતાં, એવી કાનુનોમાં,

(અ) (૧) જે આવક અંશતઃ ખેતીવાડી દ્વારા અને અંશતઃ ધંધા રોજગાર દ્વારા થએલી આવકના સંબંધમાં,

(૨) વીમા કંપનીઓના સંબંધમાં,

(૩) બ્રિટિશ હિંદુસ્તાન બહાર રહેતા શખસોના સંબંધમાં, આવક, નફો તથા કમાઈ કેવી રીતે તથા કેવી પદ્ધતિથી નક્કી કરવાં તે ઠરાવવાનો,

(બ) કરની રકમ પાછી મળવા માટેની અરજીઓની બાબતમાં કઈ પદ્ધતિથી કામ કરવું તે ઠરાવવાને,

(ક) સને ૧૯૨૦ ના ફિનાન્સ આકટની કલમ ૨૭ મુજબ અથવા આ આકટની કલમ ૪૯ મુજબની યોગ્ય માફી આપી શકાય તેટલા સારૂ મલિક મુઆઝમની સરકાર સાથે જરૂરની ગોઠવણ માટે ઠરાવ કરવાનો,

(ડ) સને ૧૯૨૦ ના ફિનાન્સ આકટની કલમ ૨૭ ના કારણો સારૂ, કર આકારણીના વર્ષને કલમ ૪૯ મુજબના માફીના કારણ સારૂ કયું વર્ષ મળતું આવતું ગણવું તે વર્ષ ઠરાવવાનો,

(ઇ) આ આકટની રૂયે જે બાબત ઠરાવવાની હોય તેવી કોઇપણ બાબત ઠરાવ કરવાનો અધિકાર છે.

(૩) આ કલમની રૂયે કાનુનો કરવાનો અપેલો અધિકાર, તે પહેલવહેલી વખત ચલાવવામાં આવે તે શિવાય, પ્રથમ પ્રસિદ્ધ કરવાની શરતને પાત્ર છે એમ સમજવું.

(૪) આ કલમની રૂયે કરેલી કાનુનો, ઇંડિયા ગેઝેટમાં પ્રસિદ્ધ કરવી અને ત્યારબાદ, તે જાણે આ આકટમાં દાખલ કરવામાં આવી હોય તેમ તેમનો અમલ થશે,

માફી આપવા વીગેરેનો અધિકાર.

૬૦. ગવર્નર જનરલ ઇન કાઉન્સિલને, ઇંડિયા ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, કોઇપણ જાતની આવકના અથવા કોઇપણ વર્ગના શખસોની પુરેપુરી આવકના અથવા તેના કોઇપણ ભાગના સંબંધમાં માફી આપવાનો, તેના દરમાં ઘટાડો કરવાનો અથવા તેમાં બીજો ફેરફાર કરવાનો અધિકાર છે.

૬૧. આ આકટ મુજબના કોઈપણ કામના સંબંધમાં જે કરને પાત્ર હોય તે શખસને ઇન્કમટેક્સ ઓફિસર આગળ હાજર રહેવાનો હક હોય અથવા હાજર રહેવા ફરમાવ્યું હોય તે, જાતે અથવા આ અર્થે લખીને અધિકાર આપેલા કોઇપણ શખસ મારફત, હાજર થવાને મુખત્યાર છે.

અધિકાર આપેલા પ્રતિનિધીએ હાજર રહેવા બાબત.

૬૨. આ આકટની રૂયે કોઇપણ નાણાં આપ્યાં હોય અથવા વસુલ કરવામાં આવ્યાં હોય તેની પહોંચ આપવી.

પહોંચ આપવા બાબત.

૬૩. (૧) આ આકટ મુજબની કોઈપણ નોટીસ અથવા માંગણી, તેમાં જણાવેલા શખસ ઉપર પોષ્ટ દ્વારા અથવા સને ૧૯૦૮ ના દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબ કોર્ટે કાઢેલા સમન હોય તેવી રીતે બજાવવી.

નોટિસની બજાવણી.

(૨) એવી કોઈપણ નોટીસ અથવા માગણી, પેઢી અથવા અવિભકત હિંદુ કુટુંબની બાબતમાં તે પેઢીના કોઈપણ સભ્યને અથવા તે કુટુંબના મેનેજર અથવા કોઈપણ પુખ્ત ઉમરના પુરૂષને લખી મોકલવાનો અખત્યાર છે.

૬૪. (૧) કરને પાત્ર હોય તે શખસ, કોઇપણ જગાએ ધંધો ચલાવતો હોય તેવે પ્રસંગે, તે જગા જે પ્રદેશમાં આવી હોય ત્યાંના ઇન્કમટેકસ ઓફિસરે તેનાપર કર આકારવો જોઈએ અથવા એક કરતાં વધુ જગાએ ધંધો ચલાવવામાં આવતો હોય તેવે પ્રસંગે, તેના ધંધાની મુખ્ય જગા જે પ્રદેશમાં આવી હોય તે પ્રદેશના ઇન્કમટેકસ ઓફિસરે કર આકારવો જોઇએ.

કર આકારવાની જગા.

(૨) બીજા સઘળા પ્રસંગે, તેના કરને પાત્ર હોય તે શખસ પોતે જે પ્રદેશમાં રહેતો હોય ત્યાનાં ઇન્કમટેકસ ઓફિસરે તેનાપર કર આકારવો જોઇએ.

(૩) કર આકારવાની જગાની બાબતમાં આ કલમ મુજબ કોઈપણ સવાલ ઉભો થાય એવે પ્રસંગે, કમિશનરે, અથવા એક કરતાં વધારે

પ્રાંતોની જગાઓ વચ્ચે સવાલ ઉભો થાય તેવે પ્રસંગે, સંબંધ હોય એવા કમિશનરોએ, અથવા જો તેઓ એક મત નહીં થાય તો, બોર્ડ ઓફ ઇન્લેંડ રેવેન્યુએ, એ સવાલનો નિર્ણય કરવો.

પણ એવું ઠરાવ્યું છે કે એવા કોઇ સવાલનો નિર્ણય કરવામાં આવે તે પહેલાં, કરને પાત્ર હોય તે શખસને પોતાના વિચારો જણવવાની તક મળશે એમ સમજવું.

(૪) આ કલમમાં કાંઇપણ લખ્યું હોય તેમ છતાં, દરેક ઈન્કમ-ટેકસ ઓફિસરને, પોતે જે પ્રદેશ માટે નિમાયલો હોય તે પ્રદેશમાં થતી, ઉપ્તન્ન થતી અથવા મળેલી આવક, નફા અથવા કમાઇના સંબંધમાં, કોઇપણ ઈન્કમટેકસ ઓફિસરને આ આકટની રૂયે અથવા આ આકટ મુજબ મળેલા સઘળા અધિકાર છે.

જવાબદારીમાંથી મુક્ત.

૬૫. બીજા માણસની આવકના સંબંધમાં આ આકટની રૂયે કોઇપણ કર કાપી લેનાર, રાખનાર અથવા ભરનાર દરેક શખસ તે કાપી લેવા, રાખવા, અથવા ભરવા બદ્દલ જવાબદારી મુકત છે એમ સમજવું.

કમિશનરે મુકદમાની વિગત હાઈકોર્ટને મોકલવા બાબત.

૬૬. (૧) જો આ આકટ મુજબ કોઇપણ કરની આકારણી કરવામાં આવે તે વખ્તે અથવા તેના સંબંધમાં, ૮ માં બાબ મુજબના ચલાવેલા કામ શિવાયના, બીજા કોઇપણ ચલાવેલા કામમાં, કાયદાને લગતો કોઇપણ પ્રશ્ન ઉભો થાય તો, કમિશનરે પોતાની મેળે અથવા પોતાના તાબા હેઠળના ઈન્કમટેકસ અધિકારીએ લખેથી, તે કામની વિગત તૈયાર કરવી અને પોતાના અભિપ્રાય સાથે તે હાઇ કોર્ટને મોકલવી.

(૨) કલમ ૩૧ અથવા ૩૨ મુજબના હુકમ પસાર થયાની એક મહિનાની અંદર, જે કરને પાત્ર હોય તે શખસના સંબંધમાં હુકમ પસાર કરવામાં આવ્યો હતો તે શખસ, સદરહુ હુકમમાંથી ઉભો થતો કાયદાનો કોઇપણ પ્રશ્ન હાઈ કેર્ટને મોકલવા સારૂ, એકસો રૂપીયાની અથવા ઠરાવવામા આવે તેટલી તેનાથી ઓછી ફી સાથે અરજી કરીને,

કમિશનરને માગણી કરવાને મુખત્યાર છે, તથા એવી અરજી મળ્યાની એક મહિનાની અંદર, કમિશનરે તે કામની વિગત તૈયાર કરવી અને તે, પોતાના અભિપ્રાય સાથે, હાઇ કોર્ટને મોકલવી.

પણ એવું ઠરાવ્યું છે કે કલમ ૩૩ મુજબના ફરી તપાસવાના પોતાના અધિકાર ચલાવીને, કમિશનર તે પ્રશ્નનો નિર્ણય કરે તો, કરને પાત્રે હોય તે શખ્સ પોતાની અરજી પાછી ખેંચી લેવાને મુખત્યાર છે, અને જો તે તેમ કરે તો, આપેલી ફી પાછી આપવી.

(૩) જો પેટા-કલમ (૨) મુજબ કોઈ અરજી કરવામાં આવેથી, કમિશનર, કાયદાને લગતો કોઇપિણ પ્રશ્ન ઉભો થતો નથી એવા સબબથી સદરહુ કામની વિગત તૈયાર કરવાની ના પાડે તો, કરને પાત્ર હોય તે શખ્સ હાઇ કોર્ટને અરજી કરવાને મુખત્યાર છે, અને હાઈ કોર્ટની કમિશનરનો નિર્ણય ખરો છે એવી ખાતરી થાય નહીં તો તે, કમિશનરને તે કામની વિગત તૈયાર કરી મોકલી આપવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને એવી કોઇપિણ માગણી થએથી, કમિશનરે તે મુજબ તે કામની વિગત તૈયાર કરીને મોકલી આપવી.

(૪) જો હાઇ કોર્ટની, એમ ખાતરી ન થાય કે આ કલમ મુજબ મોકલેલા કામની વિગતો તે કામ ઉપરથી ઉભા થયેલા સવાલનો નિર્ણય કરી શકાય તેટલી પુરતી છે તો, સદરહુ કોર્ટ, જે કમિશનરે તે કામ મોકલ્યું હોય તેને, તે બાબતમાં પોતે ફરામાવે તેવા વધારા અથવા ફેરફાર કરવા સારૂ, પાછું મોકલવાને મુખત્યાર છે.

(૫) હાઇ કોર્ટે, આવું કોઇપિણ કામ સાંભળ્યા પછી, તેમાં ઉભા થયલા કાયદાને લગતા સવાલોનો નિર્ણય કરવો, અને જે કારણોસર પોતે તે નિર્ણય આપે તે કારણો જણાવીને પોનાનો ફેસલો આપવો, અને કોર્ટની સીલ તથા રજિસ્ટ્રારની સહીવાળી સદરહુ ફેસલાની નકલ, જે કમિશનરે તે કામની વીગત આપી હોય તેને મોકલી આપવી અને કમિશનરે તે પ્રમાણે તે કામનો નિકાલ કરવો અથવા, જો પોતાના તાબાના કોઇપણ ઇન્કમટેકસ અધિકારીએ લખેથી તે કામ ઉભું થયું હોય તો, એવા ફેસલાની એક નકલ એવા અધિકારીને મોકલવી અને તેણે એવા ફેસલા મુજબ તે કામનો નિકાલ કરવો.

(૬) કરને પાત્ર હોય તે સખસની અરજી ઉપરથી હાઇ કોર્ટને લખાણ કરવામાં આવે તેવે પ્રસંગે, ખર્ચ કોણે આપવો તે કોર્ટની મુનસફી ઉપર રહેશે.

(૭) આ કલમ મુજબ હાઈ કોર્ટને લખાણ કરવામાં આવ્યું હોય તેમ છતાં, તે કામમાં કર આકારવામાં આવ્યો હોય તે પ્રમાણે આવકપરનો કર આપવો.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ લખાણને લીધે કર આકારેલી રકમ ઓછી થાય તો, વધારે આપેલી રકમ, કમિશનર મંજુર કરે તેટલા વ્યાજ સાથે પાછી આપવી.

દિવાની કોર્ટમાં દાવાઓ વિષે પ્રતિબંધ.

૬૭. આ આકટની રૂયે આકારેલો કોઈપણ કર રદ્દ કરાવવા અથવા તેમાં ફેરફાર કરાવવા સારૂ દિવાની કોર્ટમાં કોઈપણ દાવો લેવાશે નહીં, અને આ આકટની રૂયે શુદ્ધ બુદ્ધિથી કરેલા અથવા કરવા ઇરાદો રાખેલાં કોઇપણ કામ સારૂ, કોઈપણ સરકારી અમલદાર સામા કોઇપણ ફરિયાદ, દાવો અથવા બીજું કાંઈ કામ ચાલી શકશે નહીં.

રદ્દ કરવા બાબત.

૬૮. પરિશિષ્ટમાં જણાવેલા કાયદાઓ, તેના ચોથા આસનમાં નિર્દિષ્ટ કર્યા છે તેટલે સુધી, આ ઉપરથી રદ્દ કરવામાં આવ્યા છે:

પણ એવું ઠરાવ્યું છે કે આવી રીતે રદ્દ કર્યાથી, સદરહુ કોઇપણ કાયદાની રૂયે કોઈપણ શખ્સ તેની પાસે લ્હેણી થતી કોઈપણ રકમ આપવાની જોખમદારીમાંથી મુક્ત થશે નહીં અથવા રકમ પાછી મળવાના કોઈપણ વિદ્યમાન હકને તેથી બાધ આવશે નહીં.

વધુ એમ ઠરાવ્યું છે કે સને ૧૯૧૮ ના હિંદુસ્તાનના આવકપરના કર બાબતના આકટની કલમ ૧૯ ના ઠરાવો, શક્ય હોય ત્યાં સુધી, સને ૧૯૨૨ ના માર્ચ મહિનાની ૩૧ મી તારીખે પુરા થતા વર્ષમાં તે આકટ મુજબ કરેલી સઘળી આકારણીને લાગુ પડશે, અને સદરહુ આકટની કલમ ૧૯ મુજબ વધઘટ કરવામાં આવે એવા પ્રસંગે, આવક ઉપરના કરની આકારણી તથા વસુલાત માટેના કામકાજની રીતને લગતા આ આકટના ઠરાવો, સદરહુ વધઘટ આ આકટ મુજબ કરવામાં આવેલી આકારણી હોય તેમ લાગુ પડશે.

પરિશિષ્ટ.

રદ્દ કરેલા કાયદાઓ.

(જુઓ કલમ ૬૮.)

૧	૨	૩	૪
વર્ષ.	નંબર.	ટુંકું નામ.	કેટલો રદ્દ કર્યો તે.
૧૯૧૮	૭	સને ૧૯૧૮ નો હિંદુસ્તાનનો આવકપરના કર બાબતનો આકટ.	આખો.
૧૯૧૯	૪	સને ૧૯૧૯ નો હિંદુસ્તાનનો આવકપરના કર બાબતનો આકટ (સુધારવા બાબતનો) આકટ.	આખો.
,,	૧૮	સને ૧૯૧૯ નો કાયદા રદ્દ કરવા તથા સુધારવા બાબતનો આકટ.	સને ૧૯૧૮ ના હિંદુસ્તાનના આવકપરના કર બાબતના આકટને પહેલા પરિશિષ્ટનો જેટલો ભાગ લાગુ પડે છે તેટલો પહેલા પરિશિષ્ટનો ભાગ.
૧૯૨૦	૧૭	સને ૧૯૨૦ નો હિંદુસ્તાનનો આવકપરના કર બાબતનો આકટ (સુધારવા બાબતનો) આકટ.	આખો.
,,	૧૯	સને ૧૯૨૦ નો સુપરટેકસ આકટ.	આખો.
,,	૩૧	સને ૧૯૨૦નો કાયદા રદ્દ કરવા તથા સુધારવા બાબતનો આકટ.	સને ૧૯૨૦ ના સુપરટેકસ આકટને પહેલા પરિશિષ્ટનો જેટલો ભાગ લાગુ પડે છે તેટલો પહેલા પરિશિષ્ટનો ભાગ.
,,	૪૪	સને ૧૯૨૦ નો હિંદુસ્તાનનો આવકપરના કર બાબતનો આકટ (સુધારવા બાબતનો આકટ નંબર ૨ જો.)	આખો.

એચ. મોન્ક્રિફ સ્મિથ.
સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર.

(True translation.)
SHEIKH YAKUB VAZIR MOHAMED,
Oriental Translator to Government.